Saturday 17, May 2025
Page : 08 Rs. 3/-

આપનું અખબાર : આપનો અવાજ

# દમણગંગા ટાઈમ્સ

વલસાડ, નવસારી, ડાંગ જિલ્લા તથા સંઘપ્રદેશ દમણ, દા.ન.હ.નું વાપીથી પ્રસિધ્ધ થતું સૌ પ્રથમ સંપૂર્ણ સ્થાનિક દૈનિક

❖ RNI No. 72378/99 Email : damangangatimes@yahoo.co.in

❖ વર્ષ : ૨૮ ❖ અંક : ૦૯ ❖ તંત્રી : શ્રીમતી મંજુલાબેન ઉકાણી ❖ નિવાસી તંત્રીઃ વિકાસ ઉપાધ્યાય. ❖ વાપી કાર્યાલય : નેશનલ હાઈવે નં.૮, પો.બો. નં. ૩૨, વાપી - ૩૯૬ ૧૯૧. ❖ ટેલિ ફોન : ૯૮૨૫૧ ૨૨૫૦૫

## હવે દમણમાં પાંચ બાંગ્લાદેશી મહિલાઓની ધરપકડ કરાઈ

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**દમણ, તા.૧૬ :** ક્રાઈમ બ્રાન્ચે ૫ બાંગ્લાદેશી મહિલા નાગરિકોની ધરપકડ કરી પોલીસને ગુપ્ત માહિતી મળી હતી કે બાંગ્લાદેશી નાગરિકો દમણના દેવકા અને નાની દમણ વિસ્તારમાં રહેતા હોઈ શકે છે. આ માહિતી વરિષ્ઠ અધિકારીને આપ્યા બાદ, ક્રાઈમ બ્રાન્ચ પોલીસ સ્ટેશનની પોલીસ ટીમે દેવકા અને નાની દમણ વિસ્તારમાં તપાસ હાથ ધરી હતી, શોધખોળ દરમિયાન દેવકામાંથી ૦૨ મહિલા બાંગ્લાદેશી નાગરિકો અને નાની દમણમાંથી ૦૩ મહિલા બાંગ્લાદેશી નાગરિકો મળી આવ્યા હતા. જે લોકો ભારતીય નાગરિકતા સંબંધિત દસ્તાવેજો માંગવામાં આવ્યા ત્યારે રજૂ કરવામાં અસમર્થ હતા. તપાસ દરમિયાન, બધી મહિલાઓ બાંગ્લાદેશી નાગરિક હોવાના પુરાવા મળ્યા બાદ, પાંચેય મહિલા બાંગ્લાદેશી નાગરિકોને સંબંધિત પોલીસ સ્ટેશનને સોંપવામાં આવી હતી. વધુમાં, બાંગ્લાદેશી મહિલાઓને બાંગ્લાદેશ મોકલવાની -ક્રિયા શરૂ કરવામાં આવી છે.

અગાઉ, ક્રાઈમ બ્રાન્ચ દ્વારા એક બાંગ્લાદેશી મહિલાની ધરપકડ કરવામાં આવી હતી અને તેને દેશનિકાલની કાર્યવાહી માટે સ્થાનિક થાણા (પીએસ)ને સોંપવામાં આવી હતી.

ક્રાઈમ બ્રાન્ચ દ્વારા અત્યાર સુધીમાં કુલ ૬ બાંગ્લાદેશી નાગરિકોની ધરપકડ કરવામાં આવી છે.

## વલસાડમાં શહીદ સ્મારક પર બેનર-હોર્ડીંગ લગાડશો તો કાર્યવાહી



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વલસાડ, તા. ૧૬ :** વલસાડના આઝાદ ચોક પર આવેલા શહીદ સ્મારક પર બેનરો,બોર્ડ,હોર્ડીંગ કે અન્ય બેનરો નહિ લગાવવા માટે નગરપાલિકા દ્વારા જાહેરનામું બહાર પાડવામાં આવ્યું છે અને જો આ શહીદ સ્મારક પર બેનરો કે પોસ્ટર લગાવનારા હિસ્સોમો સામે કાયદેસરની કાર્યવાહી કરવામાં આવશે.

વલસાડ શહેરના આઝાદ ચોક પર આવેલા સહિત સ્મારક પર છેલ્લા કેટલાક વર્ષોથી બેનરો બોર્ડિંગ્સ કે અન્ય જાહેરાત કરતા બેનરો બાંધી દેવામાં આવતા હોય છે. જેને લઈ શહિદ સ્મારકની શોભા બગડતી હોય છે. જેને ધ્યાનમાં લઈ વલસાડ નગરપાલિકા ચીફ ઓફિસર દ્વારા જાહેર સૂચના આપવામાં આવી કે વલસાડ શહેરના આઝાદ ચોક વિસ્તારમાં આવેલ શહીદ સ્મારક ઉપર આજ પછી કોઈપણ વ્યકિત કે ઈસમો દ્વારા જાહેરાત તથા અન્ય કાર્યક્રમના વલસાડ શહે જો કોઈ ઈસમો દ્વારા આ કૃત્ય કરવામાં આવશે બોર્ડ/બેનર અહીં લગાડવા કે, બાંધવા નાર ઈસમ સામે કાયદેસરની કાર્યવાહી કરવામાં આવશે.

### 'ઓપરેશન સિંદૂર'ને સમર્પિત દેશપ્રેમનો જયઘોષ

## સેલવાસમાં માજી સૈનિકોની આગેવાનીમાં તિરંગા યાત્રા યોજાઈ

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**સેલવાસ, તા.૧૬ :** દેશભક્તિ અને સેનાનાં બલિદાનને સમર્પિત ભવ્ય તિરંગા યાત્રા સિલવાસામાં યોજાઈ હતી. આ સમગ્ર યાત્રાનું આયોજન અને નેતૃત્વ ભારતીય પૂર્વ સૈનિક કલ્યાણ મંચ, દ.ન.હ. અને દમણ-દીવ દ્વારા કરવામાં આવ્યું હતું. યાત્રામાં મોટી સંખ્યામાં નાગરિકો, યુવાઓ, વિદ્યાર્થીઓ અને સમાજના પ્રતિનિધિઓ જોડાયા હતા. યાત્રા દરમિયાન રાષ્ટ્રીય ધ્વજ લહેરાવતા લોકોએ દેશપ્રેમના નારા લગાવ્યા હતા. લોકોના હાથમાં ભારતીય સૈન્ય, નૌસેના અને વાયુસેનાને સમર્પિત પ્લેકાર્ડ અને બેનરો હતાં. યાત્રાનો મુખ્ય આકર્ષણ રહ્યો 'ઓપરેશન સિંદૂર' પર આધારિત બેનર, જેમાં લખ્યું હતું આ બદલો નહીં, ન્યાય હતો, જેના માધ્યમથી દેશપ્રેમની ભાવના ઉજાગર થઈ.

યાત્રાની આગેવાની ભારત માતાનું રૂપ ધારણ કરનાર નાની બાળકીએ કરી હતી, જેના હાથમાં તિરંગો જોઈને અનેક લોકો ભાવુક બન્યા હતા.

યાત્રામાં અનેક જાણીતા અને પ્રતિષ્ઠિત મહેમાનો પણ હાજર રહ્યા હતા. જેમાં ભૂતપૂર્વ સાંસદ નટુ પટેલ, ભાજપના પ્રમુખ દીપેશ ટંડેલ,



તેમજ પોલીસ વિભાગના પૂર્વ અધિકારીઓ કે.બી. મહાજન અને રમેશ ચૌહાણ ખાસ હાજરી આપી, અને યાત્રાનો ઉમંગ વધાર્યો.

યાત્રા દરમિયાન સમગ્ર શહેરમાં દેશભક્તિનો માહોલ છવાઈ ગયો હતો. માર્ગો પર તિરંગાની ઝાંખી જોઈ શકાય હતી અને નગરવાસીઓએ પણ દેશના જવાન પ્રત્યે ગૌરવ અને ઋણસ્વીકાર વ્યક્ત કર્યો હતો. યાત્રાનો સમાપન પૂર્વ સૈનિકોની સેવા અને બલિદાનને નમન સાથે કરવામાં આવ્યો હતો.

## વલસાડ જિલ્લો અને સંઘપ્રદેશના પેન્શનરોએ હવે જીવન પ્રમાણપત્ર ચકાસણી માટે બેંક કે ઓફિસ જવાની જરૂર રહેશે નહીં

### તા. ૩૧ જુલાઈ ૨૦૨૫ સુધી ઘર બેઠા આ સેવાનો લાભ લઈ શકશે, બાયોમેટ્રિક માન્યતા દ્વારા ડિજિટલ લાઈફ સર્ટિફિકેટ ઈસ્યુ કરાશે : આ પ્રમાણપત્ર તરત જ પેન્શનરના મોબાઈલ પર -ાપ્ત થશે તથા સંબંધિત પેન્શન કાર્યાલય ખાતે પહોંચશે

**વલસાડ, તા. ૧૬ :** રાજ્યના મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ અને નાણાં, ઊર્જા અને પેટ્રોકેમિકલ્સ મંત્રી કનુભાઈ દેસાઈના માર્ગદર્શન હેઠળ ગુજરાતના પેન્શનરોના હિતમાં એક મહત્વપૂર્ણ નિર્ણય લેવામાં આવ્યો છે. ખાસ કરીને વરિષ્ઠ પેન્શનરોને મુસાફરીમાં પડતી મુશ્કેલીઓને ધ્યાનમાં રાખીને રાજ્ય સરકારે જીવન ચકાસણી (જીવન પ્રમાણપત્ર)ની પ્રક્રિયાને સરળ બનાવી છે. આ માટે ડિજિટલ લાઈફ સર્ટિફિકેટ માટે ગુજરાત સરકાર અને ઈન્ડિયા પોસ્ટ પેમેન્ટ બેંક વચ્ચે સમજૂતી કરાર કરવામાં આવ્યો છે જે તા.૫ મે ૨૦૨૫થી અમલમાં મુકાયો છે.

રાજ્ય સરકાર હવે પેન્શનરોને તેમના ઘરે મફત જીવન પુષ્ટિ સેવા પૂરી પાડશે. આ સેવા પેન્શનરોને ઈન્ડિયા પોસ્ટ પેમેન્ટ બેંક દ્વારા ઉપલબ્ધ થશે. સામાન્ય રીતે પેન્શનરોને તેમના જીવન પ્રમાણપત્ર માટે સંબંધિત કચેરી કે બેંકમાં જવું પડતું હોય છે, જે પેન્શનરો માટે મુશ્કેલ બની રહે છે. આ સેવા હેઠળ પોસ્ટ વિભાગના પોસ્ટમેન તથા બ્રાંચ પોસ્ટ માસ્ટર ગુજરાત રાજ્ય સરકારના પેન્શનરોના ઘરે જઈને ડિજિટલ લાઈફ સર્ટિફિકેટ (DLC) અંગેની સેવા આપશે અને પેન્શનરનાં હયાત હોવાની પુષ્ટિ તેમના ઘરે જ સંપૂર્ણપણે મફતમાં કરવામાં આવશે. આ માટે પોસ્ટમેન તથા બ્રાંચ પોસ્ટ માસ્ટર પેન્શનર પાસેથી આધારકાર્ડ, પેન્શન પેમેન્ટ ઓર્ડર (ભ્ભ્બ) નંબર, બેંક વિગતો અને મોબાઈલ નંબર મેળવી બાયોમેટ્રિક માન્યતા દ્વારા ડિજિટલ લાઈફ સર્ટિફિકેટ ઈસ્યુ કરશે.

આ પ્રમાણપત્ર તરત જ પેન્શનરના મોબાઈલ પર પ્રાપ્ત થશે તથા સંબંધિત પેન્શન કાર્યાલય ખાતે પહોંચશે. આ ઉપરાંત પેન્શનર પોસ્ટ ઓફિસની પોસ્ટ ઈન્ફો એપ્લિકેશન દ્વારા પણ આ સેવા માટે વિનંતી મોકલી શકે છે અથવા પોતાના વિસ્તારમાં આવતા પોસ્ટ મેનનો સંપર્ક કરવાથી પણ આ સેવાનો લાભ ઘરબેઠા મળી જશે. કોઈપણ પેન્શનર (જેનું પેન્શન ગુજરાત સરકાર દ્વારા ચૂકવવામાં આવે છે) તે તા. ૩૧ જુલાઈ ૨૦૨૫ સુધી આ સેવાનો લાભ લઈ શકે છે. આ અંતર્ગત વલસાડ વિભાગના સિનિયર સુપ્રિન્ટેન્ડન્ટ ઓફ પોસ્ટ ઓફિસના માર્ગદર્શન હેઠળ આ સેવા વલસાડ વિભાગની સંઘ પ્રદેશ સહિતની તમામ ૩૨૫ પોસ્ટ ઓફિસો (શહેર તેમજ ગામ વિસ્તારો) માં ઉપલબ્ધ કરાવવામાં આવી છે.

REQUIRED

Required 10 to 20 Acr Industrial NA LAND In and around Valsad/Navsari District Daman/Dadra & Nagar Haveli for Pharmaceutical Industries

Contact:-9824103685



## આહવા એસ.ટી ડેપોમાં આરોગ્ય ચકાસણી કેમ્પ યોજાયો



**આહવા, તા.૧૬ :** આહવા એસ.ટી ડેપો ખાતે વલસાડ વિભાગીય નિયામક એન.એસ.પટેલના માર્ગદર્શન હેઠળ આહવા એસ.ટી. ડેપો મેનેજર કિશોરસિંહ પરમારના અધ્યક્ષ સ્થાને એસ.ટી કર્મીઓ તેમજ મુસાફરો માટે આરોગ્ય તપાસણી કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો.

શ્રીમદ રાજચંન્દ્ર હોસ્પિટલ ધરમપુરના સંયુક્ત ઉપક્રમે આયોજિત આ કેમ્પમાં એસ.ટીના તમામ કર્મચારીઓનું મેડીકલ ચેકઅપ હાથ ધરવામાં આવ્યું હતું. જેમાં હિમોગ્લોબીન,સુગર, બ્લડ પ્રેશર અને આંખની તપાસ પણ કરવામાં આવી હતી. આંખની તપાસ દરમિયાન જરૂરીયાત મંદ લોકોને મફતમાં ચશ્માં વિતરણ કરવામાં આવ્યાં હતાં. તેમજ દવાઓની જરૂરીયાત ધરાવનાર દર્દીઓને મફત દવાઓનું વિતરણ કરવામાં આવ્યું હતું. આ કેમ્પમાં એસ.ટીના ૩૬૦ થી વધુ કર્મચારીઓ સાથે જાહેર જનતાએ પણ લાભ લીધો હતો.

# બીલીમોર એસટી ડેપોમાં વિશ્વ ડેન્ગ્યુ દિવસે જનજાગૃતિ શિબિર યોજાઈ




**(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)**

**બીલીમોરા, તા.૧૬ :** બીલીમોરા એસટી ડેપોમાં શુક્રવારે વિશ્વ ડેન્ગ્યુ દિવસે મચ્છરો નું જીવનચક્ર નિયંત્રણ-નિવારક પગલાંઓ સાથે જન જાગૃતિ શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું.

ચોમાસા ની ઋતુ આડે ગણતરીના દિવસો બાકી છે. ચોમાસામાં મચ્છર કરડવા થી તાવજન્ય રોગો વકરતા હોય છે. સરકાર વર્ષ પ્રતિવર્ષ મચ્છરજન્ય રોગોને નાથવા આગવી કામગીરી બાદ પણ કેસોમાં વધારો જોવાયો છે. ત્યારે મચ્છર જન્ય ડેન્ગ્યુ, મેલેરિયા, ચિકનગુનિયા જેવા રોગોને નાથવા બીલીમોરામાં શુક્રવારે વિશ્વ ડેન્ગ્યુ દિવસે મચ્છર નિવારક પગલાં લેવાયા હતાં. કુદરતી કે માનવસર્જિત બંધિયાર પાણી દૂર કરી દવાનો છંટકાવ શરૂ કરાયો હતો. ડેન્ગ્યુ મચ્છર ચોખ્ખા પાણીમાં પનપે છે એડીસ ઈજિપ્ત મચ્છર કરડવાથી આ તાવ આવે છે. આ મચ્છરો કાળા રંગના અને જેની ઉપર સફેદ પટ્ટી હોવા સાથે એનું અંદાજિત કદ પાંચ એમએમ જેટલું હોય છે. જે દિવસે કરડતા હોય છે. જેનાથી ફેલબી નામના વાઈરસ શરીરમાં પ્રવેશતા તાવ સાથે નબળાઈ ચક્કર આવવાની શરૂ થાય છે. લોહીમાં પ્લેટપ્લેટ રેડ કણ ઘટી જાય છે. અને રોગ જીવલેણ બનતો હોય છે. જેથી દર્દીનું જીવન બચાવવા રોગપ્રતિકારક શક્તિ વધારવાની દવા આપવામાં આવતી હોય છે.

આજની શિબિરમાં check clean cover steps to defeat dengue થીમ પર વિસ્તૃત જાણકારી સાથે કર્મચારી અને પેસેન્જરોને ડેન્ગ્યુ રક્ષણ પત્રિકા વહેચવામાં આવી હતી.મચ્છરોની ઉત્પત્તિ રોકવા બીલીમોરા આરોગ્ય વિભાગની ટીમોએ શહેર નાં વિવિધ વિસ્તારોમાં સ્વચ્છતા, દવા છંટકાવ, ફોગિંગ, સફાઈ સહિતની કાર્યવાહી હાથ ધરી છે. બીલીમોરા અર્બન હેલ્થ સેન્ટર ના ડો. રાજેન્દ્ર ગઢવી એ અર્બન હેલ્થ ના સુપરવાઈઝર ભાવિનભાઈ અને એસટી ડેપો મેનેજર નો આભાર વ્યક્ત કર્યો હતો.

## દમણ રેડિયો 102.3 FM રવિવાર

**સવારની સભા :** ૫.૫૫ સભાનો આરંભ, ૬.00 હિન્દી સમાચાર (દિલ્હીથી), ૬.૧૦ -અર્ચના (ગાંધી વંદના સાથે ભકિત ગીતો), ૬.૩૦ અમૃતધારા (અમદાવાદ-વડોદરાથી), ૬.૩૫ હિન્દી ફિલ્મ સંગીત (દમણથી), ૭.00 પ્રાદેશિક સમાચાર(અમદાવાદ-વડોદરાથી), ૭.૧૦ હિન્દી સમાચાર (દિલ્હીથી), ૭.૨૦ હાસ્ય-રંગ-ગરબા (દમણથી), ૭.૪૫ ગુજરાતી સમાચાર, ૭.૫૫ - પ્રકૃતિ, ૮.00 સમાચાર પ્રભાત (દિલ્હીથી), ૮.૩૦ - પ્રાયોજીત કાર્યક્રમ - સહજ બને જીવન કેડી, ૮.૪૦ - ભારત કી ગુંજ, ૯.૩૦ ગીત ગાતા ચલ (ફિલ્મ સંગીત), ૧૦.00 - બાઈસ્કોપ કી બાતે, ૧૦.૩૦ - સુગમ સંગીત, ૧૧.00 હિન્દી ફિલ્મ સંગીત,

**બપોરે :** ૧૨.00 લોક સંગીત, ૧૨.૩૦ - મહિલા જગત (અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી રીલે) ૧.00 - કુછ બાતે કુછ ગીત, ૨.00 - બાઈસ્કોપ કી બાતે, ૩.00 સદાબહાર નગમે, ૩.૩૦ - નાટય તરંગ, ૪.00 - સેલ્યુલોઈડ કે સિતારે. **સાંજે :** (દમણથી) ૫.00 - ગુલમહોર (હિન્દી ફિલ્મ સંગીત), ૫.૩૦ - નાટય/રૂપક, ૬.00 શ્રી રામ ચરિતમાનસ ગાન, ૬-૧૦ - કાર્યક્રમ વિવરણ, ૬.૧૫ - શ્રવણ માધુરી (હિન્દી ગઝલ), ૬.૩૦ ગુજરાતી ચિત્ર-પટ સંગીત, ૬.૫૫ - પ્રાદેશિક સમાચાર, ૭-૧૦ હિન્દી સમાચાર, ૭-૨૦ સુગમ સંગીત (દમણ કેન્દ્ર પરથી), ૭-૫૦ ગુજરાતી સમાચાર (દિલ્હીથી), ૮-00 સમાચાર સંધ્યા, ૮.૩૦ રજનીગંધા (હિન્દી ફિલ્મ સંગીત), ૯.00 શાસ્ત્રીય સંગીત (વાદન), ૯.૩૦ છાયા ગીત, ૧૦-00 - ગોલ્ડન અવર્સ, ૧૧.00 - હિન્દી સમાચાર (દિલ્હીથી), ૧૧-૧૦ સભા સમાપન.

### શ્રી છત્રપતિ સંભાજી મહારાજ મહારાષ્ટ્રીય સમાજ દ્વારા

# ચીખલીની રચના નિમિત્તે બાઈક રેલી યોજાઈ



**(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)**

**બીલીમોરા, તા.૧૬ :** શ્રી છત્રપતિ સંભાજી મહારાજની જન્મ જયંતી નિમિત્તે શ્રી છત્રપતિ સંભાજી મહારાજ મહારાષ્ટ્રીય સમાજ ચીખલીની રચના કરવામાં આવી હતી. આ અવસરે મહારાષ્ટ્રીય સમાજના સભ્યો દ્વારા શ્રી છત્રપતિ સંભાજી મહારાજની વિશાળ છબી, મોટી સંખ્યામાં બાઇકસ અને ડીજે સાથે ભવ્ય બાઈક રેલી ચીખલી સર્કલથી શરૂ થઈ ને કાવેરી રિવરફ્રન્ટ સુધી યોજાઇ હતી. રાજમાર્ગો જય ભવાની,જય શિવાજી નાદથી ગુંજી ઉઠ્યો હતો. કાવેરી રિવરફ્રન્ટ પર ઉપસ્થિતિ મહાનુભાવો દ્વારા નવનિર્મિત મહારાષ્ટ્રીય સમાજ ચીખલીના તમામ સભ્યોને અભિનંદન પાઠવવામાં આવ્યા હતા. સંગઠિત સમાજના માધ્યમથી અમે સામાજિક કલ્યાણ અને એકતા માટે કામ કરીશું અને આવનાર સમય માં વિવિધ સમાજ ઉત્થાન ના કાર્યો કરીશું. સમાજ ઘડતર થી જ દેશ ઘડતર થાય છે. આ નવું પગલું ચીખલીમાં મહારાષ્ટ્રીય સંસ્કૃતિ અને સામાજિક એકતાને નવી દિશા આપશે એમાં કોઈ શંકા નથી. પ્રમુખ રાજુભાઈ ચૌહાણ, ઉપ-મુખ અનિલભાઇ કોલગે અને મહામંત્રી અશ્વિનભાઇ સમુદ્રે સહિત ઉપસ્થિત મહારાષ્ટ્રીય સમાજ ના લોકોમાં અનેરો ઉત્સાહ વર્તાઈ રહયો હતો.

# ગણદેવીમાં કુવામાં ફસાયેલા બે આખલાને રેસ્ક્યુ ઓપરેશન કરી બચાવી લેવાયા



**(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)**

**ગણદેવી, તા.૧૬ :** ગણદેવી સુગરફેક્ટરી સામે જલારામબાપા મંદિર પાછળ ખાળ કૂવામાં ખાબકેલા બે આખલાને એક કલાક ના રેસ્ક્યુ ઓપરેશન બાદ બચાવી લેવાયા હતા. યુવાનોના ગૌ પ્રેમને ઉપસ્થિતોએ વધાવી લીધો હતો.

ગણદેવી જલારામ મંદિર પાછળ સાતથી આઠ ફુટ ઊંડા ખાડા બુધવાર રાત્રે બે આખલા ખાબકયા હતા. બંને આખલા બહાર નીકળવાની મથામણમાં કાદવ માં ખુંપી ગયા હતા. જેના જોરશોર થી ભાંભરવાં ના અવાજ સાંભળી સ્થાનિકોએ મદદ માટે પાલિકા ને જાણ કરી હતી. જે સાથે ગૌ સેવાને વરેલા યુવાનો ઘડીભરમાં ધસી આવ્યા હતા. તેમણે જેસીબી મશીન, લાકડા, દોરડા, ટોર્ચ વડે રેસ્ક્યુ ઓપરેશન શરૂ કર્યું હતું. આખલાના શરીરે દોરડા બાંધી એક કલાકના રેસ્ક્યુ ઓપરેશન બાદ હેમખેમ ખેંચી કાઢ્યા હતા. જેને કારણે બંનેનો હેમખેમ ઉગારો થયો હતો. જીવદયા પ્રેમી રઘુ ભરવાડ, નિલેશ ગોઝલે, મિતેશ કંસારા, બજરંગ દળ અને ગૌ સેવકોની ટીમ ગૌવંશને બચાવવા પ્રેરણાંદાયી કામગીરી કરી રહ્યા છે.

## દમણ રેડિયો 102.3 FM શનિવાર

**સવારની સભા :** ૫.૫૫ સભાનો આરંભ, ૬.00 હિન્દી સમાચાર (દિલ્હીથી), ૬.૧૦ અર્ચના (ગાંધી વંદના સાથે ભકિત ગીતો), ૬.૩૦ અમૃતધારા (અમદાવાદ-વડોદરાથી), ૬.૩૫ હિન્દી ફિલ્મ સંગીત (દમણથી), ૭.00 પ્રાદેશિક સમાચાર(અમદાવાદ-વડોદરાથી), ૭.૧૦ હિન્દી સમાચાર (દિલ્હીથી), ૭.૨૦ સુગમ સંગીત (દમણથી), ૭.૪૫ ગુજરાતી સમાચાર, ૭.૫૦ - પ્રકૃતિ, ૮.00 સમાચાર પ્રભાત (દિલ્હીથી), ૮.૩૦ - ભારત કી ગુંજ, ૯.૩૦ આજ કે ફનકાર, ૧૦.00 ગીત ગાતા ચલ, ૧૦.૩૦ - સુગમ સંગીત, ૧૧.00 - હિન્દી ફિલ્મ સંગીત.

**બપોરે :** ૧૨.00 લોક સંગીત અને ૧૨.૩૦ મહિલા જગત (અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી રીલે) ૧.00 - પીટારા, ૨.00 - જયુબીલી ઝંકાર, ૩.00 સદાબહાર નગમે, ૩.૩૦ - નાટય તરંગ, ૪.00 - ફિર તુમ્હારી યાદ આઇ.

**સાંજે :** (દમણથી) ૫.00 ગુલમહોર (હિન્દી ફિલ્મ સંગીત), ૫.૩૦ - કામદાર જગત, ૬-00 શ્રી રામ ચરિતમાનસ ગાન, ૬-૧૦ - કાર્યક્રમ વિવરણ, ૬.૧૫ - શ્રવણ માધુરી, ૬.૩૦ - ભકિત સંગીતનો કાર્યક્રમ, ૬.૫૫ - પ્રાદેશિક સમાચાર, ૭-૧૦ હિન્દી સમાચાર, ૭-૨૦ કિસાન વાણી (સ્થાનિક ખેડૂતો, તજજ્ઞો સાથે મુલાકાત), ૭-૫૦ ગુજરાતી સમાચાર (દિલ્હીથી), ૮-00 સમાચાર સંધ્યા ૮-૩૦ રજનીગંધા (હિન્દી ફિલ્મ સંગીત), ૯.00 શાસ્ત્રીય સંગીત (ગાયન), ૯.૩૦ છાયા ગીત, ૧૦-00 - ગોલ્ડન અવર્સ, ૧૧.00 - હિન્દી સમાચાર (દિલ્હીથી), ૧૧-૧૦ સભા સમાપન

# બીલીમોરામાં રકતદાન શિબિર યોજાઈ



**(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)**

**બીલીમોરા, તા.૧૬ :** હાલ યુદ્ધ વિરામ છે પણ લોહીની ગમે ત્યારે જરૂરિયાત વર્તાઈ શકે છે.-વર્તમાન સમયમાં જમ્મુ કાશ્મીરના પહેલગામ આંતકી હુમલા બાદ ભારત પાકિસ્તાન વચ્ચે તણાવભરી સ્થિતિ સર્જાઈ છે.આ નાજુક પરિસ્થિતિ ને ધ્યાને લઈ ગણદેવી તાલુકા હેલ્થ કચેરી દ્વારા બીલીમોરા અર્બન હેલ્થ કેન્દ્ર ખાતે મંગળવારે રકતદાન શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું.ભારત દેશના સંરક્ષણ દળો અને રાષ્ટ્રીય સેવાના શુભ આશય સાથે દેશના દરેક રાજ્યોના જિલ્લાઓ, તાલુકાઓ , શહેર અને ગામોમાં રક્તશિબિરો યોજાઈ રહી છે. અધિકારીઓ પદાધિકારીઓ ની ઉપસ્થિતમાં આયોજિત રકતદાન શિબિરમાં રક્તદાતાઓ એ ઉત્સાહભેર રકતદાન કર્યું હતું. ડૉ રાજેન્દ્ર ગઢવીએ જણાવ્યું હતું કે વર્તમાન સુરક્ષા પરિસ્થિતિને પહોંચી વળવા આજનો શિબિર યોજાયો હતો જેમાં ૭૮થી વધુ સ્વયંસેવકોએ ઉત્સાહભેર રકતદાન કર્યું હતું.

# બીલીમોરામાં આઈ.ટી.આઈ. ચાલતાં ટ્રેડોમાં પ્રવેશ પ્રક્રિયા શરૂ

**નવસારી, તા.૧૬ :**-વેશસત્ર ઓગસ્ટ-૨૦૨૫ માં આઈ.ટી.આઈ. બીલીમોરા ખાતે ચાલતાં ટ્રેડોમાં પ્રથમ તબક્કામાં બેઠકો પર પ્રવેશ મેળવવા માટે ઓનલાઈન ફોર્મ ભરવાની કામગીરી ચાલુ છે. ફોર્મ ભરવાની પ્રક્રિયા સંપૂર્ણપણે ઓનલાઈન હોઈ જેથી ઉમેવાર દ્વારા રજીસ્ટ્રેશન, ફોટો અપલોડ, રૂપિયા ૫૦/- રજિસ્ટ્રેશન ફી, ફોર્મ કન્ફર્મેશન, મોક રાઉન્ડ ચોઈસ ફીલીંગ, ફાઈનલ રાઉન્ડ ચોઈસ ફિલીંગ, પ્રોવિઝનલ એડમિશન ની તમામ કામગીરી ઘરે બેઠા ઈન્ટરનેટના માધ્યમથી આઈ.ટી.આઈ એડમીશન પોર્ટલની લિંક (https://itiadmission.gujarat.gov.in ) પર કરી શકાશે. ફોર્મ ભરવાની અને સબમિટ કરાવવાની છેલ્લી તારીખ ૩૦/૦૬/૨૦૨૫ હોય પ્રવેશ મેળવવા ઈચ્છુક ઉમેદવારોએ જરૂરી પ્રમાણપત્રો સાથે સંસ્થા ખાતે રૂબરૂ આવી પ્રવેશ ફોર્મ વિના મૂલ્યે ભરી આપવામાં આવશે. વધુ માહિતી માટે તાત્કાલિક સંસ્થાનો રૂબરૂ સંપર્ક કરવો.




## આજનું પંચાગ

**તા.** ૧૭-૦૫-૨૦૨૫, **વારઃ** શનિવાર **તિથિઃ** પાંચમ **વિક્રમ સંવતઃ** ૨૦૮૧ **સૂર્ય ઉદયઃ** ૦૫:૫૯ **સૂર્ય અસ્ત :** ૧૯:૧૬ **ચંદ્રરાશિઃ** વૃષભ

## આજનું રાશિભવિષ્ય

**મેષ(અ.લ.ઈ) :** *આજે તમારે મહત્વના નિર્ણયો લેવા પડશે- જે તમને તાણગ્રસ્ત તથા ખૂબ જ નર્વસ કરી મુકશે.*

**વૃષભ(બ.વ.ઉ) :** *આજના દિવસે દરેક વ્યક્તિની વાત સાંભળો શક્ય છે કે તમને એમાંથી તમારી સમસ્યાનો ઉકેલ મળી જાય.*

**મિથુન(ક.છ.ઘ) :** *આજે અનયોની ટીકા કરવામાં તમારો સમય વેડફશો નહીં, કેમ કે તેની અસર તમારા સ્વાસ્થ્ય પર પડી શકે છે.*

**કર્ક(ડ.હ) :** *આજના દિવસે સવારે કરવામાં આવેલ યોગ તથા ધ્યાન તમને સ્વસ્થ રહેવામાં તથા માનસિક રીતે ફિટ રહેવામાં મદદ કરશે.*

**સિંહ(મ.ટ.) :** *સારા જીવન માટે તમારૂં સ્વાસ્થ્ય અને સમગ્રતઃ વ્યક્તિત્વ સુધારવાનો પ્રયત્ન કરો.*

**કન્યા(પ.ઠ.ણ.) :** *આજે તમારી રમૂજવૃત્તિને ઊંચી તથા તમારા બચાવને નીચો રાખશો તો તમે કટુ ટિપ્પણીઓથી બચવા માટે સારી સ્થિતિમાં રહેશો.*

**તુલા (ર.ત.) :** *આજે તમારી અંગત સમસ્યા તમારા માનસિક આનંદને બરબાદ કરી શકે છે પણ તમારી જાતને કંઈક રસપ્રદ વાંચનમાં સાંકળશો તો આ દબાણ સાથે અનુકુલન સાધવામાં તમને સરળતા પડશે.*

**વૃશ્ચિક(ન.ય.) :** *આજના દિવસે તમારા વ્યસ્ત સમયપત્રક છતાં સ્વાસ્થ્ય સારૂં રહેશે.*

**ધન(ભ.ધ.ફ.ઢ.) :** *આજે કોઈ વાત પર નિરાશ ન થાવ. રાત્રી ના સમયે આજે તમને ધન લાભ થવા ની પૂરી શક્યતા છે કે કેમ કે તમારા દ્વારા આપેલું ધન આજે પાછું આવી શકે છે.*

**મકર(જ.ખ) :** *આજ ના દિવસે તમારે તેવા મિત્રો થી બચવા ની જરૂર છે જે ઉધાર લે તો છે પરંતુ પાછું નથી કરતા?*

**કુંભ(ગ.શ.સ.) :** *આજે પારિવારિક સમસ્યાઓ તમારી પત્ની સાથે શૅર કરજો.*

**મીન(દ.ચ.ઝ.થ.) :** *આજના મનોરંજનમાં રમતગમતની પ્રવૃત્તિઓ તથા બાહ્ય કાર્યક્રમોનો સમાવેશ થવો જોઈએ.*

### ઝડપથી બદલાતા સમુદાયોમાં સંગ્રહાલયોનુ ભવિષ્ય : થીમ સાથે દુનિયાભરમા ઉજવાશે આંતરરાષ્ટ્રીય સંગ્રહાલય દિવસ

# સાપુતારાનુ સંગ્રહાલય પર્યટકો માટે વધુ લોકભોગ્ય બની રહે તેવા પ્રયાસો હાથ ધરાયા



**(અહેવાલ : મનોજ ખેંગાર)**

**આહવા, તા. ૧૬ :** તારીખ ૧૮મી મે એટલે 'આંતરરાષ્ટ્રીય સંગ્રહાલય દિવસ' IMD નુ સંકલન આંતરરાષ્ટ્રીય સંગ્રહાલય પરિષદ ત્ઝ્ભ્ દ્વારા કરવામા આવે છે. આ કાર્યક્રમ એક ચોક્કસ થીમ પર પ્રકાશ પાડે છે, જે દર વર્ષે બદલાય છે. આ થીમ આંતરરાષ્ટ્રીય સ્તરે સંગ્રહાલયો જે સમસ્યાઓનો સામનો કરે છે, તેને પ્રતિબિંબિત કરે છે.

IMD સંગ્રહાલય વ્યાવસાયિકોને જનતાને મળવાની અને સંગ્રહાલયો જે પડકારોનો સામનો કરે છે તેના વિશે તેમને ચેતવણી આપવાની, તથા સમાજના વિકાસમા સંગ્રહાલયોની ભૂમિકા અંગે જાહેર જાગૃતિ લાવવાની તક પણ પૂરી પાડે છે. સંગ્રહાલય વ્યાવસાયિકો વચ્ચે સંવાદને પણ પ્રોત્સાહન અને અવકાશ પૂરો પાડે છે.

દર વર્ષે, વિશ્વભરના સંગ્રહાલયોની ભૂમિકાને પ્રોત્સાહન આપવા માટે સંગ્રહાલયોને IMD મા ભાગ લેવા માટે આમંત્રિત કરવામા આવે છે. તેઓ વાર્ષિક થીમ સંબંધિત કાર્યક્રમો અને પ્રવૃત્તિઓ હાથ ધરે છે. આ કાર્યક્રમ માટેની સૌ પ્રથમ વાર્ષિક થીમ સને ૧૯૯૨ મા અપનાવવામાં આવી હતી. જ્યારે IMD તરફથી એક આંતરરાષ્ટ્રીય પોસ્ટર સૌપ્રથમ સને ૧૯૯૭ મા તૈયાર કરાયુ હતુ. જેને તે વર્ષે દુનિયાના ૨૮ જેટલા દેશો દ્વારા સ્વીકારવામા આવ્યુ હતુ.

સંગ્રહાલયોની સર્જનાત્મક આકાંક્ષાઓ અને પ્રયાસોને વધુ એકીકૃત કરવા અને વિશ્વભરના લોકોનું ધ્યાન તેમની પ્રવૃત્તિ તરફ દોરવાના ઉદ્દેશ્ય સાથે પ્રથમ આંતરરાષ્ટ્રીય સંગ્રહાલય દિવસ સને ૧૯૭૭ મા IMD દ્વારા આયોજિત કરવામા આવ્યો હતો. તે વખતે વાર્ષિક કાર્યક્રમ બનાવવા માટે ત્ઝ્ભ્ દ્વારા ઠરાવ કરાયા બાદ IMD ની ઉજવણીની શરૂઆત કરવામા આવી હતી.

**સાપુતારાનુ સંગ્રહાલય**

ગુજરાત સરકારના સંગ્રહાલય વિભાગ દ્વારા ઈ.સ ૧૯૭૦ મા ખૂબ જ નાના પાયા પર ગુજરાત ટુરિઝમની ડોરમેટરીમા, ડાંગી સંસ્કૃતિ અંગેનું એક પ્રદર્શન આયોજિત કરાયુ હતુ. પાછળથી તેને કાયમ રાખવામા આવેલુ. ગિરિમથક સાપુતારા ખાતે જેમ જેમ સહેલાણીઓ વધતા ગયા તેમ તેમ, તેજ રીતે સંગ્રહાલયનો પણ વિકાસ કરવામા આવતો રહ્યો, અને તે માટે તે સમયના આસિસ્ટંટ ક્યુરેટર તથા નિયામક, સંગ્રહાલય ખાતાના અથાક પ્રયત્નોથી, સાપુતારા ખાતે હેન્ડીક્રાફટ મકાનમા નવા સંગ્રહાલયનુ પ્રદર્શન ગોઠવવામા આવ્યુ હતુ.

આ મકાનમા કાર્યરત કરાયેલા સંગ્રહાલયની સાથે સંગ્રહાલયના નવા પોતિકા મકાનનુ કામ પણ સરકારશ્રી દ્વારા તા.૧૭/૫/૧૯૯૧ ના રોજ શરૂ કરાયુ હતુ. આ નવા મકાનનો ચાર્જ સંગ્રહાલય ખાતાએ તા.૨૯/૧/૧૯૯૯ ના રોજ સંભાળ્યો, અને તા.૨૫/૧૦/૨૦૦૧ ના રોજ નવા સંગ્રહાલય તરીકે તેનો વિકાસ કરવામા આવ્યો.

સાપુતારા સંગ્રહાલય લુપ્ત થતી અને વિસરાતી જતી આદિવાસી સંસ્કૃતિનુ રક્ષણ અને જતન કરતુ રહ્યુ છે. સંગ્રહાલય ખાતે અવનવી પ્રવૃત્તિઓ દ્વારા લોકસંપર્ક જાળવી રાખવામા આવ્યો છે. સંગ્રહાલયમા મુખ્યત્વે છ વિભાગો છે. (૧) માનવશાસ્ત્ર વિભાગ-૧, (૨) માનવશાસ્ત્ર વિભાગ-૨, (૩) નેચરલ હિસ્ટ્રી વિભાગ, (૪) ઘરેણાં અને સંગીત વિભાગ, (૫) વારલી ચિત્રકળા વિભાગ, અને (૬) પ્રકૃતિમા માનવ વિભાગ.

ડાંગ જિલ્લાના સાપુતારા ખાતે આવેલુ ડાંગ જિલ્લાની આદિવાસી સંસ્કૃતિને તાદ્દશ કરતુ આ સંગ્રહાલય, ડાંગ પ્રદેશના આદિવાસીઓની કલાકૃતિઓ, હસ્તકલાના નમૂના, વાજિંત્રો, શસ્ત્રો, ઘરેણાં અને શિકારના ઓજારોના પ્રદર્શન માટે પણ વિખ્યાત છે. આવા અંદાજીત સંખ્યા ૪૨૦ થી વધુ નમૂનાઓ અહીં સાચવવામા આવ્યા છે. માનવ સમાજશાસ્ત્ર (Anthro-pology) ની દૃષ્ટિએ પણ આ મ્યુઝિયમ ઘણુ મહત્ત્વનુ ગણાય છે.

જો કે હાલે આ સંગ્રહાલયના મકાનનું પણ આધુનિકરણ કાર્ય હાથ ધરાયું છે. જે પૂર્ણ થતા નવી ટેક્નોલોજી અને નવા રંગરૂપ સાથે, સાપુતારાનું આ સંગ્રહાલય પર્યટકો માટે વધુ લોકભોગ્ય બની રહેશે.

આંતરરાષ્ટ્રીય સંગ્રહાલય દિવસ ઉજવણીની છેલ્લા પાંચ વર્ષોની થીમ જોઈએ તો સને ૨૦૨૫ ની થીમ ઝડપથી બદલાતા સમુદાયોમાં સંગ્રહાલયોનું ભવિષ્ય નક્કી કરવામાં આખી છે. જ્યારે ગત વર્ષ ૨૦૨૪ મા શિક્ષણ અને સંશોધન માટે સંગ્રહાલયો, સને ૨૦૨૩ માઁસંગ્રહાલયોઁ ટકાઉપણું અને સુખાકારી, સને ૨૦૨૨ મા ઁસંગ્રહાલયોની શક્તિ, અને સને ૨૦૨૧ માઁસંગ્રહાલયોનું ભવિષ્યઁ પુનઃપ્રાપ્તિ અને પુનઃકલ્પનાઁ રાખવામા આવી હતી.

### મુંબઈના હાઈવેટચને હાર્ટટચ વિહારધામ

## ગિરનાર ધામના ઉદ્ઘાટન માટે પધારતા ગુરુદેવે વાપીમાં પ્રતિષ્ઠા કરાવી



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વાપી, તા. ૧૬ :** વાપી શહેરના મોટા મંદિરે શ્રી અજીતનાથદાદા ના દર્શન કરી શ્રી ગુરુલબ્ધી ચોકથી સ્ફટિક રત્નના અદભુત તેજે ઝળહળતા શ્રી શીતલનાથ પ્રભુની તેજસ્વી મૂર્તિને ભવ્ય શોભા યાત્રા સાથે ઋષભ હાઈટ્સમાં શ્રી હર્ષાકિશોર શાહ ગ્રહ મંદિરે ખૂબ ધામધૂમ સાથે પ્રતિષ્ઠા થઈ હતી. પૂજ્યપાદ રાડપટ્ટી ના ધર્મસૂર્ય ગુરુદેવ આચાર્ય ભગવંત શ્રીમદ વિજય યશોવર્મસુરીશ્વરજી મહારાજાએ અભૂતપૂર્વ પ્રતિષ્ઠા બાદ ઉમટેલી જનમેદની ને પોતાની ભક્તિ ભીની વાણીથી ભીંજવી દીધી હતી. પૂજ્ય ગુરુદેવશ્રીએ કહ્યું મૂર્તિ ઘરમાં આવતા ઘર મંદિર બને, પ્રભુ મનમાં આવે તો મનમંદિર બને અને જેના મનમાં પ્રભુ હોય તે ભક્ત માયા - -પંચ થી દૂર હોય, અહંકાર ને વિકારથી ખરડાયેલા તેના વિચાર નહીં હોય... પણ પ્રભુ મનમાં મોજ જીવનમાં હંમેશા હોય. સૂર્ય આવતા જેમ અંધકાર ચાલ્યો જાય, એમ પ્રભુ આવતા દુર્ગુણો ઝાઝા ટકતા નથી. સાચા પ્રભુના વક્તની એક જ વ્યાખ્યા હોય... જે જગતનો મિત્ર હોય ને જાતનો પવિત્ર હોય પરમાત્માનું ઘરમાં મંદિર બનાવનારા નસીબદાર હોય છે, ને હોમ થિયેટર એ પૈસાદાર હોઈ શકે, હોમ થિયેટર ઉધામાં છે. જ્યારે ઘર મંદિર એ ભક્તોની ભાવના છે... ઘરમંદિર વિશેષની ભ્રામક માન્યતા વિશે જાણવા જેવું છે કે... ઘણા લોકો માં આ ભ્રમ છે કે, ઘર મંદિર કરીએ ને ઘરમાં ભગવાન રાખીએ તો આસાતના થાય, પાપ બંધાય, કેમ કે આપણે સંસારી છીએ ને વધુ ડહાપણ એ કરે કે, ધર્મકરતા ભૂલ - પાપ - આશાતના થાય એના કરતા ન કરવો સારું. આ ભ્રમણા ને દૂર કરવા જેવી છે. આવા સમજદારને એકવાર જઈને કહો. ઘરમાં ટીવી રાખવાથી કે સીરીયલ જોવાથી આરાધના થતી હશે. ઘર મંદિરમાં આસાતના ન થાય તે ધ્યાન રાખવું જોઈએ એ વાત સાચી, પણ ખાવાનું જ બંધ કરવો ડાયરિયા ના ડરથી તે મૂર્ખતા છે. ખાવામાં ધ્યાન રાખવું જરૂરી છે. ઘર મંદિરની આસાતના ને સંઘમંદિર ની આશાતના અલગ હોય છે.

## વલસાડ માર્કેટના બાંધકામમાં અડચણ ન પડે તે માટે રસ્તાઓ પર લારી-પાથરણા પર પ્રતિબંધ

**વલસાડ તા. ૧૬ :** જિલ્લા મેજીસ્ટ્રેટ વલસાડની હકુમત હેઠળના વલસાડ નગરપાલિકા વિસ્તારમાં આવેલ ફાઈનલ પ્લોટ નં. ૧૦૪ તથા લાગુ ફાઈનલ પ્લોટ નં. ૧૦૩માં આવેલ મોરારજી દેસાઈ વેજીટેબલ માર્કેટના નવા બિલ્ડીંગનું બાંધકામ હાલ પ્રગતિ હેઠળ છે. પરંતુ ઉક્ત બિલ્ડીંગની બાંધકામ સાઈટની ચારે બાજુ ફરતે આવેલ જાહેર રસ્તામાં નાના-મોટા શાકભાજી વિક્રેતાઓ તથા લારી કે પાથરણા દ્વારા અન્ય પરચુરણ વસ્તુઓનું વેચાણ કરતા ફેરિયાઓના કારણે કામગીરીમાં વિક્ષેપ ઉભો થઈ રહ્યો છે. તેથી ઉક્ત ફેરિયાઓના કારણે જાહેર જનતાની અવર-જવર પણ વધારે રહે છે જેના કારણે શાકભાજી માર્કેટના નવા બિલ્ડીંગના બાંધકામ દરમિયાન કોઈ દુર્ઘટના સર્જાય તો મોટી જાનહાની સર્જાય તેવી શક્યતા નકારી શકાય નહિ, જેથી લોકોના જાન-માલની સુરક્ષા ધ્યાને લઈ ઉપરોક્ત હંગામી ધોરણે લારી-ગલ્લા તથા પાથરણા મારફત શાકભાજી કે અન્ય પરચુરણ ચીજવસ્તુઓનું વેચાણ કરતા ફેરીયાઓને ઉકત બાંધકામ સાઈટની ચારેબાજુ આવેલ જાહેર રસ્તામાં પ્રવેશતા અટકાવી તેઓને અન્ય વૈકલ્પીક જગ્યાએ સ્થળાંતર કરાવવુ જરૂરી છે. વલસાડ નગરપાલિકાએ વૈલ્પિક જગ્યા તરીકે તરીયાવાડ ખાતે આવેલ ડ્રેનેજ પંપીંગ સ્ટેશનની પાછળ આવેલ ખુલ્લા પ્લોટને સ્થળાંતરીત જગ્યા તરીકે નકકી કરી ત્યાં પાયાની સુવિધા ઉભી કરવામાં આવી છે. આ બાબતે નગરપાલિકા દ્વારા જાહેર નોટિસ પ્રસિધ્ધ કરી તમામ ફેરિયા/વિક્રેતાઓને જાણ કરી સ્થળાંતર કરવાના પ્રયાસો કરવામાં આવેલ છે તેમ છતાં ફેરિયા/વિક્રેતાઓ કોઈ સહયોગ ન આપતા શાકભાજી માર્કેટના નવા મકાનના બાંધકામ દરમિયાન કોઈ વિક્ષેપ ન થાય અને બાંધકામ દરમિયાન કોઈ દુર્ઘટના ન સર્જાય તેમજ લોકોના જાન-માલની સલામતી માટે વલસાડ જિલ્લા મેજીસ્ટ્રેટ ભવ્ય વર્માએ ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા, ૨૦૨૩ ની કલમ-૧૬૩ થી મને મળેલ સત્તાની રૂએ તા. ૧૭-૦૫-૨૦૨૫ થી તા.૧૭-૦૬-૨૦૨૫ સુધી વલસાડ નગરપાલિકા હદ વિસ્તારમાં આવેલ શાકભાજી માર્કેટના બિલ્ડીંગની બાંધકામ સાઈટની ચારે બાજુ ફરતે આવેલ જાહેર રસ્તામાં નાના-મોટા શાકભાજી વિક્રેતાઓ તથા લારી કે પાથરણા દ્વારા અન્ય પરચુરણ વસ્તુઓનું વેચાણ કરતા ફેરીયાઓના પ્રવેશ ઉપર પ્રતિબંધ મુક્યો છે.

## ઓલગામમાં પ્રાકૃતિક ખેતી અંગે જાગૃતિ કાર્યક્રમ યોજાયો

**વલસાડ, તા. ૧૬ :** વલસાડ જિલ્લાના આત્મા પ્રોજેક્ટ દ્વારા રાષ્ટ્રીય પ્રાકૃતિક ખેતી મિશન હેઠળ વલસાડ તાલુકાના ઓલગામ ખાતે પ્રાકૃતિક ખેતી અંગેનો જાગૃતિ કાર્યક્રમ યોજાયો હતો. જેમાં આત્માના આસિ.ટેકનોલોજી મેનેજર શીતલબેન ટંડેલ તેમજ ક્લસ્ટરના કોમ્યુનિટી રિસોર્ટ પર્સન પ્રકાશભાઈ પટેલ દ્વારા ખેડૂતોને પ્રાકૃતિક ખેતી અંગેની વિસ્તૃત માહિતી આપી હતી.

### જિલ્લા રોગચાળા અટકાયત, તમાકુ નિયંત્રણ, કલાઈમેટ ચેન્જ એન્ડ હ્યુમન હેલ્થ અંગે

## વલસાડ જિલ્લા કલેકટરના અધ્યક્ષસ્થાને બેઠક યોજાઈ



**વલસાડ, તા.૧૬ :** વલસાડ જિલ્લા કલેકટર ભવ્ય વર્માના અધ્યક્ષસ્થાને જિલ્લાના આરોગ્ય વિભાગની વિવિધ સમિતિની સમીક્ષા બેઠક કલેકટર કચેરી, વલસાડના સભાખંડમાં યોજાઈ હતી.

આ બેઠકોમાં જિલ્લા રોગચાળા અટકાયત, તમામુ નિયંત્રણ, કલાઈમેટ ચેન્જ એન્ડ હ્યુમન હેલ્થની બેઠકો યોજાઈ હતી.બેઠકમાં જિલ્લા કલેકટરશ્રીએ જિલ્લામાં પાણી જન્ય, વાહકજન્ય અને લેપ્ટોસ્પાયરોસીસના રોગચાળા અટકાયત, તમાકુ નિયંત્રણ અને કલાઈમેટ ચેન્જ હ્યુમન હેલ્થ કમિટિ અને સિકલસેલ અંતર્ગત જિલ્લા આરોગ્ય વિભાગ દ્વારા થયેલી કામગીરીની સમીક્ષા કરી હતી. આ બેઠકમાં જિલ્લા વિકાસ અધિકારીશ્રી અતિરાગ ચપલોત, મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારી ડૉ. એ. કે. સિંઘ, આર. સી. એચ. ઓ. ડૉ. હરપાલસિંઘ, સીવીલ સર્જન ડૉ. ભાવેશ ગોયાણી, એપેડેમિક અધિકારી ડૉ. મનોજ પટેલ તેમજ તમામ તાલુકા હેલ્થ ઓફિસરો અને જિલ્લાના આરોગ્ય વિભાગના કર્મચારીઓ હાજર રહ્યા હતા.

### ગુજરાત રાજ્ય યોગ બોર્ડ દ્વારા

## વલસાડ જિલ્લાના બાળકો માટે નિ:શુલ્ક સમર યોગ કેમ્પનો પ્રારંભ

**વલસાડ તા. ૧૬ :** ગુજરાત રાજ્ય યોગ બોર્ડ દ્વારા ચાલી રહેલો મેદસ્વીતા મુક્ત ગુજરાત અભિયાન અંતર્ગત વલસાડ જિલ્લાના ૫ તાલુકાઓમાં તા. ૧૬/૦૫/૨૦૨૫ થી ૩૦/૦૫/૨૦૨૫ સુધી ૭ થી ૧૫ વર્ષના બાળકો માટે સમર યોગ કેમ્પનું આયોજન કરવામાં આવ્યું છે. જેમાં બાળક સ્વસ્થ, તંદુરસ્ત, તેજસ્વી અને મેદસ્વિતા મુક્ત બને તેમજ બાળકોમાં સંસ્કારોનું સિંચન થાય એ માટે ગુજરાત રાજ્ય યોગ બોર્ડના સર્ટિફાઈડ યોગ કોચ તેમજ ટ્રેનર દ્વારા સવારે ૭ થી ૯ વાગ્યા સુધી તાલીમ આપવામાં આવશે.

### કરેલા કર્મોનું ફળ અહીં જ ભોગવવું પડે !

## આખરે ચીખલી રેફરલ હોસ્પિટલના અધિક્ષક ડો. દક્ષાબેન પટેલની ઉચાપતના કેસમાં સંડોવણી બહાર આવી

### પોલીસની ધરપકડથી બચાવવા રાજકીય ગોડ ફાધરો મેદાનમાં : ડો. દક્ષાબેન પટેલ ભૂગર્ભમાં ઉતરી જઈ આગોતરા જામીન મેળવવા હવાતીયા શરૂ

ખેરગામ અને વાંસદા તાલુકાઓ આદિવાસી વસ્તી ધરાવતા તાલુકાઓ રહ્યા છે આ તાલુકાની ગ્રામીણ પ્રજાને આરોગ્ય ક્ષેત્રે કોઈ તકલીફ ન પડે તે માટે સરકાર દ્વારા ચીખલી રેફરલ હોસ્પિટલને અધ્યતન સુવિધાઓ સાથે સજ્જ કરી હતી અને હજુ વધુ સુવિધાઓ ઘર આંગણે મળી રહે તે માટે રેફરલ હોસ્પિટલને અપગ્રેડ કરી સબ ડિસ્ટ્રિક્ટ હોસ્પિટલ કરવામાં આવી છે પરંતુ ગરીબોના આરોગ્ય માટે ફાળવવામાં આવતા કરોડો રૂપિયા હોસ્પિટલના અધિક્ષક અને આઉટસોર્સિંગ ના કર્મચારીઓ દ્વારા યેન કેન પ્રકારે રૂપિયા ૧.૬૪ કરોડની ઉચાપત કરતા જેની ફરિયાદ ચીખલી પોલીસ મથકે નોંધાઈ હતી જેમાં હોસ્પિટલના અધિક્ષક ડોકટર દક્ષાબેન પટેલની પણ સંડોવણી બહાર આવી છે જેને લઈ આમ પ્રજામાં એક જ સવાલ ઉઠી રહ્યો છે કે વર્ષોથી એક જ જગ્યાએ ચીટકીને બેઠેલા દક્ષાબેન ના માથા ઉપર રાજકીય ચાર હાથ હોય જેનું કોઈ કંઈ બગાડી નહીં લે તેવા સંજોગોમાં હોસ્પિટલના અધિક્ષક ડોકટર દક્ષાબેન પટેલ પોલીસની ધરપકડથી બચવા માટે આગોતરા જામીન મેળવવા માટે આકાશ પાતાળ એક કરી રહ્યા છે.

ચીખલી ખાતે આવેલ સબ ડિસ્ટ્રિક્ટ હોસ્પિટલ આ વિસ્તારના ગરીબ આદિવાસીઓ માટે આશીર્વાદરૂપ પુરવાર થઈ છે આ હોસ્પિટલમાં હવે જરૂરી ડોકટર્સની ભરતી કરાતા દર્દીઓને પૂરેપૂરો લાભ મળી રહ્યો છે અને સરકાર દ્વારા આ હોસ્પિટલના નિભાવ ખર્ચ માટે કરોડો રૂપિયાની ગ્રાન્ટ પણ ફાળવી રહી છે પરંતુ હોસ્પિટલમાં ફરજ બજાવતા અધિક્ષક ડોકટર દક્ષાબેન પટેલની છેલ્લા કેટલાક વર્ષોથી દાનત બગડતા સરકારી રૂપિયા જે આઉટસોર્સિંગ કર્મચારીને હાથમાં રાખી હોસ્પિટલમાં ખરીદવામાં આવતી ચીજ વસ્તુઓના બિલો જે એક જ બિલ બે ત્રણ વાર મૂકી



**ચીખલીનો પત્ર**

**જ્યોતીન્દ્ર છોવાલા, ચીખલી**

ઉચાપત કરી હોવાનું ગાંધીનગરથી ઓડિટ કરવા આવેલ ટીમને ધ્યાન ઉપર આવતા આખું કૌભાંડ બહાર આવ્યું હતું અને પોલીસ તપાસ દરમિયાન રૂપિયા ૧.૬૪ કરોડનો આંકડો બહાર આવ્યો હતો જેમાં આઉટસોર્સિંગના કર્મચારી જે હિસાબી કામ કરતો હોય જેને મોહરું બનાવી છેલ્લા કેટલાક વર્ષમાં રૂપિયા ૧.૬૪ કરોડની ઉચાપત કરી હોવાનું બહાર આવ્યું હતું પરંતુ સતીશ ભોયા જે બેન્ક ખાતાનો ઉપયોગ કર્યો છે તેવા કર્મચારી અને તેની બહેનની પણ પોલીસે ધરપકડ કરી જેલમાં ધકેલી છે જોકે હોસ્પિટલના અધિકક્ષક ડોકટર દક્ષાબેન પટેલ હોય જેણે સતીશ ભોયા પાસે રોકડા રૂપિયા લીધા હોવાનું સતીસે તપાસ દરમિયાન જણાવ્યું હતું પરંતુ કાળા કામોના કરતુતોમાં એક તો ભૂલ થતી જ હોય છે જેમાં હોસ્પિટલમાં દર્દીઓ માટે ભોજનાલય ચલાવનાર પોતાના ભાઈએ બહેનના બેંક ખાતામાં છ આંકડાની રકમ જમા કરાવી હતી અને બીજી કેટલીક રકમ પણ ખાતામાં જમા થતા જે ક્યાંથી આવી જેની પોલીસે તપાસ આરંભી હતી અને તપાસના અંતે હોસ્પિટલના અધિક્ષક ડોકટર દક્ષાબેન પટેલની સંડોવણી બહાર આવી છે ત્યારે દક્ષાબેન પટેલને પોલીસે નોટિસ આપી બોલાવવામાં આવી હતી પરંતુ કરેલા કરતુતો સામે આવ્યા હોવાનું જાણતા જે હવે પોલીસની ધરપકડથી બચવા માટે આગોતરા જામીન મેળવવા હવાતીયા મારી રહી છે જોકે નવસારી સેશન્સ કોર્ટ દ્વારા આગોતરા જામીન અરજી રદ કરી છે ત્યારે હવે આગામી દિવસોમાં ડોકટર દક્ષાબેન પટેલને બચાવવા માટે રાજકીય ગોડ ફાધરો આગળ રહે કે કરેલા કર્મોનું ફળ ભોગવવા માટે જેલની હવા ખાવી પડે તે માટે થોભો અને રાહ જોવાની નીતિ બહેતર રહેશે.



# ટાઈમ મેનેજમેન્ટથી હેલ્થ મેનેજમેન્ટ

### પ્રભાવશાળી રીતે કાર્ય હોય કે જીવન જીવવાની શૈલી હોય, કેવી રીતે ઓછા સમયમાં કરી શકાય - તંદુરસ્ત, લાંબી સફળ જીવન જીવવા માટે કે બિઝનેશમાં સફળ થવા માટે પાર્કિંગસન્સ લો કામના છે. સમય આપણી પાસે લીમીટેડ છે એટલે કાલે કરશું એમ કામને કોરણે ન મુકો

વર્ષો પહેલાંની વાત છે. એક નાનાં ગામમાં એક ડોશીમા એકલાં રહે. એમને કામ મળી રહે અને થોડીક આર્થિક મદદ પણ થાય, એ હેતુથી એક સંસ્થાએ એમને એક કામ સોંપ્યું. પાંચ જ પોસ્ટકાર્ડ એમણે દરરોજ, નાર્નો સંદેશો (જે સંસ્થા તરફથી લખી આપેલો હતો) લખી અને એડ્રેસ (જે સંસ્થા તરફથી લખી આપેલાં હતાં) લખી એમનાં ઘરથી એક મિનિટના રસ્તે, પોસ્ટ ઓફિસમાં એના ડબ્બામાં નાખી આવવા.

ડોશીમા તો બહુ જ રાજી થયાં. બસ, આટલું જ કામ...! આ તો અડધા કલાકનું કામ છે. કામ શરૂ થયું. પહેલો દિવસ હતો. માજી એ સાચે જ અડધા કલાક કરતાં ઓછી વારમાં કામ પૂરું કરીને પોસ્ટ પણ કરી આવ્યાં.

બીજે....ત્રીજે દિવસે એમણે વિચાર્યું આટલું નાનું જ કામ છે, શાંતિથી થશે...! સવારે મોડા ઊઠ્યાં, તૈયાર થઈને માર્કેટ ગયાં, શાકભાજી લઈ આવ્યાં, રસોઈ કરી, જમ્યાં અને પછી થોડીવાર આરામ કરવાં ગયાં, ત્યાં તો ત્રણ વાગી ગયા હતા. ઓ...હ ! ચાર વાગ્યે તો પોસ્ટ ઓફિસ બંધ થઈ જશે એટલે હાંફળાં ફાફળાં ઊઠ્યાં... પોસ્ટકાર્ડ ગોતવા માંડ્યાં, લખવા માટે પેન ન મળે... પણ પહેલાં ચશ્માં તો શોધો ! ચશ્માં મળ્યા પછી પોસ્ટકાર્ડ અને પેન મળ્યાં... પણ પેન પાછી ચાલે નહીં એવી હતી એટલે બીજી પેન શોધવામાં સમય ગયો. માંડ માંડ પાંચ પોસ્ટકાર્ડ લખીને બહાર નીકળ્યાં ત્યારે ભાન થયું કે એમણે તો નાઈટ ગાઉન જ પહેર્યો હતો. પાછાં ઘરમાં આવ્યાં અને સભ્ય સમાજમાં સારાં લાગે એવાં કપડાં પહેરીને પોસ્ટ ઓફિસ પહોંચ્યાં, તો ત્યાં પોસ્ટ માસ્ટર ઓફિસ બંધ કરીને જવાની તૈયારી જ કરતો હતો... માંડ માંડ કામ પત્યું !

એક સ્કૂલમાં શિક્ષક પાંચેક દિવસની રજા ઉપર જવાના હતા એટલે વિદ્યાર્થીઓને ગૃહકાર્ય થોડુંક લાં...બુ... આપ્યું... વિદ્યાર્થીઓએ વિચાર્યું કે ભલ ગૃહકાર્ય લાંબું છે તો પણ એકાદ દિવસ કરતાં વધારે સમય લાગે એવું તો નથી જ... એટલે ઘરે આવી ને દફતર ફેંકીને મિત્રો સાથે ક્રિકેટ રમવા દોડ્યા. પછી તો સાંજ આઠ વાગે એટલે જમીને તરત સૂવા જોઈએ. સવારે સ્કૂલ નહોતી એટલે ઊઠવામાં પણ મોડું થાય અને પછી ટી.વી. જોવામાં, આઈ.પી.એલ.ની ક્રિકેટ મેચો જોવામાં, ગલીની ક્રિકેટ રમવામાં, મોબાઈલ જોવામાં ક્યાં સમય જતો રહ્યો ખબર જ ન પડી! છેલ્લો દિવસ આવી ગયો. પ્રશ્નોના જવાબ કઈ ચોપડીમાં છે, મિત્રોન પૂછ્યું, તો એ ચોપડી જ ન મળે. નોટ્સ ગૌતી, એમાં પણ જવાબ નહોતા એટલે દોડ્યા બીજા મિત્રો પાસે. એમના પણ એ જ હાલ હતા! માંડ માંડ ગૃહકાર્ય પૂરું કર્યું!

વિદ્યાર્થીઓની પરીક્ષા તે એક વર્ષ પછી લેવાની હોય છે એટલે તૈયારીનો સમય છે. ક બાર મહિનાનો હોય છે. સામાન્ય રીતે બધા પરીક્ષા પાસે આવે ત્યારે જ લાયબ્રેરીમાં જવાનું, વાંચવાનું શરૂ કરે છે અને રિઝલ્ટ સારું પણ આવે છે..!

વડીલોએ તો વર્ષો પહેલાં કહ્યું છે કે કાલ કરવાનું કાર્ય આજે જ કરો અને આજે પૂરું કરવાનું કાર્ય હમણાં જ કરો.... પરંતુ આપણો સ્વભાવ જ એવો છે ને કે ટી.વી., મોબાઈલ, ગપ્પા મારવામાં જ વધુ મજા આવે છે, કામ પૂરું કરવા કરતાં!

૧૯૫૫માં બ્રિટિશ સરકારે, બ્રિટિશ સિવિલ સર્વિસમાં કામ કરતા ઓફિસર્સની એફિસિયન્સી ઉપર સ્ટડી કરવાનું કાર્ય પાર્કિન્સન સાહેબને સોંપ્યું. એમની કાર્ય કરવાની રીત, પ્રકાર, કાર્ય કરવાનો સમય અને એમની ઉપલબ્ધિઓ વગેરે. એમણે જોયું કે છેલ્લાં પચ્ચીસ વર્ષમાં ઓફિસર્સની સંખ્યામાં મોટો વધારો થયો હતો, છતાં પણ સરકારનું કાર્ય ખાસ કંઈ થયું નહોતું! એટલે કામની સરખામણીમાં ઓફિસર્સ વધુ હતા અને આટલા બધા કર્મચારીઓ હોવા છતાં બધા જ, બહુ જ 'બિઝી' હતા! વધુ કર્મચારીઓ ભરતી થવાની સાથે જ વર્ક એક્સપાન્સન થતું હતું. વધુ વિભાગો થયા, જેથી વધુ સારી રીતે કાર્ય થઈ શકે,

પણ એ તો વધુ કર્મચારીઓ શા માટે રાખ્યા છે? એને જસ્ટિફાઈડ કરવા માટે હતા. આ અવલોકન ઉપરથી એમણે ૧૯૫૮માં કેટલાક નિયમો આપ્યા, જેને પાર્કિન્સન્સ લો કહે છે. એમનાં અવલોકનોમાં બે વસ્તુ ખાસ હતી ૧. દરેક અધિકારીએ કાર્યક્ષમ કર્મચારી કરતાં પોતાની હાથ નીચે રહીને કામ કરે - યસમેનને પસંદ કર્યા હતા. ૨. અધિકારીઓએ એ દરેકને કામ વહેંચી આપ્યું હતું. ખરેખર જે કામ ઓછા કર્મચારીઓથી થતું હતું, તે હવે વધુ કર્મચારીઓ ભેગા થઈને કરતા હતા,

એટલે પાંચ ટકાથી સાત ટકા જેટલા કર્મચારીઓ દર વર્ષે વધતા હતા, જ્યારે કાર્ય અને કાર્યક્ષમતામાં ખાસ કાંઈ ફેરફાર થતો નહોતો !

એટલે પ્રભાવશાળી રીતે ટૂંક સમયમાં કાર્ય પૂરું ન કરવાનું બધાએ નક્કી કર્યું હતું !

કાર્ય કરવા માટે, પરીક્ષા માટે તૈયારી કરવા માટે જે કંઈ સમયગાળો મળ્યો હોય, એને તમારી રીતે મૂલવો અને જુઓ કે આનાથી ઓછા સમયમ પણ આ કાર્ય થઈ શકે છે કે કેમ ?

જેમ કે, એક ૨૦૦૦ શબ્દનો નિબંધ લખવા માટે તમે બે દિવસ માગો તો એ વધુ છે અને કોઈ તમને ફોર્સ કરે તમારે પંદર મિનિટમાં જ આ કાર્ય કરવાનું છે, તો એ બહુ ઓછો સમય છે. એટલે, ત્રણથી ચાર કલોક આના માટે યોગ્ય સમયગાળો ગણાય.

જો તમે કાર્ય પૂરું કરવા માટે વધુ સમય ફાળવશો તો એ કાર્ય એ સમય લેશે અને યોગ્ય, ઓછો સમય ફાળવશો તો એ કાર્ય એ સમયગાળામાં પણ પૂરું થઈ જ જશે.

થોમ્સન એડિસને ઘણી બધી



**ડોક્ટર કહે છે**

**- ડો. યોગેશ વેલાણી**

શોધો કરી છે. એની એક ખાસિયત હતી કે એ પોતાની શોધ હજુ પ્રારંભિક તબક્કામાં હોય ત્યારે જ મીડિયા સમક્ષ એની જાહેરાત કરી દેતા, જેથી પબ્લિક તરફથી આ શોધ ક્યારે થશે એની પૂછપરછ માટે દિવસ -રાત એક કરવા પડતાં અને કાર્ય ડેડલાઈન પહેલાં જ પૂરું થઈ જતું !

અમેરિકાના એલન મસ્ક ને ટ્રમ્પ સાહેબ અમેરિકાના પ્રમુખ બન્યા પછી કોણ નહીં ઓળખતું હોય ? એમની પણ એક આદત છે કે હવે ૮૦ કલાકનું ૫ કલાકનું કામ ૪૦ કલાકમાં કરવા માટે કર્મચારીઓને કહે છે અને પછી બે દિવસ જલ્સા કરો...! કુટુંબ સાથે રહો. એને પણ સમય આપો, પણ કાર્ય કરો ત્યારે ઈમાનદારીથી ચીવટપૂર્વક એક એક ક્ષણનો હિસાબ રાખીને કર્યો અને પછી જુઓ, સફળતા મળે છે કે નહીં ?

માનવમન સાઈકોલોજી પ્રમાણે માનવમન નાની નાની બાબતોમાંથી આનંદ, એપ્રિસિયેસન્સ મેળવવાની કોશિશ કરતું રહે છે. કોઈપણ કાર્ય તરત જ આનંદ, સંતોષ ન આપે અને લાંબે ગાળે આપે તો એવું કાર્ય કરવાનો કંટાળો આવે છે. જેમ કે, કંઈક ચટપટું ખાવાથી તરત આનંદ મળે, મજા આવે અને ઘરનું ખાવાથી લાંબા ગાળે સારું આરોગ્ય રહે. તો આપણે શું પસંદ કરીએ છીએ ?

દરરોજ કસરત કરવાથી સ્વસ્થ રહેવાય, એ બધાંને ખબર છે છે અને શરૂઆત તો બધાં કરે છે, પણ પછી.. ? શિયાળામાં વહેલાં ઊઠીને ચાલવા જવા કરતાં સૂવામાં વધારે આનંદ મળે છે એટલે થોડાક દિવસ ડરના માર્યા ડોક્ટરે કે બીમારીએ બીવડાવ્યા હોય એટલે ચાલવા જાય, પણ પછી... તરત આનંદ તો સૂવામાં જ મળે છે, એટલે...! વિશ્વમાં કર્મચારીઓના કાર્યના કલાકો ૧૯૯૦માં ફ્રાન્સમાં ૧૭૭૯ કલાક વર્ષ દરમ્યાનના હતા, જે ૨૦૨૦માં ૧૪૦૦ કલાક/વર્ષ થઈ ગયા, જેને લીધે 'આઉટપુટ' બહુ જ ઓછું થવા માંડ્યું એટલે ૨૦૨૪માં ૧૮૬૭ કલાક કરી નાખ્યા. જ્યારે અમેરિકામાં ૨૦૨૪માં ૧૯૭૬ કલાકવર્ષ દરમ્યાન કાર્ય કરવાના છે જ.

સામાન્ય રીતે વિકસિત દેશોમાં કાર્ય કરવાના કલાકોમાં ૧૯મી સદી કરતાં ૨૦ ૩૦ કલાક ઓછા તો થઈ જ ગયા છે.

લાંબા કાર્યના કલાકો એટલે વધુ ઉત્પાદન અને સારું કાર્ય એવા અવલોકન પણ સાચાં નથી પડ્યાં. (કારણ કે, માનવમન સાથે કામ કરવાનું છે, મશીન સાથે નહીં!)

પાર્કિન્સન ડિસીઝ પણ થાય છે, જેમાં મગજમાં કેમિકલ લોચા થાય અને ડોપામાઈન નામનું કેમિકલ ઘટી જાય, જેથી સ્નાયુઓનું હલનચલન અને મગજની સંવેદનાઓ, યાદશક્તિ, એનાલિસીસ કરવાની શક્તિ ઘટે છે. આપણા ચહેરા -મોઢાના કુલ ૪૬ સ્નાયુ હોય છે, જેને કારણે આપણે હર્ષ - દુ:ખ, આનંદ, ક્રોધ, ઘૃણા, હતાશા વગેરે ભાવો આપણા ચહેરા ઉપર ચાડી ખાય છે તેમજ આ સ્નાયુઓનાં કારણે આપણે ખોરાકને ચાવવાનું કાર્ય પણ કરીએ છીએ એટલે જ્યારે આ આ રોગ થાય ત્યારે આપણો ચહેરો - ચહેરા ઉપર માસ્ક પહેર્યો હોય એમ કોઈપણ જાતની લાગણીઓ વિહીન "માસ્ક લાઈક ફેસ" દેખાય છે તેમજ ચાલવામાં, ખોરાક ગળવામાં, હાથમાં ધ્રૂજારી તેમજ ભૂલી જવું વગેરે થાય છે.

આને રોકવા માટે પણ પાર્કિન્સસ લોની જરૂર છે અને એનો અમલ આજથી -અત્યારથી જ કરવો જોઈએ. જેમ કે, દરરોજ નિયમિત કસરત (બીજી ન આવડે તો ચાલવા જાવ), પેકડ ફૂડ ઘટાડો, વધુ પ્રમાણમાં ટ્રાન્સફેટ લેવાય છે, એ ઘટાડો અથવા બંધ કરો, મગજને ગતિશીલ રાખવા વાંચો - લખો - બોલો - મગજની કસરતો કરો - ધૂમ્રપાન અને દારૂ બંધ. હંમેશા ગતિશીલ રહેવા માટે ઈંગવાર નામના વૈજ્ઞાનિકે કહ્યું છે કે ૧૦ - ૧૦ મિનિટના નાના નાના ટાઈમ સ્લોટ બનાવો. ૨૪ કલાકમાંથી સૂવાના, તૈયાર થવાના, જમવા વગેરેના ૧૨ કલાક બાદ કરો. બાકી બચેલા ૧૨ કલાકના ૧૦-૧૦ મિનિટના સ્લોટ. ૭૨ સ્લોટ થાય -દરરોજ આ ૭૨ સ્લોટ ઉપર નજર રાખો. આજે મેં કસરત નથી કરી, છ સ્કોટ બગાડયા... આજે એક કલાક વાંચ્યું નથી, બીજા છ સ્લોટ બગાડ્યા વગેરે.... આમ કરવાથી -ભાવશાળી રીતે કાર્ય હોય કે જીવન જીવવાની શૈલી હોય, કેવી રીતે ઓછા સમયમાં કરી શકાય - તંદુરસ્ત, લાંબું, સફળ જીવન જીવવા માટે કે બિઝનેસમાં સફળ થવા માટે પાર્કિન્સસ લો કામના છે.

સમય આપણી પાસે લિમિટેડ છે એટલે કાલે કરશું એમ કામને કોરાણે ન મૂકો. પાંડવો સહેલ કરતા હતા. ત્યાં એમને એક બ્રાહ્મણ ભિક્ષુક મળ્યો અને કંઈક દાનની યાચના કરી. જોષ્ઠ ભ્રાતા યુધિષ્ઠિરે એને કાલે આવવાનું કહ્યું. ભિક્ષુક તો જતો રહ્યો, પણ બાકીના ચારે પાંડવ કૂદવા માંડયા. જયેષ્ઠ ભ્રાતાને ભવિષ્યની જાણ છે..કાલે આપણી હસ્તી હશે જ એવું એમને જ્ઞાન છે. આમ તો કાલે શું થવાનું છે, એ કોઈને ખબર નથી હોતી એટલે આજે જ - હમણાં જ જે કરવાનું હોય તે કરવાનું શરૂ કરી દો. (ન જાણ્યુ જાનકીનાથ સવારે શું થવાનું છે?)

ભૂલ સ્વીકારવામાં જેઓ નાના થઈ જતા હોય છે, તેઓ... જીવનમાં ક્યારેય મોટા થઈ શક્તા નથી.




# પનુન કશીર-૨

જે અસહ્ય પીડા સાથે કાશ્મીરી પંડિતોએ ૧૯૯૦ ના દાયકામાં કાશ્મીરથી ફરજિયાત રીતે હિજરત કરવી પડી હતી .કેમ કે કાશ્મીરમાં પંડિતોએ પોતાની જાન બચાવવાનું પણ મુશ્કેલ થઈ રહ્યું હતું .પંડિત સમુદાય માટે આ એક ભયંકર વેદનાનો સમય રહ્યો .કેમકે તે સમયે કશ્મીરી પંડિતોની જ ક્રૂર , સામૂહિક, કાતિલ, અમાનવીય રીતે જાહેરમાં હત્યા થઈ રહી હતી . રાક્ષસી આંતકવાદ એની ચરમસીમાએ પહોંચી રહ્યો હતો .જેથી કાશ્મીરી પંડિતોનું ઘણી જ મોટી સંખ્યામાં પલાયન થયું . નિર્દોષ પંડિતો વિસ્થાપિત થતા રહ્યા. ખૂબ જ વિદ્વાન અને ઉચ્ચ કક્ષાના પદ ધરાવતાં પંડિતોએ પોતાના મૂળભૂત હકો માટે આંદોલનો પણ છાશવારે સદીઓથી જમ્મુ અને દિલ્હી ખાતેથી કરતાં રહ્યાં છે .કાશ્મીરમાં માર્યા ગયેલા પંડિતો માટેની ન્યાય અપાવવા ,કાયદાકીય તપાસ માટે પંડિતો સતત પ્રયત્નશીલ પણ રહ્યા અને હજુ પણ પ્રયત્ન કરે જ છે .કશ્મીરના મૂળ નિવાસી હિન્દુ કશ્મીરી પંડિતો કે જેમના થકી કશ્મીર કશ્મીર ભૂમિ નું નિર્માણ થયું. એ જ પંડિતો આંતકવાદના ડર વગર કાશ્મીરની ભૂમિમાં જ અલગ એક નિયત સ્થળે વસે અને ત્યાં તેમને સરકાર તરફથી સુરક્ષા અને સલામતી મળતી રહે .આ સ્થળ ફક્ત અને ફક્ત કાશ્મીરી પંડિતોનું જ બની રહે .એ જ પનૂન કશીર. આપણું પોતાનું કશીર. પનૂન કશીર એક પંડિતોનું મજબૂત સંગઠન છે. જે લગાતાર વર્ષોથી સરકાર સાથે મંત્રાણાઓ મીટીંગો, પરિષદો યોજીને લેખિત અરજીઓ કરી રહ્યું છે. વિસ્થાપિત કશ્મીરી પંડિતોના માટે કાશ્મીર રાજ્યમાં જ પુનર્વસન માટે એક અલગ કેન્દ્રશાસિત પ્રદેશ બનાવવાની દરખાસ્ત કરી હતી અને આ દરખાસ્ત હજી પણ પ્રક્રિયામાં છે. કાશ્મીરી પંડિતોએ પોતાના જ વતનમાં વિસ્થાપનની અસહ્ય પીડા ભોગવી અને આ પીડામાંથી જ પનૂન કશીરનો જન્મ થયો છે . કાશ્મીરમાં આંતકવાદ અને અલગતાવાદ પ્રત્યે ભારત સરકારની નીતિમાં મૂળભૂત પરિવર્તન કરવાની પણ તેઓ શાંતિથી માંગણી કરી રહ્યા છે. પંડિતોએ કાશ્મીરના નકશામાં જ પનૂન કશ્મીરનું દેખીતું રૂપ આપીને રેખાંકિત કર્યું છે. કશ્મીરી પંડિતો હિંસક તીવ્ર હુમલાઓ ,ધાર્મિક ઝનૂન અને અપાર હિંસાના સતત ભોગ બનતા રહ્યા છે. જેમાં ખૂબ ખરાબ રીતે બળજબરીથી ધર્મપરિવર્તન , હત્યાકાંડો , સામુહિક ઘાતકી ,નર સંહાર ,મંદિરોનો ધ્વંસ , અપાર નુકસાન,તોડફોડ અને પંડિતોના ઘરો ,વાડીઓ, માલિકીની ચીજ વસ્તુઓની તોડફોડ, સદંતર નાશનો સમાવેશ થયેલ છે .જે ખતરનાક ખોફ અને સળગતા કોલસાના અંગારાના દહેશતભર્યા માહોલમાં પંડિતોએ પોતાની જન્મભૂમિમાં કેવી રીતે સમય વિતાવેલ છે !!!! એનું ભયભર્યું વર્ણન પણ આપણને ધ્રુજાવી દેવું દે એવું છે.

એમ તો, શેખ અબ્દુલ્લા ની સરકારના સમયથી જ મુસ્લિમોની બહુમતીના આધારે મુસ્લિમશાસક રાજ્ય બનવાના પાયા નંખાઈ જ ગયા હતા. શેખ અબ્દુલ્લા એ મસ્જિદોમાં સાંપ્રદાયિક ભાષાનો આપવાનો પણ દોર શરૂ કર્યો .જેથી એકતરફી કટ્ટરતા વધી રહી .જે ૧૯૩૦ ના દાયકામાં તેમના સંઘર્ષાત્મક સ્વતંત્રતા તરફથી ભાષણોનો મારો વધુ ને વધુ તેજ હતો. સારે જહાં સે અચ્છા ના ગીત ના સર્જક કવિ શ્રી ઈકબાલ અને મહંમદ અલી જીન્હા દ્વારા રચાયેલ ટુ નેશન થિયરીના પડઘા રૂપે છેવટે મુસ્લિમ લીગના જોરદાર સમર્થન થકી દેશના ભાગલા રૂપે ઉદ્ભવેલ દેશ પાકિસ્તાન કાશ્મીર માટે સતત ,કાયમનું લમણાઝીંક ,હેરાનપરેશાન કરતું રહ્યું અને આતંકવાદનું પાશવી ઝેર સતત ઓકતું રહ્યું છે. મુસ્લિમ યુવાનોનું મગજમાં ધર્મની કટ્ટરતાનું વિચિત્ર ભૂત ઉમેર્યું .એક તરફી સત્તાનું લાલચભર્યા વિચારોનું ધુમ્મસ , વાણીસ્વતંત્રતાના અધિકાર. તરફથી જે કે એલ એફ અને જમાત- એ- ઈસ્લામી કશ્મીર સહિત પાકિસ્તાન તરફથી ઈસ્લામિક જૂથોએ કશ્મીરની મુસ્લિમ વસ્તીમાં ઝડપથી વધતી ભારત વિરોધી લાગણીઓને એકત્રિત કરેલી . તેમાં કશ્મીરની મુસ્લિમ ૧૯૮૪ ના વરસમાં સમગ્ર કાશ્મીરમાં આંતકવાદનો ક્રૂર પંજો વધુને વધુ ઝનૂનથી , કાતિલ રીતે ફેલાતો રહ્યો.

ફેબ્રુઆરી માસમાં કશ્મીરમાં જે .કે .એલ .એફ( JKLF ) આતંકવાદી મકબુલ ભાટને ફાંસી આપ્યા પછી કાશ્મીરી રાષ્ટ્રવાદીઓ દ્વારા વિવિધ હડતાલો ,ઝુલુશો મારફત વિરોધ પ્રદર્શનની માત્રા વધતી રહી .કશ્મીર મુસ્લિમ યુવાનોમાં શિક્ષણનું પ્રમાણ ઘણું ઓછું હોવાથી ઘણી મોટી સંખ્યામાં કાશ્મીરી મુસ્લિમ યુવાનોએ ખૂબ ખૂબ જ વ્યાપક રીતે ભારત વિરોધી પ્રદર્શનમાં ભાગ લીધો .એક કમનસીબી બીજું તો શું ?? કશ્મીર ફક્ત મુસ્લિમોનું જ એકાકી ,એકાંગી રાજ્ય બને. પાકિસ્તાન દેશ અહીં કાશ્મીરમાં જ બને એવી રીતે ભરેલા અગ્નિ જેવી ગરમ હવા કાશ્મીરમાં ફેલાતી રહી.વિચારો કેવી ઝનૂન અને ઝેરીલી હવા વ્યાપેલી હતી ....!!

૧૯૮૬ માં કશ્મીરમાં કોમી હુલ્લડો થયાં ત્યારે કોઈ પણ કશ્મીરી પંડિતોને જ કાશ્મીરી મુસ્લિમો દ્વારા સીધા નિશાન બનાવવામાં આવ્યા અને તેમને ક્રૂર રીતે સીધાં અચાનક માથું કાપીને મોતને ઘાટ જ ઉતારવામાં આવ્યા હતા. મુસ્લિમોનો જલ્લાદ , ઘાતકી ખાટકી જેવો ખોફ રહ્યો હતો ને !!! તે સમયે સૌથી વધુ કોમી રમખાણો દક્ષિણ કાશ્મીર અને સોપોરમાં થયા હતા. આજે વર્તમાનમાં પણ જમ્મુ અને કશ્મીરના પ્રદેશમાં દક્ષિણ કશ્મીર અને સોપોર સૌથી વધુ સંવેદનશીલ સ્થળો છે અને સહુથી વધુ આંતકવાદીઓના હુમલાઓ વારંવાર અહીં થતા રહ્યા છે .અહીંના મજબૂત રાજકીય ઈસ્લામી વાદીઓ અને મસ્જિદના મૌલવીઓ દ્વારા રજૂ કરાયેલ મુસ્લિમ કાશ્મીર વચ્ચેના સંઘર્ષ તરીકે પાક ઈરાદાઓ વ્યવસ્થિત રીતે દર્શાવવામાં આવી હતી.



## ચશ્મે બદૂર કશ્મીર


ડો. રાધિકા ટીક્કુ, વલસાડ

.. સને ૧૯૮૭ ની રાજ્ય ચૂંટણીઓ માટે અતિશય કટ્ટર જમાતે-ઈસ્લામી કશ્મીર સહિત વિવિધ જૂથોએ મુસ્લિમ યુનાઈટેડ ફ્રન્ટના બેનર હેઠળ સંગઠિત કર્યા .અહીં ઈસ્લામિક એકતા સઘન રીતે કેન્દ્રસ્થાને રહી. કશ્મીરમાં આંતકવાદીઓએ ભારત તરફની તરફેણ નીતિઓનો ખુલ્લેઆમ વ્યક્ત કરતાં, કરનારા કોઈપણ વ્યક્તિની હત્યા જાહેરમાં કરી દેવી .આ ઉદેશ્યમાં કશ્મીરી પંડિતોને ખાસ કરીને મુખ્ય નિશાન બનાવવામાં આવ્યા હતા. કારણ કે પંડિતો ,સંપૂર્ણ રીતે ભારતને સમર્પિત હતા. દિલ્હી સાથેના તેઓ સીધા સંપર્કમાં હતા .જે. કે .એલ. એફ(JKLF) તો જાહેર પ્રવચનમાં ઈસ્લામિક ફોર્મ્યુલેશન નો ઉપયોગ કરતા હતા .આ સંગઠન ઈસ્લામિક શાસન તરફનો વધુ જોક ધરાવતું હતું. જુલાઈ ૧૯૮૮ માં જમ્મુ કશ્મીર લિબરેશન ફ્રન્ટે કાશ્મીરને ભારતથી અલગ કરવા માટે મજબૂત રીતે અલગતાવાદી બળવો શરૂ કર્યો .ભારતીય વાયુ સેનાના લીડરો , અધિકારીઓ, કર્મચારીઓ ,આઈએએફના અન્ય ૧૦ જવાનો ઘાયલ થયા. દિન દહાડે આંતકવાદીઓએ રાવલપુરા બસ સ્ટેન્ડ નજીક અંધાધૂધ ગોળીબારીઓ કરી. જેમાં ૭ પોલીસ કોન્સ્ટેબલ અને હેડ કોન્સ્ટેબલ સહિત ઘણાં લોકો શહીદ થયાં.આંતકવાદની બેસુમાર ગોળીઓથી કાશ્મીરની ભૂમિ શાપિત થઈને રક્તરંજિત થતી રહી. તે સમયે અનેક ગુપ્તચર અધિકારીઓની પણ આપોઆપ હત્યા અચાનક થતી રહી .૨ ફેબ્રુઆરીને દિવસે શ્રીનગરના અતિ વ્યસ્ત ભરચક ,હબ્બા કાદલના વિસ્તારમાં સતીશ ટિક્કુ કે જેઓ અગ્રણી કશ્મીરી પંડિત હતાં.વળી તેઓ લોકપ્રિય સામાજિક કાર્યકર્તા પણ હતાં.તેમના ઘરમાં જ સતીશ ટિક્કુ પંડિતની કરપીણ હત્યા થઈ . બસ,લોકો આવો ખુની તમાશો જોતાં રહ્યાં.પંડિતો ઘરમાં પૂરાતા ? રહ્યાં અને મુસ્લિમો બિન્દાસ્ત રોડ પર ઘૂમતા રહ્યાં.તેમને તો મુસ્લિમોનું આવું ધૃણાસ્પદ કાર્યમાં પણ ધર્મનો વિજય દેખાઈ રહ્યો હતો ને !!! કોઈ પણ રીતે પંડિતો કાશ્મીરથી ભાગી જાય ..બધી જ મિલકત છોડીને ....આ જ માસમાં શ્રીનગર દૂરદર્શનના સ્ટેશન ડિરેક્ટર લસ્સા કૌલ કાશ્મીરી પંડિતની એની ઓફિસમાં જ હત્યા થઈ. એપ્રિલ મહિનામાં કશ્મીરી કવિ સર્વાનંદ કૌલ અને તેમના પુત્રને ગોળી મારીને જાહેરમાં ફાંસી અપાયેલ . કેવું અધમ કૃત્ય !!! આ કરપીણ હત્યા દ્વારા આંતકવાદીઓનો પંડિતો માટેનો સ્પષ્ટ સંદેશો હતો કે, પંડિતો અમે તમને જાહેરમાં મારી નાંખતા જરા પણ અચકાઈશું નહીં અને તમને કોઈ સરકાર કે વ્યક્તિ બચાવી નહી જ શકે .હજારો પંડિતોની હત્યા એમની જ જન્મભૂમિ ઉપર મુસ્લિમો મારફત જ થઈ .આંતકવાદના ડરામણા માહોલ સમયે કાશ્મીરી પંડિતોની ગભરુ હરણ જેવી પરિસ્થિતિ રહી... એનો અંદાજ પણ કાઢવો અતિ મુશ્કેલ અને નાજુક છે. મુસ્લિમોએ વરસાવેલ કાળા કેરની વ્યથા પંડિતોએ પોતાના હૈયે અનુભવેલ છે!!!! એ વળી,ક્યાંથી ભૂલી શકાય ??




સ્થાનિક મુસ્લિમ પ્રજા પણ ઈસ્લામિક શાસન માટે અતિશય મજબૂત રીતે, પ્રત્યક્ષ પણે આંતકવાદીને મદદ કરતી રહી!!!! ખૂબ લાંબા સમય માટે , મહિનાઓ સુધી આંતકવાદીઓને ઘરમાં આશરો આપતી .ભોજન અને અન્ય જરૂરિયાત પ્રેમથી પૂરી પાડતી .આ તો અલ્લાહનું નેક કામ છે ,એમ પોતાની ફરજના ભાગ રૂપે ઈબાદતથી સંપૂર્ણ, સ્નેહથી , આત્મીયતાથી મહેમાનગતિ, સમર્પણભાવથી જોડાતી પણ રહેતી .આ પણ પંડિતોના વિસ્થાપન માટે એક નક્કર પરિબળ કહેવાય. સને ૧૯૮૬ થી જ કાશ્મીરી પંડિતોની હિજરત શરૂ થઈ ગઈ .

૧૯૮૬ માં જ્યારે ભારત- પાકિસ્તાનની મેચ રમાતી અને જો પાકિસ્તાનની ટીમ હારી જતી ત્યારે પંડિતોની ઘરની બારીઓના કાચને તોડી નાખવામાં આવતા અને પાકિસ્તાનની ટીમ જીતી જતી




ત્યારે તે જીતના આનંદ માટે પાકિસ્તાન તરફી સરઘસ રોડ ઉપર નીકળતું. કોઈપણ અંકુશ રાજ્ય તરફથી હતો નહીં. મુસ્લિમોને કોઈ ડર જેવું હતું જ નહીં .એક ક્રૂરતાભર્યુ ,ગંદી, અરાજકતાભર્યુ ,નફટાઈભર્યું , પિશાચી, બદતમીજીનું , દૂષિત,વૈમનસ્ય ભર્યું એક અલગ કશ્મીર ઊભરી રહ્યું હતું . જેમાં પંડિતોને અહીંથી તગેડી મૂકો , મારી જ નાંખો ,કાપી નાંખો એવો એકહથ્થુ સૂર વ્યાપી રહેલ . શાલીન પંડિતો અતિ શાંતિપ્રિય, કુટુંબવત્સલ અને સહિષ્ણુ હોવાથી ભયભીત થતાં રહ્યાં અને પંડિતોની વસ્તી પણ બહુમતી મુસ્લિમોની સામે ઓછી હતી .મુસ્લિમોને સીધું પીઠબળ પાકિસ્તાન દ્વારા પ્રાપ્ત થતું હતું .મુસ્લિમોનો ઝુકાવ પાકિસ્તાન તરફી જ રહયો હતો . આખા મુસ્લિમ સમુદાયને આંખના કણાની જેમ પંડિતો વારંવાર ચૂભી રહ્યા હતાં .મુસ્લિમો તરફથી ૧૯૮૬ થી ૧૯૮૯ સુધી કોમી રમખાણોના છમકલા વધતા રહ્યાં . કશ્મીરી પંડિતોનો કાયમી સફાયો , નામશેષ કઈ રીતે અને કેટલો થયો .. એ વિષય ઉપર વિગતે ચર્ચા આખો દિવસ થતી રહેતી .પંડિતોના ઘરમાં મુસ્લિમ લોકો નોકર તરીકે કામ કરતાં હતાં.કેમ કે ,અતિ ધનાઢ્ય કાશ્મીરી પંડિતોના વિશાળ ,આલિશાન ,નકશીદાર લાકડાના બંગલાઓ અને હજારો હેક્ટરોની વાડીઓ હતી .અહીં એ વાત અચરજ ભરી વાત રહેતી કે ,મુસ્લિમ નોકર પંડિતના ઘરમાં કામ કરતાં કરતાં ને રોજની વાતચીતમાં બેફિકર થઈને જણાવતા પણ રહેતાં કે ,કાશ્મીરના આ વિસ્તારમાં આ દિવસે બોમ્બ ફૂટશે, આ સ્થળે ગોળીબારી થવાની છે અને આવા હુમલાઓની ચર્ચા અને આયોજન કાશ્મીરની મસ્જિદમાં છડે ચોક થતી રહેતી હતી. મુસ્લિમોની એટલી બધી હિંમત વધી ગઈ હતી !!!! આ એક - કારની દુષ્ટતા પણ કહેવાય ને !! શરૂઆતમાં તો પંડિતોએ વધુ ધ્યાન નહીં આપ્યું પણ પછી ગણતરીબદ્ધ વારંવારની ઘટનાઓ પુનરાવર્તન પામતી રહી અને મુસ્લિમો પંડિતોના જ મોતના ભૂખ્યા થઈ રહ્યાં એવું સ્પષ્ટ થઈ રહ્યું ત્યારે



પંડિતો ધ્રૂજી રહ્યાં .ઘરની આજુબાજુના માહોલમાં પણ એક ભયંકર ચુપકીદી અને હિન્દુ વિરોધી ,નફરતી મોતનો તાંડવ ખેલાઈ રહ્યો હતો .

સને ૧૯૮૯ થી ૧૯૯૦ માં દક્ષિણ કાશ્મીરમાં તો એક જ નારો મુસ્લિમ સમુદાય ઉચ્ચારતા હતાં .અહીં કશ્મીરમાં પાકિસ્તાન બનવાનું છેં. તે સમયે આઝાદ કાશ્મીરનો તો એક પણ શબ્દ બોલાતો નહોતો. અનંતનાગનું નામ ઈસ્લામાબાદમાં રૂપાંતર કરવામાં આવ્યું અને પાકિસ્તાનનું પાટનગર ઈસ્લામાબાદ બની રહ્યું છે, એવું મુસ્લિમો જાહેરમાં બોલતા હતાં .પંડિતોની પોતાની ન્યુઝ એજન્સી અને મેગેઝીનનો પોતાની માલિકીના હતાં .તેઓ સ્વતંત્ર રીતે મેગેઝીન પણ પ્રકાશિત કરતા હતા. કશ્મીરી પંડિતોની અટક મેગેઝીન પણ છે .૧૯૮૯ ની શરૂઆતમાં જ અલફત્તા ,અલ્લાહ ન્યુઝ પેપર છપાવવા લાગ્યા અને પંડિતોના વર્તમાનપત્ર અને સામાયિકોને બિન ઈસ્લામિક દરજ્જો આપીને સંપૂર્ણ રીતે બંધ કરાવી દીધા હતાં.આ તે કેવી જોહુકમી !!!!! પંડિતોની યાદી બનાવીને જાહેરમાં મૂકાતી હતી કે, હવે આનો વારો.... જેમાં અનુક્રમ મુજબ પંડિતોની હત્યાનું ખુલ્લેઆમ આયોજન લેખિતમાં મુકાઈ જતું હતું. એમના ઘરની બહાર અને રસ્તા ઉપર પણ મોટા અક્ષરે બોર્ડ બનાવીને મુકાઈ જતું હતું. રોજની પ્રતિષ્ઠિત પંડિતોની હત્યા જાહેરમાં ગોળી મારીને ઢીશુમ ઢીશુમ રીતે થતી રહી. એક સીરીયલ કિલિંગનો સિલસિલો કાશ્મીરમાં શરૂ થયો અને પંડિતોની દેખરેખ માટે , સલામતીમાં ,સુરક્ષા માટે કોઈ પણ રીતે , કોઈપણ વ્યક્તિ તરફથી કોઈપણ એજન્સીઓ દ્વારા કોઈ પણ સૂક્ષ્મ વ્યવસ્થા નું આયોજન નહોતું ..કોણ કોને બચાવે, કોણ કોને જાળવે અને કોણ કોને હુંફ આપે ??એવી રીતે નિરાધાર પંડિતો ૧૯૯૦ ના દાયકાની શરૂઆતમાં રહ્યા.


(વધુ આવતા અંકે)


# નોકરી અને અભિમાન બંને સાથે ન રહી શકે

એક નોકર કામચોર હોય છે. કામ કરવાથી તે ગભરાય છે. નાનાં-મોટાં બહાનાં કરીને તે વારંવાર ગેરહાજર રહે છે. હાજર હોય તોપણ બરાબર કામ કરતો નથી. તેની પાસે બહાનાંનો ભંડાર હાજર હોય છે. આવા નોકરની પાસેથી વારંવાર ટકટક કરીને કામ કરાવવું પડે છે. કેટલીક વાર તે કામ ન કરવું પડે એટલા માટે સામી દલીલો કરે છે. લાંબા સમયે આવો કામચોર નોકર વિદ્રોહી થઈ જતો હોય છે. કારણ કે વારંવારની ટકટકથી તેને અપમાન લાગે છે. -થમથી તે વફાદાર તો હોતો નથી એટલે તેને વિદ્રોહી થતાં વાર નથી લાગતી. નોકર એવો જોઈએ જે મૂંગા મોઢે આજ્ઞાનું પાલન કરે. જો તેની જીભતેજ હોય અને સામે બોલનારી હોય તો તેવો નોકર પણ સુખદાયી થતો નથી. તેનો ત્યાગ કરવો હિતાવહ છે.

**ખટપટિયો નોકર**

આ પ્રકારનો નોકર જ્યાં નોકરી કરતો હોય ત્યાં ખટપટો કરતો રહે છે. ખટપટો કરીને પરિવારનાં મન એકબીજા પ્રત્યે ભડકાવે છે. તે એવી કુશળતાથી વાતો કરે છે કે વાત સાંભળનાર તેના પ્રત્યે હમદર્દ બની જાય છે. શેઠની વાત શેઠાણીને, શેઠાણીની વાત શેઠને અને બીજા બધાને સિફતપૂર્વક ચુગલી કરતો રહે છે. તેના પેટમાં કોઈ વાત ટકતી નથી. ન કહેવાની જગ્યાએ તે વાત કરીને ઘણી વાર સંબંધોમાં મોટી તિરાડો પાડી નાખે છે. કેટલીક વાર નાદાનીથી પણ આવી વાતો કરી બેસતો હોય છે. તેનામાં ગંભીરતા કે ઊંડાણ હોતું નથી. તે છીછરો હોય છે. જરાક કોઈ ચા–પાણી પિવડાવે કે તરત જ છલકાઈને બકબક કરવા લાગી જતો હોય છે. જેના ત્યાં આવો છીછરો ખટપટિયો નોકર હોય તે કદી શાંતિ ન પામી શકે. તેના ઘર-પરિવારમાં હોળીના ભડકા ભડકતા રહેતા હોય છે. આવા નોકરનો પણ ત્યાગ કરવો હિતાવહ છે.

## માનવ-સંબંધો



સ્વામી સચ્ચિદાનંદ

**વફાદાર અને સમર્પિત નોકર**

ઘણાં સદ્દભાગ્ય હોય તેને વફાદાર નોકર મળતો હોય છે. વફાદારીનો ગુણ મોટા ભાગે આનુવંશિક આવતો હોય છે. આમાં થોડો અપવાદ હોઈ શકે છે, પણ મોટા ભાગે તે આનુવંશિક હોય છે. જો આ વાત સાચી હોય તો નોકર રાખનારે માત્ર નોકર જ નહિ જોવાનો પણ તેનું કુળ પણ જોવાનું. જેના કુળનો ઈતિહાસ ખરાબ હોય તેનાથી બચવું જોઈએ. જેમ શેઠ કે સાહેબનાં પણ ઉત્તમ, મધ્યમ અને અધમ કુળ હોય છે તેમ નોકરોનાં પણ આવાં કુળ હોય છે.

ચાણક્યે જણાવ્યું છે કે રાજાએ હમેશાં કુળવાન માણસને મંત્રી બનાવવો. આવો ખાનદાન અને વફાદાર માણસ કદી પણ નીચી કક્ષાએ નહિ પહોંચે. એટલે આ વફાદાર નોકર જીવના ભોગે પણ પૂરી વફાદારીથી કામ કરશે. તે કદી બેવફા કે ગદ્દાર નહિ થાય. કદી વિશ્વાસઘાત નહિ કરે. તેની પાસે લાખ્ખો રૂપિયાની મૂડી આપશો તો તેને હેમખેમ રાખશે અને પરત કરશે. તે કદી લોભ-લાલચમાં નહિ પડે. ઘરમાં કે પેઢીમાં તે કદી પણ ચોરી નહિ કરે એટલું જ નહિ, બીજાને ચોરી કરવા પણ નહિ દે. તે કદી પણ શેઠનાં બાળ-બચ્ચાં ઉપર નજર નહિ બગાડે. પોતાનાં મા–બહેન–દીકરી સમજીને તેમનું જતન કરશે. કોઈ વાર જરૂર પડશે તો તેમના રક્ષણ માટે પોતાના -ાણ પણ આપી દેશે. જેની સાથે જીવનનો ઘણો ભાગ જીવવાનો હોય તે જો વફાદાર હોય તો જીવનનો બોજ હળવો થઈ જાય છે. પણ જો તે બેવફા હોય તો જીવન ભારે ભારે થઈ જાય છે. એટલે ખરેખર તો વફાદાર માણસ મળવો અત્યંત દુર્લભ હોય છે. તેનું જતન કરવું જોઈએ. કદી પણ તેનો ત્યાગ ન કરાય. વફાદાર માણસ જ સાચું રત્ન છે. જે લોકો રત્ન અને પથ્થરમાં ભેદ નથી કરી શકતા તે વફાદાર માણસને સાચવી કરી હોવા છતાં જો કોઈ સ્ત્રીવર્ગ પહેલ કરે કે દબાણ કરે તો ગમે તે બહાનું કરીને નોકરીથી છૂટા થવું. ચંચળ સ્ત્રીઓને કોઈ પહોંચી શકતું નથી. તે ખરાને ખોટું અને ખોટાને ખરું સિદ્ધ કરી શકતી હોય છે. બને ત્યાં સુધી તેમના સંપર્કથી દૂર હેવું.

૪. કદાચ કોઈ કારણસર નોકરી છોડવી જ પડે તો કદી પણ સંબંધ બગાડીને છૂટા ન થવું. હું નોકર છું એવું માનીને શેઠ ખોટા હોય તોપણ ક્ષ્પોતાની ભૂલચૂક થઈ હોય તો માફ કરજો એવી નમ્રતા બતાવીને છૂટા થવું. જીવન છે. ફરી ક્યારે પાછી આ જ નોકરી અહીં કરવી પડે તે કહી શકાય નહિ, એટલે ફરી આવવાનું થાય તોપણ નીચા જોવું પડે એવી વાતો ન બોલવી તમારી નમ્રતા અને સચ્ચાઈનો અંતે વિજય થવાનો જ.

૫. કદાચ નોકરી છૂટી જાય કે છોડી દેવી પડે તોપણ કદી પણ નિંદક ન થઈ જવું. સારા ગુણોને યાદ કરીને હમેશાં આભાર માનતા રહેવું. જેની સાથે વર્ષો કાઢ્યાં હોય તેનાં જમા તથા ઉધાર પાસાં પણ રહેતાં જ હોય છે. ઉધાર પાસાને ફુલાવી ફુલાવીને યાદ કરનાર કડવાશને ઘોળે છે. જ્યારે જમા પાસાને યાદ કરનાર મીઠાશ ઘોળે છે. ખાનદાની મીઠાશ ઘોળવામાં છે. અને યાદ રાખવું કે ફરી પાછા એ જ જગ્યાએ નોકરી કરવાનો પ્રસંગ આવી શકે છે. તેવા સમયે તમારે મોઢું સંતાડવું ન પડે તેની કાળજી રાખવી.

૬. નોકરી છૂટી જાય કે છોડી દેવાની થાય તોપણ છેલ્લી ઘડી સુધી પૂરેપૂરી કાળજીથી પોતાનું કામ કરતા રહેવું. હવે મારે ક્યાં નોકરી કરવી છેક્ષ–તેવું સમજીને બાકીના દિવસો જેમતેમ કામ કરવું કે અધૂરું કામ કરવું એ બરાબર નથી.

# જીવનમાં લર્નીંગ એટીટ્યુડ આવશ્યક


(વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, સુરત પુરસ્કૃત આંતર કોલેજ વ્યાખ્યાનમાળા અંતર્ગત નારણલાલા બી.એડ્.કોલેજમાં તા ૨૦/૯/૨૦૧૦ ના રોજ આપેલ પ્રવચનના આધારે)

સમાજમાં શિક્ષકનું સ્થાન ખૂબ જ મહત્ત્વનું ગણાયું છે. સમાજ કેવો હશે તેનો આધાર શિક્ષક પર રહેલો છે. તેથી શિક્ષક પાસે વિશેષ અપેક્ષાઓ રાખવામાં આવે છે. વળી, આજે એકવીસમી સદીનો પ્રથમ દસકો પૂર્ણ થવાને આરે છે ત્યારે શિક્ષક પાસેની અપેક્ષાઓનું સ્તર ઓર વધ્યું છે. જો કે આજે પણ કેટલીક પ્રાચીન માન્યતાઓ અને વિચારો એટલા જ પ્રસ્તુત જણાય છે. અઢારમી સદીના એક જાણીતા લેખક લીયો ટોલ્સ્ટોયને એક પત્રકારે પૂછ્યું કે વિદ્યાર્થીના ઘડતરનું મૂલ્ય શું છે? ત્યારે ટોલ્સ્ટોયે અત્યંત મૌલિક ઉત્તર આપ્યો હતો. એમણે કહ્યું હતું કે, લોખંડનો એક ટુકડો ભંગારવાળાને વેચવામાં આવે તો તેના ૧૦ રૂપિયા ઉપજે, એમાથી ઘોડાની નાળ બનાવી વેચવામાં આવે તો ૧૦૦ રૂપિયા ઉપજે પણ જો એમાથી ઘડિયાળની નાની નાની કમાન બનાવી વેચવામાં આવે તો તેના ૧૦૦૦ રૂપિયા ઉપજે લોખંડ તો એનું એ જ હોય છે પરંતુ એનું જે રીતે ઘડતર થાય છે એ રીતે તેનું મૂલ્ય અંકાય છેં.એવી જ રીતે વિદ્યાર્થીઓના ક્ષ્વન ઘડતરનું પણ છે. શિક્ષક પાસેની મૂળભૂત અપેક્ષા એછેકેએ વિદ્યાર્થીઓને મૂલ્યવાન બનાવે.

એકવીસમી સદીના શિક્ષકની ભૂમિકા અત્યંત મહત્વની છે. એક ચિંતકે સમાજને એવો પડકાર ફેંકયો કે તમે સાત વર્ષ માટે તમારું બાળક મને આપી દો એને શેતાન તો શું દુનિયાની કોઈ તાકાત બગાડી શકશે નહીં. એવી જ રીતે શિક્ષકે આવો પડકાર ઝીલી લેવાનો છે કે તમે તમારા બાળકો અમને સોંપી દો, અમે એમને એવી રીતે તાલીમ આપીશું કે દુનિયાના કોઈ અનિષ્ટ એને બગાડી શકશે નહી. એવો અભિગમ અને એવી ખુમારી આજના શિક્ષકો માટે આવશ્યક છે. આજે એકવીસમી સદીમાં અનેક અનિષ્ટો જનમ્યાં છે ત્યારે શિક્ષક પાસે આવી અનેક અપેક્ષા રહેછે. શિક્ષક સતત ગતિશીલ અને કાર્યરત હોવો જોઈએ.

બદલાતા જતા સમય અને પ્રવાહ અનુસાર શિક્ષકે અધ્યાપન પદ્ધતિમાં પરિવર્તન લાવવું પડશે. આજે શિક્ષણ પર વૈશ્વિકરણની અસર થઈ રહી છે ત્યારે શિક્ષક એનાથી અલિપ્ત કેવી રીતે રહી શકે? આજના સ્પર્ધાત્મક માહોલમાં માત્ર ઁચોક એન્ડ ટોકઁ મેથડને વળગી

## અભિવ્યક્તિ




ડો. જે.એમ. નાયક (નવસારી)
પૂર્વ આચાર્ય,
શાહ એન. એચ. કોમર્સ કોલેજ, વલસાડ

રહેવાનું ટાળવું જોઈએ. અનેકવિધ દશ્ય શ્રાવ્ય શૈક્ષણિક ઉપકરણોના ઉપયોગનું શિક્ષક કૌશલ્ય વિકસાવે એ સમયનો તકાદો છે અને શિક્ષક પાસેની એ અપેક્ષા છે. આપણા ગુજરાત રાજયમાં ફેબ્રુઆરી ૨૦૦૯ માં ગુજરાત એજયુકેશનલ ઈનોવેશન્સ કમિશનની સ્થાપના થઈ. એણે પણ વિશ્વની આવશ્યકતાઓને ધ્યાનમાં લઈને શિક્ષકો નવતર પ્રસ્તાવો અને નવતર પ્રયોગો કરે એના પર ખૂબ ભાર મૂક્યો છે. શિક્ષકની એક મહત્વની કામગીરીના ભાગ રૂપે મૂલ્યાંકનની નવીન પદ્ધતિઓ શોધવા પર અને એના અમલીકરણ પર પણ એટલો જ ભાર મૂકયો છે. શીખવે તે મૂલવે એ સિદ્ધાંત એકવીસમી સદીમાં વધુ અર્થપૂર્વક સિદ્ધ થાય એ જરૂરી છે. શિક્ષકે ઈન્ટરનેટ ઉપરથી તદ્દન આધુનિક માહિતી મેળવીને સજ્જ રહેવું પડશે. આજનો જમાનો એ માહિતી ક્રાંતિનો યુગ ગણાય છે. ઈન્ફોર્મેશન ટેક્નોલોજી શિક્ષણને પણ સીધી રીતે અસર છે. વાસ્તવમાં આઈ.ટી.ને કારણે શિક્ષણમાં પણ જબરદસ્ત પરિવર્તન આવ્યું છે. શાળા, શિક્ષણ, શિક્ષક, વિદ્યાર્થીઓ એમ તમામ પક્ષકારો e-learning ને અવગણી શકે એમ નથી. ઓનલાઈન પરીક્ષા પદ્ધતિથી માહિતગાર થવુ પડશે. પ્રસ્તુત પરિપ્રેક્ષ્યમાં શિક્ષક પાસે એ અપેક્ષિત છે કે તે આવા બધા means થી પરિચિત અને સુસજ્જ બને. આવું કરીને શિક્ષકો પોતાની expertise નો લાભ માત્ર એની શાળાના જ નહીં પરંતુ સમગ્ર વિશ્વના વિદ્યાર્થીઓને આપી શકે એમ છે. વિદેશમાં કેટલાક ઉત્સાહી શિક્ષકોએ પોતાની વેબસાઈટનું સર્જન કર્યું છે અને એના માધ્યમથી પોતાના જ્ઞાનનો લાભ વિશ્વને આપી રહયા છે. જો કે એની સામેના પડકારોથી સ્વયં શિક્ષક સભાન બને અને વિદ્યાર્થીઓને પણ સભાન રહેવાનું શીખવે એ જરૂરી છે. સાયબર નોલેજની સાથો સાથ સાયબર ક્રાઈમ પણ જોડાયેલો છે એ શિક્ષકો યાદ રાખે એ જરૂરી છે. વિદ્યાર્થીઓ કમ્પ્યુટરના ઉપયોગના અતિરેકથી કમ્પ્યુટરના એડીક્ટ (બંધાણી) બની ન જવા જોઈએ. વિદ્યાર્થીઓ કમ્પયુટરના વધુ પડતા ઉપયોગથી એકાંત પ્રિય બની જાય, એનામાં સંવેદના ઘટે કે સાયબર ક્રાઈમ તરફ વિદ્યાર્થીઓ વળી ન જાય તે તરફ શિક્ષકોએ ધ્યાન આપવું પડશે.

શિક્ષણ માટે પાઠ્યપુસ્તક એ એક સાધન છે, માધ્યમ છે. પાઠ્યપુસ્તકનો આધાર લઈને શિક્ષકે વિદ્યાર્થીઓનું સંસ્કાર ઘડતર કરવાનું છે. પાઠ્યપુસ્તકનું સ્થાન કોઈ લઈ શકે તેમ નથી. પરંતુ હવે પાઠ્યપુસ્તકની સી.ડી. પણ તૈયાર થાય છે. સી.ડી. માં જીવંત, (live) સ્વરૂપમાં દશ્યો, આલેખો, આકૃતિઓ, ઘટનાઓ, લોકજીવન, પ્રયોગો વગેરેની રજૂઆત કરવામાં આવી હોય છે. શિક્ષકે આવા પાઠયપુસ્તકો અને સંદર્ભસાહિત્યના ઉપયોગનું કૌશલ્ય કેળવવામાં વિલંબ ન કરવો જોઈએ. વિદ્યાર્થીઓ સ્વઅધ્યયન કરી શકે એ માટે પણ હવે વિપુલ પ્રમાણમાં અનેક પ્રકારનું સાહિત્ય ઉપલબ્ધ છે, જેનાથી શિક્ષક પરિચિત થાય અને વિનિયોગ કરતા થાય એવી અપેક્ષા શિક્ષક સિવાય બીજું કોણ પરિપૂર્ણ કરી શકે? વિપુલ પ્રમાણમાં અનેક પ્રકારનું સાહિત્ય ઉપલબ્ધ છે, જેનાથી શિક્ષક પરિચિત થાય અને વિનિયોગ કરતા થાય એવી અપેક્ષા શિક્ષક સિવાય બીજું કોણ પરિપૂર્ણ કરી શકે? શિક્ષકે વર્તમાન પરિપ્રેક્ષમાં પ્રાદેશિક ભાષામાં તૈયાર થતા પાઠ્યપુસ્તક ઉપરાંત રાષ્ટ્રીય સ્તરે રચાતા પાઠ્યપુસ્તકો તથા અન્ય રાષ્ટ્રોના પાઠ્યપુસ્તકોના પણ સતત સંપર્કમાં રહેવું જોઈએ. એકવીસમી સદીના શિક્ષકે ન.દ.ઞ, O.H.P. થી માહિતગાર થઈને પાવર પોઈન્ટ પ્રેઝન્ટેશન કરવું પડશે. ઈન્ટરનેટ, સી.ડી., ડી.વી.ડી, પેનડ્રાઈવ, આઈ.સી.ટી વેબસાઈટ થી પરિચિત થવું પડશે. એકવીસમી સદીમાં શિક્ષણનું પરિ-ક્ષ્ય બદલાયું છે. હવે શિક્ષકે પોતાના વિષય પરના -ભુત્વ ઉપરાંત અન્ય તમામ વિષયો અને ક્ષેત્રોમાં પારંગતતા કેળવવી પડશે પાઉલ ગુડમેનના શબ્દોમાઁ વર્ગખંડની ચાર દિવાલો વચ્ચેનું ફરજિયાત શિક્ષણ એ વિદ્યાર્થીની શકિતને કુંઠિત કરનારું, તેની અવ્યકત સર્જનશકિતનું દમન કરનારું અને સામાજિક ચિંતાઓ વધારનારું બળ છેં. એકવીસમી સદીમાં શિક્ષકોની નોકરી માટેની શરતો અને પરિસ્થિતિ પણ બદલાય એ નિર્વિવાદ હકીકત છે. અત્યાર સુધી શિક્ષકની નોકરીઁ સલામત નોકરીઁ ગણાતી હતી. પરંતુ હવે એમાંથી સલામતીનું તત્વ જોખમાયું છે. શિક્ષણનું પણ મોટા પાયે ખાનગીકરણ થયું છે, અને થઈ રહ્યું છે. હવે દર ત્રણ ચાર વર્ષે શિક્ષકોની પરીક્ષા લેવાશે અને એ માટે શિક્ષકોએ સજ્જ બનવું પડશે. આવી પરીક્ષામાં શિક્ષકોના દેખાવને આધારે શિક્ષકોને incentives મળશે. હવે કાર્યક્ષમતાનું મહત્ત્વ વધ્યું છે. વધુ કાર્યક્ષમ શિક્ષક વધુ પગાર મેળવશે જયારે બિનકાર્યક્ષમ શિક્ષકો આ ક્ષેત્રમાંથી ફેંકાઈ જશે. આ વ્યવસાયમાં કોન્ટ્રાકટ પ્રથા આવી ચૂકી છે આ માટે શિક્ષકોએ પોતાની જાતને સતત update રાખવી પડશે.શિક્ષકોએ માત્ર શાળામાં જ બનતા બનાવો નહીં પરંતુ સમાજમાં બનતી ઘટનાઓ અંગે પણ માહિતગાર રહેવું પડશે. શિક્ષકે દરરોજ નવું વાંચવુ પડશે અને વિચારવું પડશે.

## જનની જણ તો ભક્ત જણ કાં દાતા કાં શુર...



**તોખી-અતોખી**

**- કિંજલ પંડ્યા, પારડી**

જો તમારે રાષ્ટ્રને મહાન બનાવવો હોય તો જે રીતે શક્ય હોય તે રીતે તેનો વિસ્તાર કરવો જોઈએ. (- સ્વામી સચ્ચિદાનંદ)

હમણાં આપણાં સૌમાં રાષ્ટ્ર સર્વોપરી અને સદૈવ રાષ્ટ્ર પ્રથમની લાગણી ઉભરી રહી છે. કેમ ન હોય? આપણે ભારતીયો માટે તો રાષ્ટ્રધર્મ જ પ્રથમ છે. આપણે દરેક ભરતીઓ આપણા રાષ્ટ્રને મહાન બનાવવા માટે શું કરી શકીએ? ઘણું કરી શકીએ એમ છીએ. શરૂઆત આપણે આપણાં ઘરથી જ કરીએ. આપણા સંતાનોથી જ કરીએ.

આપણે ત્યાં એવું કહેવાય છે કે, સ્ત્રી -પુરુષ ધન અને વિદ્યા ગયા જન્મના પુણ્ય પ્રતાપે જ મળે. પરંતુ આપણે આ વાક્યને આ જન્મના કર્મ પ્રમાણે શ્રેષ્ઠ સાબિત કરી જ શકીએ. હમણાં આખાયે વિશ્વમાં અને એનિમેશન થકી આખાયે બ્રહ્માંડમાં એક જ વાતો થઈ રહી છે યુદ્ધ અને યુવાનોની. આપણાં જાંબાઝ સૈનિકોની. જેણે દુશ્મન દેશને ધૂળમાં રગદોળીને એમનું અસ્તિત્વ હચમચાવી નાખ્યું. આ શોર્ય આપણાં દેશના સપૂતોનું જ છે.

શૌર્ય વીરતા આપણાં રક્તમાં જ છે. આપણે શિવાજી અને સંભાજીના સંતાનો છીએ. શિવાજી, શિવાજી ક્યારે બન્યાં? અને કોણે બનાવ્યા? તો નિંસંદેહ આપણે શિવાજીના માતોશ્રી જીજાબાઈને ગર્વ ભેર યાદ કરીને નતમસ્તક થઈએ.

જનનીના હૈયામાં પોઢંતા પોઢંતા

**પીધો કસુંબીનો રંગ;**
**ધોળાં ધાવણ કેરી ધારાએ ધારાએ**
**પામ્યો કસુંબીનો રંગ.**

આ પંક્તિ આપણને સૌને યાદ જ છે.

એવી જ રીતે મહાભારતમાં અભિમન્યુની વાત આવે છે. એણે સાત કોઠા ભેદવાની શિક્ષા માતાના ગર્ભમાં જ શીખી લીધી હતી. તેથી જ આપણે ત્યાં ગર્ભ સંસ્કારનું પણ એટલું જ મહત્વ છે. શિવાજી અને અભિમન્યુના ઉદાહરણમાં એક વાત સામાન્ય છે અને એ છે માતા.

"માતા એ એના સંતાનની ભાગ્ય વિધાતા છે". એ ઈચ્છે એવા સંતાનને જન્મ આપી શકે. એ ઈચ્છે તે રીતે બાળ ઉછેર કરી શકે. દરેક માતા કેવા સંતાનની ઈચ્છા રાખે? વિશ્વ વંદનીય અને વિશ્વને વંદન કરે એવા જ. ક્યારેય કોઈ માતા સૈનિક, ડોક્ટર, સી.એસ., એન્જિનિયર, લેખક, પત્રકાર વગેરે સંતાનને જન્મ નથી જ આપતી. પરંતુ હા, જન્મ પછી એનામાં પાત્રતા જરૂર કેળવી શકતી હોય છે.

સંસ્કાર અને સંસ્કૃતિની વાત જો કરીએ તો સૌથી પહેલાં વિનોબા ભાવે યાદ આવે. એમનાં શબ્દોમાં કહીએ તો, "સ્ત્રી એ સંસ્કૃતિની વાહક છે".

હમણાં હમણાં પુરુષ -ધાન દેશ અને સ્ત્રી બિચારી ગરીબડી ગાય આવું બધું પૂરજોશમાં ચાલે છે. સ્ત્રીએ પુરુષ સમોવડી થવું છે. વગેરે.. હશે.. ક્યાંક સાચું પણ છે જ. સ્ત્રીમાં એટલું સામર્થ્ય છે કે તે બ્રહ્માંડની રચનામાં ફેરફાર કરી શકે. આ વાક્ય દરેક સ્ત્રીએ યાદ રાખવા જેવું છે.

વિષય જ્યારે બાળકનો આવે છે ત્યાં કેન્દ્રમાં અને બાળકની આજુબાજુ, ઉપર નીચે ફક્ત મા જ આવે છે. અહીં સર્વસ્વ સ્ત્રી જ છે. એ પણ આજીવન. કારણ એક મા માટે એનું સંતાન ક્યારેય મોટું થતું જ નથી. વળી, આજીવન દરેક વ્યક્તિને એની માતાની જરૂર સૌથી વધુ પડતી હોય છે. અહીં લિંગભેદ નથી માત્ર સંતાન કેન્દ્રવર્તી છે.

સંતાનોનું ઘડતર બે રીતે થવું જોઈએ, એક વિચારો દ્વારા અને બીજું આચારો દ્વારા. બાળક એ જ શીખે છે જે માતા-પિતા કરતા હોય છે. એમનો જ સ્વભાવ, એમના જ આચાર વિચારોનું અનુકરણ કરતાં હોય છે.

આપણે ત્યાં કહેવત છે કે, "કડવા ઘુંટડા હંમેશા મા જ પીવડાવે". એ પછી સ્વાસ્થ્ય માટે હોય કે જીવન માટે. માતાની શિક્ષામાં પણ શિક્ષા જ છુપાયેલી હોય છે. બાળક જીવનમાં શું બનશે એની ચિંતા છોડીને, એ સજ્જન, કરુણાથી ભર્યું -માળ, વિનમ્ર, વિવેકથી ભરપૂર વગેરે સદગુણોથી છલોછલ માણસાઈ જીવંત રાખનારો માનવી બનાવી બને તોયે ઘણું.

વર્તમાન સમયમાં આપણે બાળકને આપણું સ્ટેટસ બનાવીને સમાજમાં ઉતારી દઈએ છીએ. રેસનો ઘોડો બનાવી દઈએ છીએ. એ પણ એમની આશા આકાંક્ષાઓ જાણ્યા પૂછ્યા વિના જ.

હમણાં બધા યુદ્ધના સૈનિકોની વાત કરીને વાહ વાહ તો કરે જ છે પણ કોઈએ પોતાના બાળકને સરહદ ઉપર મોકલાવવા નથી. એ તો કોઈ સિંહણ મા હોય ને એ જ કરી શકે. ઘણાએ એવા માતા પિતા છે જેમનું એકનું એક સંતાન ભારતીય સેનામાં છે. એમનાં માતા પિતાનું શું? માતા-પિતા ફક્ત એમને જન્મ આપી પોતાનાં સંતાનને મા ભારતીના ખોળે રમવા મૂકી દે છે.

મહાભારતમાં વિદુલાની કથા આવે છે. વિદુલા નામની એક મહાન ક્ષત્રિયાણી માતાને એક પુત્ર હોય છે જેને યુદ્ધ કરવા સિંધુરાજની સામે સિંધુ દેશમાં મોકલ્યો છે. ત્યાં યુદ્ધમાં ભારે ભીંસ પડતા તે યુદ્ધ છોડીને ભાગીને પાછો વતન આવી જાય છે. ઘરે આવીને ચૂપચાપ ઓરડામાં જઈને ઓઢીને સૂઈ જાય છે. યુદ્ધ શરીર નથી લડતું ઝનુન લડે છે. જેને ઝનુન ચડતું નથી તે ભીમ જેવો કદાવર હોય તો પણ યુદ્ધ ન કરી શકે. જ્યારે માતા વિદુલાને ખબર પડે છે ત્યારે એ ખૂબ દુ:ખી થાય છે તેને થયું મારા પુત્ર એ મારી કૂખ લજવી છે. વિદુલા પુત્ર પાસે જઈને કડવા વેણ કહે છે અને પછી એને ફરી યુદ્ધમાં મોકલાવે છે જ્યાં તે ખૂબ લડ્યો અને વિજય બને છે . આવી માતાઓ જ અમરસર્જન કરી શકે.


આપણાં સંતાનને સિંહ જેવા બળવાન બનાવીએ. કન્યાઓને સિંહણ બનાવીએ. કટાર શીખવાડીએ. કટાર ધારણ કરાવડાવીએ. વિચારો બદલો આચાર આપોઆપ બદલાઈ જશે. એક માતામાં જ એ શક્તિ છે કે એ હજારો સંત ઉત્પન્ન કરી શકે શક્તિ પ્રદાન કરી શકે. સૈનિક બનાવી શકે.

જનની જણ તો ભક્ત જણ કાં દાતા કાં શુર
નહિંતર રેંજે વાંઝણી મત ગુમાવીશ નૂર.
(- ઝવેરચંદ મેઘાણી)

મહાન રાષ્ટ્રની મહાન માતાને પ્રણામ! મા ભારતીને પ્રણામ! (સંદર્ભ પુસ્તક - મહાભારતની જીવન કથાઓં સ્વામી સચ્ચિદાનંદ)

## પરિશ્રમએ જ પારસમણી





**સતરંગી શમણાં**

**-નીતા પી. જાદવ, રાજકોટ**

આજની ભાગ દોડ ભરેલી જિંદગીમાં કોઇને પણ પૂછો કે, તમારો સફળ થવા શુ જરૂરી છે? તો જવાબ મળશે રાત - દિન પ્લાનિંગ કરીએ છીએ, ખબર નહિ ક્યારે સફળ થવાશે? પરંતુ મિત્રો આપણી ભારતીય સંસ્કૃતિમાં સફળ થવાનો મંત્ર દરેક માણસને રાહ ચીંધવા પૂરતો છે. આપણી સંસ્કૃતિમોં પુરૂષાર્થને પ્રારબ્ધ કરતાં વધુ ચડીયાતુ કહ્યુ છે. માણસને સફળ અને સુખી થવાની દિનચર્યા પણ શાસ્ત્રો માં વર્ણવી છે. સૂર્યોદય પહેલાં જાગીને જતન કરવા વાળા ક્યારેય દુ:ખી જોવા નહિ મળે. પરંતુ પાશ્ચત્ય સંસ્કૃતિની પાછળ આંધળી દોડ મૂકનારા આજે પણ ગોટાળે ચડી ગયા છે. એ લોકો શોર્ટ કટ રસ્તા અપનાવવા લાગ્યા અને પરિણામે અમુકને ઝડપી રુપિયા પૈસાને ઐશ આરામ મળ્યા પરંતુ શાન્તિ મળતી નથી અને ઘણાં ખરા તો હજી પણ ભવસાગરમાં અટવાઈ ગયા છે. અમુક લોકો પરિશ્રમથી દૂર ભાગી આળસુ જીવન જીવવા લાગે ને જીવનના અંતે પસ્તાવો કરતાં હોય છે. આપણા ગ્રંથોમાં પણ કહ્યું છે....

अलसस्य कुतो विद्या अविद्यस्य कुतो धनम्। अधनस्य कुतो मित्रं अमित्रस्य कुतः सुखम्॥

આળસુને વિદ્યા ક્યાંથી મળે? વિદ્યા વગરનાનેધન ક્યાંથી મળે? ધન વગરનાને મિત્રક્યાંથી મળે? ને મિત્ર વગરનાને સુખ ક્યાંથી મળે? માટે સજ્જન લોકો મહેનત કરી આકાશને પણ ધરતી પર લાવી શકે એટલું સામર્થ્ય ધરાવે છે. મહેનતુ લોકો માટે આ દુનિયામાં કશું અશક્ય નથી. તેઓ નસીબના ભરોસે નહીં પણ કાંડાના બળ પર વિશ્વાસ રાખે છે.

कहिए तो आसमां को ज़मीं पर उतार लाएं
मुश्किल नहीं है कुछ भी अगर ठान लीजिए।

જગતમાં કંઈ પણ મહેનત વિના મળવું મુશ્કેલ છે, કારણ કે, પોતાનો પડછાયો પણ તડકામાં જાય ત્યારે દેખાય છે.

जन्दिगी में मेहनत से मिले फल का स्वाद
क़स्मित से मिले फल के स्वाद से ज़्यादा मीठा होता है !!!

કર્મ કર્યા વિના ફળ મળતુ નથી અને કદાચ મળી જાય તો એનો સ્વાદ જીભે ચોંટે નહિ.

कुछ नहीं मिलता दुनिया में मेहनत के बगैर,
मेरा अपना साया भी धूप में आने से मिला !!!

તમે બારીકાઈથી નિરીક્ષણ કરશો તો તમને દરેક સફળતા પાછળ વર્ષોની અઢળક મહેનત જોવા મળશે. સફળતાના શિખરે પહોંચેલી દરેક વ્યક્તિના જીવનમાંથી શીખવા પ્રયત્નો કરવામાં આવે તોએ લોકોએ કરેલા સંઘર્ષો અને રાત ઉજાગરાની મહેનત સ્પષ્ટ દેખાઈ આવશે.

हर कामयाबी के पीछे अनगिनत मेहनत छिपी होती है7

આમ પણ કુદરતે આપેલી હાથની રેખાઓ પહેલાં આંગળીઓ આપીનેમહેનતનો મહિમા વર્ણવ્યો છે.


यूँ ही नहीं होती हाँथ की लकीरों के आगे उँगलियाँ,
रब ने भी किस्मत से पहले मेहनत लिखी है।

માટે દરેક વ્યક્તિએ નસીબના ભરોસે બેસવાને બદલે પોતાના ઈરાદા અને મહેનત એટલા મજબૂત અને મક્કમ બનાવી લેવા જોઈએ કે, ભાગ્ય લખતા પહેલાં ખુદભગવાન માણસને એની ઈચ્છાપૂછે....

ख़ुदी को कर बुलंद इतना कि हर तक़दीर से पहले
ख़ुदा बंदे से ख़ुद पूछे बता तेरी रज़ा क्या है।

મિત્રો તમે સૌ પરિશ્રમના પારસમણી થકી પોતાનું ભવિષ્ય ઉજ્જવળ બનાવો અને સુખી થાઓ એવી શુભકામનાઓ...

## દીકરી ઘરનું નાનું ચાંદલુ





**પ્રીતનું ઝરણું**

**જ્યોતિ ઉત્પલ પંડિયા, અતુલ**

નાનપણનું નરમુ મન, સપનામાં સજાય,સાચવી જે કેળવીએ, જીવન રુતું લાવાય. પ્રેમના પાંખે ઉડે, hopes ના હવા સાથે,ડર કે અપમાન ના છાંયામાં ના રહી જાય પાથે. જેમ વાવીએ ભાવના, તેમ ફળે સંસ્કાર, નાનપણનો મીઠો સરવાળો, ભવિષ્યનું આધાર. બોલો મીઠાં, હસાવો હળવા, ધબકતું રહે દિલ, બાળકના મનમાં ઊગે, વિશ્વાસનો સમંદર અપાર. (અજ્ઞાત).

પ્રેમ, ભય, આત્મવિશ્વાસ, અપમાન, આશા કે નિરાશા એ બધું તેમના વ્યક્તિત્વના વિકાસમાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે.જો બાળકને નાનપણમાં સારો પ્રેમભર્યો માહોલ મળે, તો તે મોટું થઈને આત્મવિશ્વાસી બને છે. જો બાળક સતત ડર કે અપમાનના વાતાવરણમાં રહે, તો તે મોટા થઈને સંકોચી કે અવિશ્વાસી બની શકે છે.આથી, નાનપણમાં મળેલા અનુભવો બાળકના ભાવિ જીવનની દિશા નક્કી કરવામાં અગત્યનો આધાર બની રહે છે.નાનાબાળકોના મગજ કાચા માટી જેવા હોય છે. જેને જેમ ઘડશો, તેમ ઘડાઈ જશે. અને બાળકના માનસિક વિકાસમાં પરિવાર, શિક્ષણ અને તેની આસપાસનું વાતાવરણ મહત્ત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે. બાળકના મનની નાજુકતા અને તેની સમજણની રીત સમજવી ખૂબ જ જરૂરી છે, ખાસ કરીને માતા-પિતા અને શિક્ષકો માટે.આજનો જે સમય છે, જ્યાં આજની જનરેશન ખૂબ ફાસ્ટ છે. એમનો જન્મ જ ગેઝેટ્ડ દુનિયામાં છે. ટેક્રોલોજી, સવલતોથી ભરપૂર, સ્વતંત્રતા અને સ્વછંદિતા બન્ને ના સમન્વયથી બનેલો સમાજ.ત્યારે આપણી ફરજ બને છેકે બાળમાનસ સમજવું ખૂબ જરૂરી છે.એ વાત કોઈ નકારી ન શકે કે તેને મળેલ સોચ, વર્તન અને સંગત તેના ભવિષ્યનું નિર્માણ કરે છે.માનો કે એક બાળક શૈશવાવસ્થાથી જ હંમેશા માતા-પિતા તરફથી પ્રોત્સાહન અને પ્રેમ પ્રાપ્ત કરે છે. જ્યારે તે કોઈ નાની સફળતા મેળવશે (જેમ કે ચિત્ર ઊંચું દોરવું કે ગીત ગાવું), ત્યારે તેના માતા-પિતા તેની પ્રશંસા કરે છે અને તેને ઉમંગ આપે છે. આ બાળક ધીમે ધીમે આત્મવિશ્વાસ ધરાવતું બની જાય છે, અને મોટા થઈને પણ નવી નવી બાબતો અજમાવવાનો ધૈર્ય અને આત્મવિશ્વાસ રાખે છે.બીજી બાજુ, જો કોઈ બાળકના નાનપણમાં તેને સતત તાળીઓની જગ્યાએ ટીકા મળે, તને આવડતું જ નથી, જેવી વાતો સાંભળવી પડે, તો એ બાળક પોતાના પર શંકા કરતો થઈ શકે છે. આ અનુભવ તેના મોટાપણાના નિર્ણયોમાં પણ અસર કરે છે. કદાચ તે જોખમ લેવા ડરતો હોય કે પોતાની ક્ષમતામાં વિશ્વાસ ન રહે.આ રીતે નાનપણના અનુભવો બાળકના ભવિષ્યના વર્તન અને વ્યક્તિત્વને ઘડવામાં અત્યંત મહત્વ ધરાવે છે.એનું માઈન્ડ સેટ કઈ તરફ વળી શકે તેનું ધ્યાન રાખવું જરૂરી છે.જ્યારે બાળક કોઈ નવી વસ્તુ કરે છે, ત્યારે તેને તરત ઠપકો ન આપવો, પરંતુ સમજાવવું જોઈએ કે શું યોગ્ય છે અને શું નહિ. તેમનો આત્મવિશ્વાસ ઘૂંટી ન નાંખવો, કારણ કે નાનપણના અનુભવો તેમના મોટાપણાની શરુઆત હોય છે. તેમને જાણવાની લાલસા વધારે હોય છે. તેથી બાળકો ઘણી વાર પ્રશ્નો પૂછે છે.આ તેમની જિજ્ઞાસા દર્શાવે છે. એ પ્રશ્નોના યોગ્ય ઉત્તર આપવાથી તેઓ વધુ શીખી શકે છે. અને પોતે વિચારવા શીખે છે.બાળકના પહેલા પાંચ વર્ષમાં તેનો મૂળ સ્વભાવ ઘડાય છે. તે શું વિચારે છે, કેવી રીતે શીખે છે, દુ:ખ અને ખુશીની સાથે કેવી રીતે લડે છે , તે બધું તેના આરંભિક અનુભવ પર આધાર રાખે છે.એટલુજ નહી પણ બાળકો દરેક વખતે શબ્દોનો ઉપયોગ કરતાં નથી. તેમની ડ્રોઈંગ, રમતમાં દેખાતી ભાવનાઓ, અચાનક ગુસ્સો, ભય, અથવા એકાંત આ બધું કંઈક કહેવા માંગે છે. આપણે એ ભાષાને સમજવી જરૂરી છે. તમે એને કેવું વાતાવરણ આપો તેના પર તે આધાર રાખે છે.તમારા આંતરિક ટકરાવ બાળમાનસ પર થાય છે.તેના મનમાં હજારો સવાલો નું તુફાન ઉઠે છે.ઘણીવાર બાળકોને પોતાની પર્સનલ -પર્ટીની જેમ લોકો ટ્રીટ કરે છે. ફટાફટ નાની નાની ભૂલો પર તેને કોઈની સામે ટીપેરી નાખવો,ન કહેવાના શબ્દો થી તેનું અપમાન કરી દેવું. જરૂર હોય ત્યાં કડક થવું ખોટું નથી પણ ખોટા કર્યા નું કારણ જાણવું પણ જરૂરી છે. બાળકનું આત્મસમ્માન રોજ ઘવાતું હોય છે અને એજ ફરીને એ પાછું આપણને મળે છે. તો આમાં વાંક કોનો? એ ભીની માટી ને કેવું ઘડવું એ આપણા હાથમાં છે.સકારાત્મક અને નકારાત્મક બંને અનુભવોની ચર્ચા કરવી માત્ર એક બાજુનો અનુભવ ન બતાવવો, બેલેન્સ જરૂરી છે. વ્યક્તિગત ઉદાહરણ ઓછા રાખવા જેમકે સાથે ભણતા બીજા છોકરાઓ સાથે તેના અભ્યાસ, આવડત અને સમજદારીની સરખામણીકરવી. જો હોય તો સામાન્ય ઉદાહરણ આપો, વ્યકિતગત લાગણીઓથી દૂર રહો.

## અઢી અક્ષરી ગઝલ લખતો રહ્યો





**સંવેદન**

**- ડો. બાબુ ચૌધરી, નાનાપોંઢા**

**કેમ છો...! બસ પૂછતો રહ્યો**
**મિત્રના બહાને મળતો રહ્યો.**
**શક્ય છે ના સમજી શકો શબ્દને,**
**તેમ છતાં હળવેકથી વાત કરતો રહ્યો.**
**બની શકે તો તું મને સમજી જજે,**
**દિલ સહેલાઈથી ખોલતો રહ્યો.**
**ગહેરાઈનું મોજું પાડી ઉઠશે ચીસ,**
**દરિયાય દિલને સંકેલતો રહ્યો .**
**અમૃત પીનેય વેઠું દરદ,**
**અઢી અક્ષરી ગઝલ લખતો રહ્યો.**
**- ડૉ. બાબુ ચૌધરી**

ડૉ. બાબુ ચૌધરી દ્વારા લખાયેલ આ ગઝલ એ પ્રેમ, અપેક્ષા, નિરાશા અને અનુકંપાની ભાવનાઓનું સુમેળ છે. ગઝલના દરેક શેરે એક છુપાવેલા દુ:ખ, એક એકતરફા લાગણી અને એક નમ રહસ્યની વાત કરે છે.

"કેમ છો...! બસ પૂછતો રહ્યો
મિત્રના બહાને મળતો રહ્યો.

પ્રથમ શેરમાં કવિ એક સરળ પૂછપરછ–"કેમ છો?"–ની પાછળ છુપાયેલી વ્યથા દર્શાવે છે. આ પ્રશ્નને માત્ર એક લઘુ ઉપક્રમ તરીકે નહિ જોવો જોઈએ, પરંતુ એક પ્રયાસ તરીકે જોવો જોઈએ કે જેમાં વાચક પોતાના દુ:ખોને આવરી લે છે, મૌન પ્રેમ પ્રગટ કરવાનો પ્રયત્ન કરે છે. "મિત્રના બહાને મળતો રહ્યો" કહે છે કે પ્રેમી પોતાની લાગણીઓને બહાર લાવી શકતો નથી, તેથી મિત્રતા જેવી નિષ્પક્ષ અને સ્વીકાર્ય ઓળખ પાછળ છુપાઈ રહ્યો છે. અહીં એકતરફી પ્રેમની વ્યથા અને સંબંધોની લચક જણાય છે.

**શક્ય છે ના સમજી શકો શબ્દને,**
**તેમ છતાં હળવેકથી વાત કરતો રહ્યો.**

આ શેર એ સમજણ અને અસ્વીકાર વચ્ચેના દુ:ખદ અંતરવિષયને સ્પર્શે છે. પ્રેમી જાણે છે કે સામેવાળો તેનો ભાવ ન સમજી શકે, છતાં પણ તે સંવાદ બંધ કરતો નથી. "હળવેકથી વાત કરતો રહ્યો" કહે છે કે તે પોતાની લાગણીઓને ભારે બનાવતો નથી, પણ એજ વ્યક્તિ સાથે વાત કરવાની તરસ અને આશા હજુ જીવંત છે.

**બની શકે તો તું મને સમજી જજે,**
**દિલ સહેલાઈથી ખોલતો રહ્યો.**

અહીં કવિ આશા રાખે છે કે, કદાચ કોઈ દિવસ તે વ્યક્તિ તેને સાચી રીતે સમજી જશે. તે પોતાનું દિલ સરળતાથી ખુલ્લું મૂકે છે–એમાં સંકોચ કે આવરણ નથી. તે પોતાની અંદરનું બધું જણાવતો રહે છે, આશા રાખીને કે એ શબ્દો વચ્ચે એના મનની ગહેરાઈ સમજી લેવામાં આવશે.

**ગહેરાઈનું મોજું પાડી ઉઠશે ચીસ,**
**દરિયાય દિલને સંકેલતો રહ્યો.**

આ શેર ભાવનાત્મક રીતે સૌથી ગાઢ લાગે છે. "ગહેરાઈનું મોજું" એટલે લાગણીઓની ઊંડાઈ, જે અચાનક ઉતાવળથી ભભૂકી શકે છે. "ઉઠશે ચીસ" એટલે દર્દનો સ્ફોટ. છતાં પણ પ્રેમી પોતાના દિલને "દરિયાયે (વિશાળ) હોવા છતાં અટકાવે છે, ભાવનાનું તોફાન બાહ્ય પ્રગટ ન થાય એ રીતે સંકોચી રાખે છે. આ એક શાંત પીડા છે–જે એકલી હોય છતાં ઊંડી હોય છે.

અમૃત પીનેય વેઠું દરદ,
અઢી અક્ષરી ગઝલ લખતો રહ્યો.

છેલ્લો શેર આખી ગઝલને એક ગૂઢ મર્મ આપે છે. "અમૃત પીનેયે" એટલે જીવનના સુખદ ક્ષણો માણ્યા છે, પરંતુ તદ્દન વિરોધાભાસ રૂપે "વેઠું દરદ" કહે છે કે છતાં પણ દુ:ખમાંથી ઉગરે છે. અહીં જીવતાવળ અને પીડાની સાથે સાથે રહેલી સાહિત્યિક સર્જનશીલતા પણ દેખાય છે. પ્રેમી/ કવિ પોતાના ભાવો, અનુભવ, દર્દ—all translate into "અઢી અક્ષરી ગઝલ". ગઝલ અહીં એકમાત્ર માર્ગ છે, જેમાંથી તે પોતાની લાગણીઓને મુક્તિ આપે છે.

આ ગઝલમાં પ્રેમ માત્ર રોમાંચ નથી, પરંતુ એકધારાનો ત્યાગ છે. કવિની અવાજમાં એક મૌન આક્રંદ છે. અહીં કોઈ નિંદા નથી, કોઈ વિરોધ નથી–માત્ર શ્રદ્ધા અને નિર્વાણ છે. તેણે પોતાના વ્યક્તિત્વને એ પ્રેમમાં તાળી દીધું છે.

એકતરફી લાગણીઓં દરેક શેરમાં પ્રેમી પોતાના મનની વાત કહી રહ્યો છે, પણ દરેક વખતમાં એવું જણાય છે કે સામેવાળાને એની લાગણીઓનો અંદાજ પણ નથી.

મૌન સંવાદ બધું મૌનમાં કહી દેવાની રીત છે. પ્રેમી શબ્દો સાથે સાંકેતિક રીતે વાત કરે છે.


સર્જનાત્મકતા અને દર્દ આખરે તે વ્યક્તિ ગઝલ લખી ને પોતાની લાગણીઓ વ્યક્ત કરે છે. અહીં દર્દમાંથી કાવ્ય ઉત્પન્ન થાય છે.

ડૉ. બાબુ ચૌધરીની આ રચના વાંચતી વખતે કોઈ પણ વ્યક્તિ પોતાનું કોઈ જૂનું સંભારણું યાદ કરી શકે છે. એક અપૂર્ણ સંબંધ, કોઈ અધૂરો પ્રેમ કે કોઈ પાતાળ જેવી લાગણી જેની વ્યાખ્યા કોઈએ કદી કરી નથી.

આ ગઝલ માત્ર એક પ્રેમકથા નથી. એ એક વ્યક્તિની આત્મકથા છે, જેમાં શબ્દો કેરળાની જેમ વહે છે, અને દરેક પંક્તિમાં હૃદયનો ધબકાર સંભળાય છે. અહીં પ્રેમ છે, અપેક્ષા છે, છતાં પણ એક અલિપ્ત શાંતિ છે.

ડૉ. બાબુ ચૌધરીએ પોતાની લાગણીઓ જે રીતે "અઢી અક્ષરી ગઝલમાં પિગળી નાખી છે, તે માત્ર અભિવ્યક્તિ નથી, તે એક જીવંત અનુભૂતિ છે.

## ક્રેડીટ કાર્ડ



**વીણેલા ફૂલ**

**- આશા વીરેન્દ્ર - વલસાડ**

દીકરો સોહમ્ અને દીકરી નિધિ, પંકજભાઈ અને રીટાબેનનો "હમ દો, હમારે દોના સૂત્ર પ્રમાણે નાનકડો પરિવાર હતો. બંને સંતાનોને સારું શિક્ષણ મળે એ માટે પતિ-પત્નીએ સખત મહેનત કરી હતી. એ મહેનત ઊગી પણ ખરી, જ્યારે નિધિ ટેક્સ કન્સલ્ટન્ટ બની અને સોહમ્ મિકેનિકલ એન્જિનિયર બન્યો.

સાંભળો છો ? નિધિને એની ઑફિસમાં સાથે કામ કરતો ગૌરાંગ પસંદ છે. શું લાગે છે તમને ? એને મળવા બોલાવીએ રીટાબેને પંકજભાઈને પૂછેલું.

વર્ષો જતાં ક્યાં વાર લાગે છે ? જોતજોતાંમાં નિધિ બે સંતાનોની મા બની ચૂકી છે અને સોહમના પૂજા સાથેનાં દસ વર્ષના લગ્નજીવન પછી એને ત્યાં પણ છ વર્ષનો દીકરો ?.

'દુ:ખ ગણો તો માત્ર એટલું જ છે કે, સરકારી નોકરીને લીધે સોહમ્ની વારંવાર બદલી થયા કરે એટલે આપણને દીકરાના પરિવાર સાથે રહેવાનો મોકો જ ન મળે ! રીટાબેને કપડાંની ગડી વાળતાં વાત કાઢી. "જીવનમાં સુખ કેટલું છે એ જો ને ! દુ:ખ ગણી ગણીને દુંખી શા માટે થવું ? દીકરો ભલે અહીં નથી પણ દીકરી-જમાઈ ને એના છોકરાઓ તો અહીં જ છે ને ?

નિધિને ઘરે વાહનમાં પહોંચતાં અડધો કલાક તો લાગે જ, ટ્રાફીક વધારે હોય તો વળી ૪૦-૪૫ મિનિટ પણ થઈ જાય, પણ રીટાબેનને રસોઈનો ભારે શોખ તે બે દિવસ થાય ને કંઈક નવું બનાવ્યું જ હોય. ટિફિન ભરીને તૈયાર થાય એટલે પંકજભાઈને કહે, "આજે તો છોલે-પુરી બનાવ્યાં છે. નિધિના નાનકાને બહુ ભાવે, ને ગૌરાંગને ગુલાબજાંબુ ભાવે છે તે થોડા ગુલાબજાંબુ પણ બનાવી કાઢ્યા. ચાલો, એને ઘેર જઈને આપી આવીએ".

આ રીતે વારંવાર દીકરીને ઘરે જવું પંકજભાઈને રુચતું નહીં પણ એમને ખબર હતી, કે જરાક આનાકાની કરી તો પરિણામ રીટાબેનનાં આંસુમાં જ આવવાનું છે, એટલે એ ચૂપચાપ ગાડી કાઢતા. પહેલાં પહેલાં નિધિ દોડીને નીચે ટિફન લેવા આવતી. 'શું કામ આટલી મહેનત કરે છે મમ્મી ? એમ કરીને ઠપકો ય આપતી. મમ્મી-પપ્પાને ઉપર

બોલાવી, આગ્રહ કરીને ચા-કૉફી પીવડાવતી, પણ પંકજભાઈની ચકોર નજરે જોઈ લીધું કે, હવે નિધિને બદલે ટિફિન લેવા નોકર આવવા લાગ્યો હતો. એ નીચે આવીને કહેતો,

'મેમ સા'બે કહ્યું છે કે તમારે મોડું થતું હોય ને ઉપર નહીં આવો તો ચાલશે.'

રીટાબેને આંખે ગાંધારીની જેમ પાટા બાંધેલ. એમને આવું કશું દેખાતું નહીં અને કહેતાં, "ના, ના, ઉપર આવીશું જ વળી ! કંઈ મોડું થતું નથી. અહીં સુધી આવ્યાં છીએ તે છોકરાંઓનાં મોઢાં તો જોતાં જઈએ ? એક દિવસ ઓચિંતી જ નિધિએ જાહેરાત કરી, 'ગૌરાંગને અમેરિકામાં બહુ સારી જૉબ મળી છે. મને પણ મળી જશે. છોકરાઓનું ભવિષ્ય સુધરી જશે. અમે હંમેશ માટે અમેરિકા જવાનું વિચાર્યું છે". પંકજભાઈ તરત પામી ગયા કે, આટલો મોટો નિર્ણય ક્યારનો લેવાઈ ગયો હશે પણ છેક આજે અમને જણાવે છે. છતાંય મોઢું હસતું રાખીને એમણે કહ્યું, 'ચાલો બહુ સારું. તમારે લીધે અમને ય એ દેશ જોવા મળશે. ! રીટાબેનની આંખોમાંથી ટપટપ આંસુ વહેવા લાગ્યાં. નિધિએ એમને ગળે વળગતાં કહ્યું, 'એમ ન કર મમ્મી. અમને જઈને જરા સેટલ થવા દે. પછી અમે તમને બોલાવીશું ને !

બે વર્ષ પછી ખરેખર જ પંકજભાઈ-રીટાબેન દીકરીને ઘેર ગયાં. બહુ મોટો નહીં તો યે સરસ મજાનો બંગલો, બે ગાડી, છોકરાઓની ભવ્ય સ્કૂલ - બધું જોઈને ખૂબ રાજી થયાં. પણ અઠવાડિયું થયું ન થયું ત્યાં રસોઈ બનાવવી, વૉશિંગ મશીનમાં કપડાં ધોવાં,

ઘર સાફ કરવું - બધી જવાબદારી ધીમે ધીમે રીટાબેન પર આવતી ગઈ. દીકરી -ત્યેના મોહમાં રીટાબેન એ બધું તો હોંશેહોંશે કરતાં પણ એમને નિધિએ પાળેલી બિલાડી દીઠી નહોતી ગમતી. જેમતેમ અમેરિકા નિવાસના ત્રણ મહિના પૂરા કરી બંને સ્વદેશ પાછા ફર્યા.

"બહુ થયું. ત્રણ મહિનામાં તો ધરાઈ ગયાં હું ! હવે પાછું અમેરિકા નથી જવું". રીટાબેને જાહેર તો કરી દીધું, પણ પંકજભાઈ હાર્ટએટેકમાં ગયા પછી નિધિને તો જાણે ફાવતું મળી ગયું. "હવે તો પપ્પા નથી. તારે પાછળ કોની ચિંતા કરવાની છે ? મારે બે મહિના ટ્રેનીંગ માટે જવાનું છે. તું આવી જા. હું ટિકિટ મોકલું છું". એક વખત એણે કુરિયરથી ક્રેડિટ કાર્ડ પણ મોકલ્યું. "મમ્મી, આ તારું ને મારું જોઈન્ટ ક્રેડિટ કાર્ડ છે, તારે જે કંઈ ખરીદી કરવી હોય તે આમાંથી કરજે". રીટાબેને પર્સમાં ક્રેડિટ કાર્ડ એમ ને એમ જ મૂકી રાખ્યું.

છેલ્લે અમેરિકા ગયાં ત્યારે બંધ ઘરમાં આખો દિવસ બિલાડી સાથે ગાળવો એમને બહુ વસમો લાગેલો. પંકજભાઈનો સાથ પણ હવે નહોતો એટલે અહીં કેવી રીતે રહીશ એમ વિચારીને મન ગભરાવા લાગ્યું. થયું, ચાલ, થોડી વાર આડી પડું તો સારું લાગશે. ખાધા-પીધા વિના એ આડે પડખે થયાં. નિધિ ઑફિસેથી આવી ત્યારે ઘર અસ્ત-વ્યસ્ત પડયું હતું. "મમ્મી, કેમ આવા ટાઈમે સૂતી છે ? ઘરનું કંઈ કામ પણ નથી થયું ?

અચાનક એણે નાકે રૂમાલ દબાવ્યો. "છી ! કેટલી ગંદી વાસ આવે છે ! શેની છે ? "આ તારી લાડકી પુસીએ પૉટી કરી હશે. એની જ લાગે છે ! 'વૉટ ડુ યુ મીન બાય "તારી લાડકી" મમ્મી ? મારા છોકરાંને તું તારા ગણે તો મારી પુસીને ન ગણી શકે ? આ ટિપિકલ ઈન્ડિયન મેન્ટાલિટી છે. હિપોક્રેટ્સ. બધા જીવ સરખા એમ મોઢેથી બોલે ને માણસ ને જાનવરમાં તફાવત કરે. મારા છોકરાઓ ગંદું કરતા એ તું પ્રેમથી સાફ કરતીતી તો આજે...". "સાંભળી લે નિધિ, હું અહીં પુસીની પૉટી સાફ કરવા નથી આવી ને હવે આવવાની પણ નથી. કાલ ને કાલ મારી ટિકિટ કઢાવી આપ. હું ઈન્ડિયન છું ને મારે ઈન્ડિયા જવું છે". પછી પર્સમાંથી કાર્ડ કાઢીને નિધિને આપતાં કહે, "લે, આ તારું વપરાયા વિનાનું ક્રેડિટ કાર્ડ. મારે કોઈ ક્રેડિટ નથી જોઈતી".

**(પ્રતિભા રાયની ઓડિયા વાર્તાને આધારે)**

દમણગંગા ટાઇમ્સ

EDITORIAL: DAMANGANGA TIMES

Saturday 17, May 2025


## ચીનની પોલ ખૂલી

ભારત સાથે સૈન્ય ટકરાવમાં પોતાના જૂના મિત્ર પાકિસ્તાન ધોબીપછાડ ખાવાથી ચીન કેટલી હદે ગિન્નાયું છે, તેની ખબર એનાથી પડે છે કે તેણે અરુણાચલના ૨૭ સ્થળોને ચીની નામ આપી દીધાં. તેમાં આવાસીય ક્ષેત્રોની સાથે પહાડ અને નદીઓ પણ છે. એ ધ્યાન રહે કે અરુણાચલને તે પહેલાં જ ચીની નામ આપી ચૂક્યું છે. શું એ હાસ્યાસ્પદ નથી કે પહેલાં તો તેણે અરુણાચલને ચીની નામ આપ્યું અને પછી તેના અલગ-અલગ ક્ષેત્રોનું નવું નામકરણ કરી રહ્યું છે? સ્પષ્ટ છેકે તે ખીજ મિટાવવા માટે પોતાની બાલિશ હરકતોથી ભારતને ઉશ્કેરવા માગે છે. તે એવી હરકતો પહેલાં પણ કરતું રહ્યું છે. કદાચ તેને એવો ભ્રમ થઈ ગયો છે કે અરુણાચલના એક સાથે ૨૭ સ્થળોને ચીની નામ આપવાથી ભારત દબાણમાં આવી જશે. એવું તો બિલકુલ નથી થવાનું અને ઉપરથી ભારતે એ નિષ્કર્ષ પર પહોંચવામાં આસાની રહેશે કે તે એટલું જ દગાબાજ છે જેટલું પાકિસ્તાન. ચીને પાકિસ્તાનને ઓપરેશન સિંદૂરના તાપથી બચાવવા માટે હરસંભવ કોશિશ કરી, પરંતુ તે નિષ્ફળ રહ્યું. બીજા દરજ્જાના ચીની હથિયારો પાકિસ્તાન માટે મુસીબત બની ગયાં અને તે એટલું અસહાય થઈ ગયું કે તેણે અમેરિકાને અરજ કરવી પડી.

ચીન એટલા માટે વધારે ગિન્નાયું છે, કારણ કે ભારતે તેની એર ડિફેન્સ સિસ્ટમ, ડ્રોન, મિસાઈલ વગેરેની એટલી હદે પોલ ખોલી નાખી કે હવે તેના માટે દુનિયાના ગરીબ દેશોને પોતાનાં હથિયાર વેચવાં મુશ્કેલ થશે. પાકિસ્તાને જે ચીની મિસાઈલનો ઉપયોગ કર્યો હતો, તેને ભારતે નિષ્ફળ બનાવી દીધી. તેના પરિણામે આ મિસાઈલનું નિર્માણ કરનારી ચીની કંપનીના શેર ગગડી ગયા. ભારતીય સેનાએ પાકિસ્તાનની સાથે જ ચીન પર પણ ભારે આઘાત કર્યો છે, તેથી તેને સૂઝી નથી રહ્યું કે તે પોતાની ખીજ કેવી રીતે દૂર કરે. એ ઠીક છે કે ભારતે ચીનની હરકત પર એવો જવાબ આપ્યો કે તેનાથી સચ્ચાઈ બદલાવાની નથી, પરંતુ તેના વિરુદ્ધ બીજું કશું પણ કરવું પડશે. દાખલા તરીકે દક્ષિણ ચીન સાગરને દક્ષિણ પૂર્વ એશિયા સાગર કહેવો પડશે. ભારતે વન ચાઈના સાથે પોતાની તિબેટ નીતિ પર પણ નવેસરથી વિચાર કરવો પડશે. તેનાથી પણ જરૂરી વાત એ છે કે ચીની વસ્તુઓ પર નિર્ભરતા ઘટાડવી પડશે. એ અફસોસની વાત છે કે મેક ઈન ઈન્ડિયા અભિયાન અને ભારતને આત્મનિર્ભર બનાવવાની પહેલ બાદ પણ ચીની આયાતમાં ઘટાડો કેમ નથી કરી શકાતો? એવું કેમ નથી થઈ રહયું, એના પર સરકારની સાથે આપણા ઉદ્યોગ જગતે પણ ગંભીરતાથી વિચારવું પડશે. કારણ કે વિશ્વના અનેક દેશો કોવિડ મહામારી બાદથી જ ચીન પ્લસ વન નીતિને ઉત્તેજન આપી રહ્યા છે. તે અંતર્ગત તેઓ ચીન પર પોતાની નિર્ભરતા ઓછી કરવા માગે છે.

# રાજનાથ સિંહ ભુજ એરફોર્સ સ્ટેશનની મુલાકાતે

### ભૂજ એરબેઝ પરથી સંરક્ષણ મંત્રી રાજનાથ સિંહનો પાકિસ્તાનને કડક સંદેશ, ઓપરેશન સિંદૂર અભી ખતમ નહીં હુઆ, પિક્ચર અભી બાકી હૈ

(સંપૂર્ણ સમાચાર સેવા)

ભુજ, તા.૧૬, ભારતના સંરક્ષણ મંત્રી રાજનાથ સિંહે શુક્રવારે ભુજ એરફોર્સ સ્ટેશનની મુલાકાત લીધી હતી અને ઓપરેશન સિંદૂરની સફળતા બદલ વાયુસેનાના યોદ્ધાઓને અભિનંદન પાઠવ્યા હતા. સંરક્ષણ મંત્રીએ પોતાના ભાષણમાં પાકિસ્તાન પર કટાક્ષ કરતા કહ્યું કે લોકોને નાસ્તો કરવામાં જેટલો સમય લાગે છે, એટલા સમયમાં તમે દુશ્મનોનો ખાત્મો કરી દીધો. ઓપરેશન સિંદૂર દરમિયાન તમે જે કંઈ કર્યું તેનાથી બધા ભારતીયોને ગર્વ છે, પછી ભલે તેઓ ભારતમાં હોય કે વિદેશમાં. ભારતીય વાયુસેના માટે પાકિસ્તાનમાં વધી રહેલા આતંકવાદને કચડી નાખવા માટે માત્ર ૨૩ મિનિટ પૂરતી હતી. લોકોને નાસ્તો કરવામાં જેટલો સમય લાગે છે, એટલામાં તમે તમારા દુશ્મનોનો નાશ કરી દીધો.'

ભૂજ એર બેઝ પર સંરક્ષણ મંત્રી રાજનાથ સિંહે કહ્યું, ગઈકાલે જ હું શ્રીનગરમાં આપણા બહાદુર સેનાના જવાનોને મળ્યો. આજે હું અહીં વાયુસેનાના સૈનિકોને મળી રહ્યો છું. ગઈકાલે હું ઉત્તરીય ક્ષેત્રમાં આપણા સૈનિકોને મળ્યો હતો અને આજે હું દેશના પશ્ચિમ ભાગમાં વાયુસેનાના સૈનિકો અને અન્ય સુરક્ષા કર્મચારીઓને મળી રહ્યો છું. બંને મોરચે ઉત્સાહ અને ઊર્જાનો માહોલ જોઈને હું ખૂબ જ ઉત્સાહિત છું. મને વિશ્વાસ છે કે તમે ભારતની સરહદોને સુરક્ષિત રાખશો.

આ દરમિયાન સંરક્ષણ મંત્રીએ બશીર બદ્રના એક શેર દ્વારા પાકિસ્તાનને સલાહ પણ આપી. તેમણે કહ્યું કે, કાગજ કા હૈ લિબાસ ચરાગો કા શહેર હૈ, સંભલ-સંભલ કે ચલના ક્યોંકિ તુમ નશે મેં હો.

રાજનાથ સિંહે કહ્યું કે ઓપરેશન સિંદૂરમાં ભારતીય વાયુસેના દ્વારા ભજવવામાં આવેલી અસરકારક ભૂમિકાની માત્ર આ દેશમાં જ નહીં પરંતુ બીજા દેશોમાં પણ પ્રશંસા થઈ રહી છે. આ ઓપરેશનમાં તમે માત્ર દુશ્મનને ના માત્ર ડોમિનેટ કર્યા છે, પરંતુ તેમને ડેસીમેટ કરવામાં પણ સફળ મેળવી છે. આતંકવાદ વિરુદ્ધ ચલાવવામાં આવેલા આ અભિયાનને સુપરહેડ આપણી એરફોર્સે કર્યું. આપણી એરફોર્સ એક એવી સ્કાય ફોર્સ છે, જેણે પોતાની બહાદુરી, હિંમત અને ગૌરવથી આકાશની નવી ઊંચાઈઓને આંબી છે. આપણી એરફોર્સ પાકિસ્તાનના દરેક ખૂણા સુધી પહોંચે છે તે કોઈ નાની વાત નથી, આ વાત સાબિત થઈ ગઈ છે.

સંરક્ષણ મંત્રીએ કહ્યું કે આજે પરિસ્થિતિ એવી છે કે ભારતના ફાઈટર વિમાનો સરહદ પાર કર્યા વિના અહીંથી દેશના દરેક ખૂણા પર પ્રહાર કરવા માટે સક્ષમ છે. આખી દુનિયાએ જોયું છે કે તમે પાકિસ્તાનના નવ આતંકવાદી ઠેકાણાને કેવી રીતે ધ્વસ્ત કર્યા. ત્યારબાદની કાર્યવાહીમાં તેમના ઘણા એરબેઝનો નાશ કરવામાં આવ્યો. રાજનાથ સિંહે કહ્યું કે બ્રહ્મોસ મિસાઈલની તાકાતનો પાકિસ્તાને પોતે સ્વીકાર કર્યો છે. આપણા દેશમાં એક ખૂબ જ જૂની કહેવત છે ધોળા દિવસે તારા બતાવવા. પરંતુ ભારતમાં બનેલી બ્રહ્મોસ મિસાઈલે રાતના અંધારામાં દુશ્મનને દિવસ જેવું અજવાળું બતાવ્યું. તેમણે કહ્યું કે ભારતની એર ડિફેન્સ સિસ્ટમના બધે જ વખાણ થઈ રહ્યા છે અને ઢ્ઈઇ દ્વારા બનાવેલ આકાશ અને અન્ય રડાર સિસ્ટમે તેમાં મોટી ભૂમિકા ભજવી છે.

વાયુસેનાના સૈનિકોને સંબોધન કરતા તેમણે કહ્યું કે, તમે પાકિસ્તાનમાં હાજર ટેરર ઈન્ફ્રાસ્ટ્રક્ચર સામે અસરકારક કાર્યવાહી કરી, પરંતુ પાકિસ્તાન ફરીથી ટેરર ઈન્ફ્રાસ્ટ્રક્ચરને ઊભું કરવાનો પ્રયત્ન શરૂ કર્યો છે. ત્યાંની સરકાર પાકિસ્તાનના સામાન્ય નાગરિકો પાસેથી વસૂલવામાં આવેલા ટેક્સના રૂપિયામાંથી લગભગ ચૌદ કરોડ રૂપિયા આતંકવાદી સંગઠન જૈશ-એ-મોહમ્મદના વડા મસૂદ અઝહરને આપવામાં ખર્ચ કરશે. જ્યારે તે સંયુક્ત રાષ્ટ્ર દ્વારા જાહેર કરાયેલ આતંકવાદી છે.

સંરક્ષણ પ્રધાન રાજનાથ સિંહે ગુરુવારે જમ્મુ અને કાશ્મીરના શ્રીનગરની મુલાકાત લીધી હતી અને સૈન્ય જવાનોને સંબોધિત કર્યા હતા. રાજનાથ સિંહે શ્રીનગરથી પાકિસ્તાનને કડક ચેતવણી આપી હતી. તેમણે કહ્યું હતું કે પાકિસ્તાનના ઘા રૂઝાવવાનો એકમાત્ર રસ્તો એ છે કે તે ભારત વિરોધી અને આતંકવાદી સંગઠનોને આશ્રય આપવાનું બંધ કરે અને તેની જમીનનો ઉપયોગ ભારત વિરુદ્ધ ન થવા દે.

# કાશ્મીરમાં ૬ આતંકવાદીઓ ઠાર

(સંપૂર્ણ સમાચાર સેવા)

જમ્મુ, તા.૧૬, પહલગામ આતંકવાદી હુમલા બાદથી જે સેના દ્વારા એક બાદ એક આતંકવાદીઓ વિરુદ્ધ ઓપરેશન ચલાવી કડક કાર્યવાહી કરવામાં આવી રહી છે. એવામાં આજે ભારતીય સેના, સીઆરપીએફ અને જમ્મુ કાશ્મીર પોલીસ દ્વારા સંયુક્ત પત્રકાર પરિષદ કરવામાં આવી હતી જેમાં જાણકારી આપવામાં આવી છે કે જમ્મુ કાશ્મીરમાં છેલ્લા ૪૮ કલાકમાં બે મોટા ઓપરેશન હેઠળ છ આતંકવાદીઓને ઠાર કરવામાં આવ્યા છે.

સેનાએ જણાવ્યું છે કે કાશ્મીરના ત્રાલ અને શોપિયાંમાં બે ઓપરેશન ચલાવવામાં આવ્યા. એક ઓપરેશન ગ્રામીણ વિસ્તારમાં હતું જ્યારે બીજું પહાડી વિસ્તારમાં. કુલ છ આતંકવાદીઓનું એન્કાઉન્ટર કરવામાં આવ્યું છે. સેનાએ જણાવ્યું છે કે આ જ રીતે કાશ્મીરમાંથી આતંકવાદીઓનો સફાયો કરવામાં આવશે. સુરક્ષાદળો વચ્ચે સામંજસ્ય ખૂબ સારું રહ્યું જેના કારણે ઓપરેશન સફળ રહ્યું. લોકોનો પણ સારો સહયોગ મળ્યો તેથી તેમનો પણ આભાર. નોંધનીય છે કે સેનાએ અગાઉ પાકિસ્તાન તથા પીઓકે સ્થિત આતંકવાદીઓના અડ્ડા નષ્ટ કરવા માટે ઓપરેશન સિંદૂર લોન્ચ કર્યું હતું અને ૧૦૦થી વધુ આતંકવાદીઓને મોતને ઘાટ ઉતાર્યા હતા. આટલું જે નહીં ઓપરેશન બાદ પાકિસ્તાન દ્વારા કરાયેલા હુમલાથી પણ સેનાએ દેશને બચાવ્યો અને તમામ સૈન્ય ઠેકાણા સુરક્ષિત રહ્યા.

# પાક.ના જુઠ્ઠાણાઓની પોલ ખોલવા સરકાર વિદેશમાં પ્રતિનિધિ મંડળ મોકલશે

(સંપૂર્ણ સમાચાર સેવા)

નવી દિલ્હી, તા.૧૬, ઓપરેશન સિંદૂર બાદ કેન્દ્ર સરકાર પાકિસ્તાનને કૂટનીતિમાં ઘેરવા માટે એક ઓલ પાર્ટી ડેલિગેશન બનાવા જઈ રહી છે. આ ડેલિગેશન દુનિયાભરના દેશોમાં જઈને પહલગામ હુમલો અને ત્યાર બાદ પાકિસ્તાન પર કરેલા ઓપરેશન સિંદૂરને લઈને જૂઠાણાની પોલ ખોલશે. કેન્દ્ર સરકારે કોંગ્રેસ પાર્ટી અધ્યક્ષ ખરગે સાથે વાત કરી પાકિસ્તાન વિરુદ્ધ દુનિયાભરમાં મોકલનારા સાંસદોના પ્રતિનિધિમંડળ માટે નામ માગશે. એવા સમાચાર મળી રહ્યા છે કે વિદેશ જતાં સાંસદોના પ્રતિનિધિમંડળ માટે શશિ થરુરને રાખવાના પક્ષમાં કેન્દ્ર સરકાર છે. સરકાર તરફથી થરુરને મોકલવાની વાત થઈ છે. જો કે આંતરરાષ્ટ્રીય બાબતોની સમક્ષ અને યુએન કાર્યકાળ જોતા થરુરને ન મોકલવાનો નિર્ણય લેવો મુશ્કેલ છે. પાર્ટીના અમુક નેતા થરુરને મોદી સરકારના સમર્થનમાં સતત નિવેદનથી નારાજ છે. પાકિસ્તાન સાથે તણાવના સમયે પણ થરુરે કોંગ્રેસ પાર્ટીની લાઈનથી અલગ નિવેદન આપ્યું હતું. જેને લઈને હોબાળો થયો. તાજેતરના દિવસોમાં થરુરને અનેક પ્રસંગોએ સાથે ગરમજોશીથી મળતા જોયા ગયા છે, જેના કારણે તેમના સાથેની નજીકની અટકળો લગાવવામાં આવી રહી છે.

# દેશમાં પ્રથમવાર ગુજરાતમાં વ્યાજખોરોની મિલ્કત જપ્ત

**(સંપૂર્ણ સમાચાર સેવા)**

**ગાંધીનગર, તા. ૧૬,** રાજ્યમાં નિર્દોષ નાગરિકોને રંજાડતા વ્યાજખોરો સામે ગુજરાત પોલીસે ખૂબ કડકાઇ સાથે આકરાં પગલાં ભર્યાં છે ત્યારે દેશના ઈતિહાસમાં પ્રથમવાર ગુજરાત પોલીસ દ્વારા આવા વ્યાજખોરોની મિલ્કત પણ જપ્ત કરી લઈ વ્યાજખોરોને આ પ્રકારનો ગુનો આચરવાનો વિચાર પણ ન આવે તે પ્રકારનો દાખલો બેસે તેવી કડક કાર્યવાહી થઈ છે.

ગુજરાતમાં કચ્છ જિલ્લાના અંજારમાં વ્યાજખોરીની ગુનાઈત પ્રવૃત્તિમાં સંડોવાયેલા આરોપીઓ સામે કડક પગલાં લેવામાં આવ્યાં છે. આ કાર્યવાહીમાં આરોપીઓ દ્વારા વ્યાજખોરી દ્વારા મેળવેલી લગભગ ૬૩.૪૬ લાખ રૂપિયાની મિલ્કત એટલે કે ચાર મકાન, બે પ્લોટ અને એક સ્કોર્પિયો ગાડી સહિતની મિલ્કત જપ્ત કરવામાં આવી છે, જે દેશના ઈતિહાસમાં પ્રથમવાર આ પ્રકારની કાર્યવાહી તરીકે નોંધાઈ છે.

વ્યાજખોરીની ગુનાહિત પ્રવૃત્તિમાં સંડોવાયેલા ત્રણ આરોપીઓ—રિયાબેન ઈશ્વરગર ગૌસ્વામી, આરતીબેન ઈશ્વરગર ગૌસ્વામી અને તેજસ ઈશ્વરગર ગૌસ્વામી, રહે. મંકલેશ્વર, અંજાર—સામે કાર્યવાહી કરી. આ આરોપીઓએ "Organized Crime Syndicate" બનાવી, આર્થિક ફાયદા માટે વ્યાજખોરીના ગુના આચર્યા હતા.

આ કાર્યવાહી દરમિયાન, પોલીસે આરોપીઓનો ગુનાઈત ઈતિહાસ તપાસ્યો, જેમાં અનેક ગંભીર ગુનાઓનો સમાવેશ થાય છે. આરોપીઓ સામે ભારતીય ન્યાય સંહિતા, ગુજરાત નાણાં ધીરધાર અધિનિયમ અને જી.સી.ટી.ઓ.સી. કાયદા હેઠળ કેસ નોંધવામાં આવ્યા છે. પોલીસે આ મિલ્કતોની ઝડતી અને જપ્તીની પ્રક્રિયા પૂર્ણ કરી, જેની દરખાસ્ત ગૃહ વિભાગ, ગાંધીનગરને મોકલવામાં આવી હતી. ગૃહ વિભાગના હુકમ આધારે આ મિલ્કતોને જપ્ત કરવામાં આવી છે.

# મોદી કરણી માતાના મંદિરે દર્શને જશે

(સંપૂર્ણ સમાચાર સેવા)

જયપુર, તા. ૧૬, ભારતના વડા પ્રધાન નરેન્દ્ર મોદી રાજસ્થાનના બિકાનેરમાં સ્થિત પ્રખ્યાત કરણી માતા મંદિરની મુલાકાત લેવાના છે. પીએમ મોદી ૨૨ મેના રોજ કરણી માતા મંદિરની મુલાકાત લેશે. આ દરમિયાન કેન્દ્રીય રેલ્વે મંત્રી અશ્વિની વૈષ્ણવ અને રાજસ્થાનના મુખ્યમંત્રી ભજનલાલ શર્મા પણ પીએમ મોદી સાથે હાજર રહેશે.

કરણી માતા મંદિર રાજસ્થાનના બિકાનેરથી લગભગ ૩૦ કિલોમીટર દૂર દેશનોક વિસ્તારમાં આવેલું છે. આ મંદિર વિશે એવી માન્યતા છે કે કરણી માતા દેવી દુર્ગાનો અવતાર છે. કરણી માતા મંદિરનું નિર્માણ ૧૫મી સદીની આસપાસ રાજપૂત રાજાઓ દ્વારા કરવામાં આવ્યું હતું. જોધપુર અને બિકાનેર પર શાસન કરનારા રાઠોડ રાજાઓ દ્વારા કરણી માતાની પૂજા કરવામાં આવતી હતી.

### પાકિસ્તાની વિદેશ મંત્રીનું નિવેદન

# ૧૮ મેના બંને દેશોના DGMO વચ્ચે વાતચીત

**(સંપૂર્ણ સમાચાર સેવા)**

**ઈસ્લામાબાદ,તા. ૧૬** ઢ્ઢ પાકિસ્તાનના વિદેશ મંત્રી ઈશાક ડારે ગુરુવારે દાવો કર્યો હતો કે પાકિસ્તાન અને ભારતના ડાયરેક્ટર્સ જનરલ ઓફ મિલિટરી ઓપરેશન્સ (DGMO) એ યુદ્ધવિરામ અંગે હોટલાઈન પર વાત કરી હતી. તેમણે કહ્યું કે હવે બંને દેશોના DGMO વચ્ચે ૧૮ મેના રોજ વાતચીત થશે. ભારત અને પાકિસ્તાને ૧૦ મેના રોજ સરહદ પારથી થયેલા ડ્રોન અને મિસાઈલ હુમલાઓ પછી લશ્કરી સંઘર્ષ ઓછો કરવા સંમતિ આપી હતી. ડારે સંસદમાં જણાવ્યું હતું કે પાકિસ્તાનના ઢ્ઢ મેજર જનરલ કાશિફ અબ્દુલ્લા અને તેમના ભારતીય સમકક્ષ લેફ્ટનન્ટ જનરલ રાજીવ ઘાઈએ બુધવારે બપોરે હોટલાઈન પર વાત કરી હતી. ડારના દાવા પર ભારતીય પક્ષ તરફથી કોઈ પ્રતિક્રિયા આવી નથી. ભારતીય સેનાના એક અધિકારીએ નવી દિલ્હીમાં જણાવ્યું હતું કે, "૧૦ મે ૨૦૨૫ ના રોજ બંને દેશોના ઢ્ઢ વચ્ચે થયેલી સંમતિ મુજબ વિશ્વાસ નિર્માણના પગલાં ચાલુ રાખવાનો નિર્ણય લેવામાં આવ્યો છે."

# કોરોનાની નવી લહેર આવી!

### હોંગકોંગ અને સિંગાપોરમાં કોરોનાના કેસ મળી આવ્યા

(સંપૂર્ણ સમાચાર સેવા)

હોંગકોંગ, તા.૧૬, સમગ્ર વિશ્વમાં હાહાકાર મચાવનાર કોવિડ-૧૯ ફરી એકવાર આવી ગયો છે. એશિયામાં હોંગકોંગ અને સિંગાપોરમાં કોરોનાના કેસ મળી આવ્યા છે. કેસોમાં વધારો એશિયામાં કોરોનાવાયરસની લહેરના ઉભરવાનો સંકેત આપે છે. આરોગ્ય અધિકારીઓ પણ આ અંગે ચિંતિત હોય તેવું લાગે છે.

હોંગકોંગ સેન્ટર ફોર હેલ્થ પ્રોટેક્શનના ચેપી રોગ શાખાના વડા આલ્બર્ટ ઓ અનુસાર, હોંગકોંગમાં વાયરસની પ્રવૃત્તિ મોટા પાયે પહોંચી ગઈ છે. તેમણે કહ્યું કે કોવિડ-૧૯ના પોઝિટિવ કેસોની ટકાવારી એક વર્ષના ઉચ્ચ સ્તરે પહોંચી ગઈ છે. ડેટા ગંભીર કેસોમાં ચિંતાજનક વધારો દર્શાવે છે, જેમાં મૃત્યુનો પણ સમાવેશ થાય છે, જે લગભગ એક વર્ષમાં તેમના ઉચ્ચતમ સ્તરે પહોંચી ગયા છે. ૩ મેના રોજ પૂરા થયેલા સપ્તાહમાં ૩૧ કેસ નોંધાયા હતા.

કોન્સર્ટના સત્તાવાર વેઈબો એકાઉન્ટ પરની એક પોસ્ટ અનુસાર, હોંગકોંગના ગાયક ઈસન ચાને કોવિડ-૧૯ માટે સકારાત્મક પરીક્ષણ કર્યા બાદ, આ સપ્તાહના અંતે તાઈવાનના કાઓહસુંગમાં યોજાવાનો તેમનો મ્યૂઝીક કોન્સર્ટ રદ કર્યો છે. સિંગાપોર પણ હાઈ એલર્ટ પર છે. આરોગ્ય મંત્રાલયે આ મહિને લગભગ એક વર્ષમાં ચેપના આંકડા અંગેનો પ્રથમ અપડેટ જાહેર કર્યો હતો, જેમાં અંદાજિત કેસ ૩ મેના રોજ પૂરા થયેલા સપ્તાહમાં ૨૮ ટકાના નોંધપાત્ર વધારા સાથે પાછલા સાત દિવસની તુલનામાં ૧૪,૨૦૦ થયા છે. હોસ્પિટલમાં દાખલ થવાની સંખ્યામાં પણ લગભગ ૩૦ ટકાનો વધારો જોવા મળ્યો.

સિંગાપોરના આરોગ્ય મંત્રાલયે જણાવ્યું હતું કે હાલમાં એવા કોઈ સંકેત નથી કે ફરતા વેરિઅન્ટ્સ વધુ ચેપી છે અથવા રોગચાળા દરમિયાન કરતાં વધુ ગંભીર કેસોનું કારણ બને છે. સામાન્ય રીતે શિયાળાની ઋતુમાં શ્વાસના વાયરસ વધુ સક્રિય હોય છે, પરંતુ આ વખતે ઉનાળાની શરૂઆતમાં કોરોનાના કેસ વધવા લાગ્યા છે. આનાથી સ્પષ્ટ થાય છે કે કોવિડ-૧૯ ઉનાળામાં પણ ફેલાઈ શકે છે અને મોટી સંખ્યામાં લોકોને અસર કરી શકે છે.

# રાજ્યમાં ચોમાસું વહેલું થાય તેવી સંભાવના

(સંપૂર્ણ સમાચાર સેવા)

અમદાવાદ, તા.૧૬, ચોમાસાને લઈને મહત્વના સમાચાર સામે આવ્યા છે. રાજ્યમાં ચોમાસાનું આગમન વહેલા થવાની સંભાવના છે. આંદામાન નિકોબાર ટાપુ પર ચોમાસુ વહેલું પહોંચ્યું છે. આ કારણે રાજ્યમાં આ વર્ષે ચોમાસું વહેલુ થશે તેમ માનવામાં આવે છે. પરિબળો સાનુકૂળ હોવાથી ચોમાસુ વહેલું આવશે.

કેરળમાં ૨૭મે સુધીમાં ચોમાસુ પ્રવેશ કરશે તેવી સ્થિતિ છે. ગુજરાતમાં પણ ચોમાસુ વહેલા આવવાની શકયતા છે. રાજ્યમાં આજે છૂટાછવાયા વરસાદની સંભાવના છે.

ઉત્તર ગુજરાત અને દક્ષિણ ગુજરાતમાં વરસાદની શક્યતા વ્યક્ત કરાઈ છે. સૌરાષ્ટ્ર-કચ્છમાં પણ ગાજવીજ અને ભારે પવનની આગાહી હવામાન વિભાગે કરી છે. ઉત્તર પૂર્વ અરબી સમુદ્રમાં દક્ષિણ ગુજરાત તરફ વરસાદી સિસ્ટમ સક્રિય થઈ છે. અપર એર સાયક્લોનિક સર્ક્યુલેશન સક્રિય થયું હોવાથી વરસાદની સંભાવના છે.

હવામાન વિભાગના જણાવ્યા મુજબ આજે અમદાવાદમાં તાપમાન ૪૦ ડિગ્રી આસપાસ રહેવાની શક્યતા છે અને વાદળછાયું વાતાવરણ રહેશે. રાજ્યમાં તાપમાનમાં વધુ ફેરફાર નહીં જોવા મળે. દિવસ દરમિયાન વાદળછાયું વાતાવરણ રહેશે.

હવામાન વિભાગની આગાહી અનુસાર, આજે સાબરકાંઠા, અરવલ્લી, મહીસાગર, પંચમહાલ, દાહોદ, છોટા ઉદેપુર, વડોદરા, ભરૂચ, નર્મદા, સુરેન્દ્રનગર, રાજકોટ, બોટાદ, જૂનાગઢ, અમરેલી, ભાવનગર, ગીરસોમનાથ, દીવ, સુરત, તાપી, ડાંગ, નવસારી, વલસાડ, દમણ, દાદરાનગર હવેલીમાં ગાજવીજ સાથે હળવાથી મધ્યમ વરસાદની આગાહી કરવામાં આવી છે.

સામાન્ય રીતે ૧ જૂને કેરળ પહોંચ્યા પછી, ચોમાસુ ૮ જુલાઈ સુધીમાં અન્ય રાજ્યોને આવરી લે છે, એમૈંસ્ઢ એ જણાવ્યું હતું. ૧૭ સપ્ટેમ્બરની આસપાસ રાજસ્થાન થઈને પરત ફરવાનું શરૂ કરે છે અને ૧૫ ઓક્ટોબર સુધીમાં પૂર્ણ થાય છે.

હવામાન વિભાગે એપ્રિલ મહિનામાં કરેલી આગાહીમાં આશા વ્યક્ત કરી હતી કે ૨૦૨૫માં સામાન્ય કરતાં વધુ વરસાદ પડશે. આ કારણે અલ નીનોની અસર નકારી કાઢવામાં આવી રહી છે, કારણ કે અલ નીનોની અસરને કારણે સામાન્ય કરતાં ઓછો વરસાદ પડી રહ્યો છે. તાજેતરમાં, હવામાન વિભાગે કહ્યું હતું કે આ વર્ષે ચોમાસુ સામાન્ય રીતે આ ૨૦ મેની આસપાસ થાય છે, પરંતુ આ વખતે તે એક અઠવાડિયા વહેલું થઈ રહ્યું છે. સામાન્ય રીતે ચોમાસાને નિકોબાર ટાપુઓથી કેરળ પહોંચતા ૧૦ દિવસ લાગે છે.

# ભારત સાથે શાંતિ વાટાઘાટો કરવા તૈયાર : શાહબાઝ શરીફ

(સંપૂર્ણ સમાચાર સેવા)

નવી દિલ્હી, તા.૧૬ , ભારતના ઓપરેશન સિંદૂરને કારણે પાકિસ્તાનને ઘણું નુકસાન થયુંછભારતીય સેનાએ પાકિસ્તાન સામે વળતો જવાબ આપ્યો અને તેના પાંચ વિમાન તોડી પાડ્યા હતા. આમાં ૨ ફાઈટર એરક્રાફ્ટનો પણ સમાવેશ થતો હતો. ભારતે ૬ અને ૭ મેના રોજ બે પાકિસ્તાની લડાકુ વિમાનોને તોડી પાડ્યા હતા. આ પછી ૮ અને ૯ મેના રોજ ૩ વિમાનોને તોડી પાડવામાં આવ્યા. ભારતે પાકિસ્તાનના 2 JF17, 1 મિરાજ જેટ, 1 AWACS અને 1 C-130 (સંભવિત) તોડી પાડ્યા, પરંતુ પાકિસ્તાન દુનિયા સમક્ષ ખોટું બોલતા થાકતું નથી.

પાકિસ્તાનના વિદેશ મંત્રી ઈશાક ડારે તાજેતરમાં જ તેમની સંસદમાં પાકિસ્તાન વાયુસેનાના ખોટા વખાણ કર્યા હતા. તેમણે કહ્યું હતું કે ધ ટેલિગ્રાફે પાકિસ્તાન વાયુસેનાની પ્રશંસા કરતો એક લેખ પ્રકાશિત કર્યો છે. જ્યારે આ સમાચાર ખોટા નીકળ્યા. પાકિસ્તાનના અખબાર ધ ડોને તેની ફેક્ટ ચેક કરી હતી અને તે દાવાને ખોટો જાહેર કર્યો હતો. ઈશાક ડારના કહેવા પ્રમાણે પાકિસ્તાને ૬ ભારતીય જેટ તોડી પાડ્યા હતા.

પાકિસ્તાન આર્મીના એક નિવૃત્ત એર માર્શલે પણ નુકસાનનો ખુલાસો કર્યો હતો. તેમણે કહ્યું કે ભારતે ઘણું નુકસાન પહોંચાડ્યું છે. ભારત અને પાકિસ્તાન વચ્ચે છેલ્લા કેટલાક દિવસોથી ચાલી રહેલા તણાવ વચ્ચે, પાકિસ્તાનના વડા પ્રધાન શાહબાઝ શરીફે શાંતિ અંગે મોટું નિવેદન આપ્યું છે.

પાકિસ્તાની પીએમએ ગુરુવારે (૧૫ મે) કહ્યું કે તેઓ ભારત સાથે શાંતિ વાટાઘાટો કરવા તૈયાર છે. રોઈટર્સના અહેવાલ મુજબ, શાહબાઝ શરીફનું આ નિવેદન બંને દેશો વચ્ચે લશ્કરી કાર્યવાહી રોકવા માટે ૧૦ મે, ૨૦૨૫ના રોજ થયેલા યુદ્ધવિરામ કરાર પર આવ્યું છે.

# પાક. પરત ફરેલા જવાને આપવીતી જણાવી

(સંપૂર્ણ સમાચાર સેવા)

નવી દિલ્હી, તા.૧૬, ૨૧ દિવસ પછી પાકિસ્તાનથી મુક્ત થયા બાદ ભારત પરત ફરેલા બીએસએફ જવાન પૂર્ણમ કુમાર શોએ તેમની પત્ની રજની સાથે ટેલિફોનિક વાતચીતમાં તેમના કેદ દરમિયાનના અનુભવો શેર કર્યા. પૂર્ણમ કુમાર શોએ પત્નીને કહ્યું કે પાકિસ્તાનમાં તેની કેદ દરમિયાન તેને રાત્રે સૂવા પણ દેવામાં આવતો ન હતો. સતત પૂછપરછ થતી રહી. પાકિસ્તાનીઓ એવું વર્તન કરતા હતા જાણે જાસૂસ હોય. ૨૩ એપ્રિલના રોજ, પંજાબના ફિરોઝપુર સેક્ટરમાં ફરજ પર હતા ત્યારે પૂર્ણમ કુમાર શો આકસ્મિક રીતે પાકિસ્તાની સરહદમાં પ્રવેશી ગયા હતા. આ ઘટના કાશ્મીરના પહેલગામમાં થયેલા આતંકવાદી હુમલાના બીજા જ દિવસે બની હતી. પાકિસ્તાની સેનાએ તેમને કસ્ટડીમાં લીધા હતા અને ત્યારથી તેમની સાથે કોઈ સંપર્ક થયો નથી. ભારત સરકારે રાજદ્વારી માધ્યમો દ્વારા દબાણ લાવવાનું શરૂ કર્યું, જેના કારણે તેમને પાકિસ્તાનમાંથી મુક્ત કરવામાં આવ્યા.

બુધવારે પોતાના પતિ સાથે વાત કર્યા પછી, રજની શોએ જણાવ્યું કે તેમણે કહ્યું કે તેમને શારીરિક રીતે ત્રાસ આપવામાં આવ્યો ન હતો, પરંતુ માનસિક રીતે તેઓ થાકી ગયા હતા. તેમને દરરોજ રાત્રે પૂછપરછ માટે જગાડવામાં આવતા હતા. તેમણે કહ્યું કે તેમને ખાવાનું આપવામાં આવતું હતું, પરંતુ દાંત સાફ કરવાની પણ મંજૂરી નહોતી. તેમના અવાજમાં થાક સ્પષ્ટ દેખાતો હતો.

રજનીએ એમ પણ કહ્યું કે પૂર્ણમ શોને ત્રણ અલગ અલગ જગ્યાએ લઈ જવામાં આવ્યા હતા. તેમાંથી એક જગ્યા કદાચ એરબેઝની નજીક હતી, કારણ કે ત્યાં વિમાનોના અવાજો સંભળાતા હતા. આ બધો અનુભવ એવો હતો જેણે તેના માનસિક તણાવમાં વધુ વધારો કર્યો. રજની શોએ ગર્વથી કહ્યું કે તેઓ છેલ્લા ૧૭ વર્ષથી દેશની સેવા કરી રહ્યા છે અને આગળ પણ કરતા રહેશે. અમને બધાને તેમના પર ગર્વ છે. તેઓ ફરીથી ફરજ પર પાછા ફરશે. જો શોને જલ્દી રજા નહીં મળે, તો રજની પોતે પઠાણકોટ જઈને તેને મળવાનું આયોજન કરી રહી છે. તમને જણાવી દઈએ કે બુધવારે સાંજે પૂર્ણમ કુમાર શોને અટારી-વાઘા બોર્ડર દ્વારા ભારત લાવવામાં આવ્યા હતા, જ્યાં તેમની તબીબી તપાસ કરવામાં આવી હતી અને તેમની પૂછપરછ કરવામાં આવી હતી.


દમણગંગા ટાઈમ્સ
ઈ-પેપર ડાઉનલોન
કરવા માટે કયુઆર
કોડ સ્કેન કરો

### જાહેર નોટીસ

**આઈ.એમ. સૈયદ એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ, સુબીર જી.ડાંગની કોર્ટમાં**

જન્મ-મરણ/કેસ રજી.નં.૧૫/૨૦૨૫
તા.૧૩/૦૫/૨૦૨૫

**અરજદાર :** શ્રી વિઠ્ઠલભાઈ શુક્કરભાઈ બોસારા, રહે. ઢોંગીઆંબા, તા.સુબીર, જી.ડાંગ

વિરુધ્ધ

**સામાવાળા : જન્મ-મરણ રજીસ્ટ્રાર અને તલાટી કમ મંત્રીશ્રી,
મહાલ ગૃપ ગ્રામ પંચાયત,
તા.સુબીર જી.ડાંગ**

**જન્મ-મરણ અધિનિયમ - ૧૯૬૯ની કલમ ૧૩(૩) અન્વયે જન્મની નોંધ કરાવવા માટેનો હુકમ મેળવવા માટેની અરજી અન્વયે નોટીસ**

આથી જાહેર જનતાને જાહેર નોટીસ આપી જણાવવામાં આવે છે કે, ઉપરોક્ત નંબરના કેસમાં અરજદારશ્રી **વિઠ્ઠલભાઈ શુક્કરભાઈ બોસારા**, રહે. ઢોંગીઆંબા, તા.સુબીર, જી. ડાંગનાઓએ તેમની પુત્રી **નામે સંજનાબેન વિઠ્ઠલભાઈ બોસારાની** જન્મ તારીખ ૨૮/૦૬/૨૦૧૪ના રોજ રહે. ઢોંગીઆંબા, તા. સુબીર, જી. ડાંગ ખાતે થયેલ હોવાનો એકરાર કરેલ છે.

પરંતુ તેમના જન્મની નોંધ શરતચૂકથી તલાટી કમ મંત્રીશ્રી, ગ્રામ પંચાયત મહાલના રેકર્ડ દફતરે કરવાની રહી ગયેલ છે. તે અંગેની નોંધ કરાવવા માટે તલાટી કમ મંત્રીશ્રી, ગ્રામ પંચાયત મહાલને હુકમ કરવા ઉપરોક્ત કેસમાં અરજ ગુજારેલ છે. સદરહું અરજી સામે કોઈને વાંધો હોય તો આ નોટીસ પ્રસિધ્ધ થયેથી દિન-૩૦ (ત્રીસ)માં અત્રેની કોર્ટમાં અથવા ગ્રામ પંચાયત કચેરી મહાલ ખાતે લેખિતમાં વાંધાઓ રજુ કરવા. જો તેમ કરવામાં નહીં આવશે તો નામદાર કોર્ટ કાયદેસરનો યોગ્ય હુકમ કરશે.

આજ તા.૧૩/૦૫/૨૦૨૫ ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરીને આપ્યો.

કોર્ટનો સિક્કો

સહિ/-
(આઈ.એમ. સૈયદ)
એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ અને
મામલતદાર સુબીર જી.ડાંગ

---

### એક્ઝિક્યુટીવ મેજીસ્ટ્રેટ અને મામલતદાર વાપી (શહેર)ની કોર્ટમાં

જ.મ.પ.અ.નં.૩૦/૨૦૨૫

**અરજદાર : રંગપરિયા જ્યોતિબેન નટવરલાલ**
રહે. આર.બી.એલ. ૬૬/૭૮૪ ચણોદ કોલોની
જીઆઈડીસી વાપી તા.વાપી, જી.વલસાડ

વિરુધ્ધ

**સામાવાળા : ચીફ ઓફિસરશ્રી અને
જન્મ અને મરણ નોંધણી અધિકારીશ્રી
વાપી નોટીફાઈડ એરિયા જીઆઈડીસી, તા. વાપી, જી.વલસાડ**

**જન્મ-મરણ અધિનિયમ - ૧૯૬૯ની કલમ-૧૩ (૧૩) અન્વયે મરણની નોંધ કરાવવા માટેનો હુકમ મેળવવા માટેની અરજી અન્વયે નોટીસ**

આથી લાગતા વળગતા ઈસમોને જણાવવાનું કે, અરજદારે જન્મ-મરણ અધિનિયમ હેઠળ અરજી કરેલ છે કે, અરજદારશ્રી **રંગપરિયા જ્યોતિબેન નટવરલાલ** રહે. આર.બી.એલ. ૬૬/૭૮૪ ચણોદ કોલોની, જીઆઈડીસી વાપી તા.વાપી, જી.વલસાડનાઓએ તેમના પતિ **સ્વ. નટવરલાલ નાનાલાલ રંગપરિયાનું** મરણ તા.૩૧/૦૭/૨૦૧૨ના રોજ મોજે વાપી જીઆઈડીસી, તા.વાપી ખાતે થયેલ છે. તેમના મરણની નોંધણી જે તે સમયે કાયદાથી અજાણ હોય ભુલ અને શરતચુકથી કરવાની રહી ગયેલ છે. જેથી અત્રેની કોર્ટમાં અરજી દાખલ કરેલ છે. સદર મરણની નોંધણી બાબતે કોઈને વાંધો યા તકરાર હોય તો પોતે અથવા પોતાના વકીલ મારફત સદરહુ જાહેરાત પ્રસિધ્ધ થયાની તારીખથી ૩૦ દિવસની અંદર એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ અને મામલતદાર, વાપી (શહેર), તા. વાપીની કચેરીએ વાંધા રજુ કરવાના રહેશે. જેની તમામ લાગતા વળગતા ઈસમોએ નોંધ લેવી.

આજ રોજ તા.૧૪/૦૫/૨૦૨૫ ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરીને આપ્યો.

કોર્ટનો સિક્કો

સહિ/-
એક્ઝિક્યુટીવ મેજીસ્ટ્રેટ
વાપી (શહેર)

નં.એમએજી/જન્મ-મરણ/રજી૩૦/વશી૬૬૦/૨૦૨૫
એક્ઝીક્યુટિવ મેજીસ્ટ્રેટ અને મામલતદાર વાપી (શ)ની
કચેરી તાલુકા સેવા સદન, નેશનલ હાઈવે, બલિઠા,
તા.વાપી જી.વલસાડ

---

### એક્ઝિક્યુટીવ મેજીસ્ટ્રેટ અને મામલતદાર વાપી (શહેર)ની કોર્ટમાં

જ.મ.પ.અ.નં.૩૩/૨૦૨૫

**અરજદાર : બાબુભાઈ ચમારભાઈ પટેલ,**
રહે. ૨૬૮૮, ભરવાડ ફળિયા, ડુંગરા
તા.વાપી, જી.વલસાડ

વિરુધ્ધ

**સામાવાળા : ચીફ ઓફિસરશ્રી અને
જન્મ અને મરણ નોંધણી અધિકારીશ્રી
વાપી મહાનગરપાલિકા, તા. વાપી, જી.વલસાડ**

**જન્મ-મરણ અધિનિયમ - ૧૯૬૯ની કલમ-૧૩ (૧૩) અન્વયે મરણની નોંધ કરાવવા માટેનો હુકમ મેળવવા માટેની અરજી અન્વયે નોટીસ**

આથી લાગતા વળગતા ઈસમોને જણાવવાનું કે, અરજદારે જન્મ-મરણ અધિનિયમ હેઠળ અરજી કરેલ છે કે, અરજદારશ્રી **બાબુભાઈ ચમારભાઈ પટેલ** રહે. ૨૬૮૮, ભરવાડ ફળિયા, ડુંગરા, તા.વાપી, જી.વલસાડનાઓએ તેમના પિતા **સ્વ. ચમારભાઈ બિજિયાભાઈ પટેલનું** મરણ તા.૦૮/૦૩/૧૯૮૧ના રોજ મોજે ડુંગરા, તા.વાપી ખાતે થયેલ છે. તેમના મરણની નોંધણી જે તે સમયે કાયદાથી અજાણ હોય ભુલ અને શરતચુકથી કરવાની રહી ગયેલ છે. જેથી અત્રેની કોર્ટમાં અરજી દાખલ કરેલ છે. સદર મરણની નોંધણી બાબતે કોઈને વાંધો યા તકરાર હોય તો પોતે અથવા પોતાના વકીલ મારફત સદરહુ જાહેરાત પ્રસિધ્ધ થયાની તારીખથી ૩૦ દિવસની અંદર એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ અને મામલતદાર, વાપી (શહેર), તા. વાપીની કચેરીએ વાંધા રજુ કરવાના રહેશે. જેની તમામ લાગતા વળગતા ઈસમોએ નોંધ લેવી.

આજ રોજ તા.૧૪/૦૫/૨૦૨૫ ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરીને આપ્યો.

કોર્ટનો સિક્કો

સહિ/-
એક્ઝિક્યુટીવ મેજીસ્ટ્રેટ
વાપી (શહેર)

નં.એમએજી/જન્મ-મરણ/રજી૩૩/વશી૬૬૩/૨૦૨૫
એક્ઝીક્યુટિવ મેજીસ્ટ્રેટ અને મામલતદાર વાપી (શ)ની
કચેરી તાલુકા સેવા સદન, નેશનલ હાઈવે, બલિઠા,
તા.વાપી જી.વલસાડ









---

### જાહેર નોટીસ

**આઈ.એમ. સૈયદ એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ, સુબીર જી.ડાંગની કોર્ટમાં**

જન્મ-મરણ/કેસ રજી.નં.૧૮/૨૦૨૫
તા.૧૩/૦૫/૨૦૨૫

**અરજદાર :** શ્રી વિઠ્ઠલભાઈ શુક્કરભાઈ બોસારા, રહે. ઢોંગીઆંબા, તા.સુબીર, જી.ડાંગ

વિરુધ્ધ

**સામાવાળા : જન્મ-મરણ રજીસ્ટ્રાર અને તલાટી કમ મંત્રીશ્રી,
મહાલ ગૃપ ગ્રામ પંચાયત,
તા.સુબીર જી.ડાંગ**

**જન્મ-મરણ અધિનિયમ - ૧૯૬૯ની કલમ ૧૩(૩) અન્વયે જન્મની નોંધ કરાવવા માટેનો હુકમ મેળવવા માટેની અરજી અન્વયે નોટીસ**

આથી જાહેર જનતાને જાહેર નોટીસ આપી જણાવવામાં આવે છે કે, ઉપરોક્ત નંબરના કેસમાં અરજદારશ્રી **વિઠ્ઠલભાઈ શુક્કરભાઈ બોસારા**, રહે. ઢોંગીઆંબા, તા.સુબીર, જી. ડાંગનાઓએ તેમની પુત્રી **નામે અંજલીબેન વિઠ્ઠલભાઈ બોસારાની** જન્મ તારીખ ૨૩/૦૯/૨૦૧૧ના રોજ રહે. ઢોંગીઆંબા, તા. સુબીર, જી. ડાંગ ખાતે થયેલ હોવાનો એકરાર કરેલ છે.

પરંતુ તેમના જન્મની નોંધ શરતચૂકથી તલાટી કમ મંત્રીશ્રી, ગ્રામ પંચાયત મહાલના રેકર્ડ દફતરે કરવાની રહી ગયેલ છે. તે અંગેની નોંધ કરાવવા માટે તલાટી કમ મંત્રીશ્રી, ગ્રામ પંચાયત મહાલને હુકમ કરવા ઉપરોક્ત કેસમાં અરજ ગુજારેલ છે. સદરહું અરજી સામે કોઈને વાંધો હોય તો આ નોટીસ પ્રસિધ્ધ થયેથી દિન-૩૦ (ત્રીસ)માં અત્રેની કોર્ટમાં અથવા ગ્રામ પંચાયત કચેરી મહાલ ખાતે લેખિતમાં વાંધાઓ રજુ કરવા. જો તેમ કરવામાં નહીં આવશે તો નામદાર કોર્ટ કાયદેસરનો યોગ્ય હુકમ કરશે.

આજ તા.૧૩/૦૫/૨૦૨૫ ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરીને આપ્યો.

કોર્ટનો સિક્કો

સહિ/-
(આઈ.એમ. સૈયદ)
એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ અને
મામલતદાર સુબીર જી.ડાંગ

---

### જાહેર નોટીસ

**આઈ.એમ. સૈયદ એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ, સુબીર જી.ડાંગની કોર્ટમાં**

જન્મ-મરણ/કેસ રજી.નં.૧૬/૨૦૨૫
તા.૧૩/૦૫/૨૦૨૫

**અરજદાર :** શ્રી વિઠ્ઠલભાઈ શુક્કરભાઈ બોસારા, રહે. ઢોંગીઆંબા, તા.સુબીર, જી.ડાંગ

વિરુધ્ધ

**સામાવાળા : જન્મ-મરણ રજીસ્ટ્રાર અને તલાટી કમ મંત્રીશ્રી,
મહાલ ગૃપ ગ્રામ પંચાયત,
તા.સુબીર જી.ડાંગ**

**જન્મ-મરણ અધિનિયમ - ૧૯૬૯ની કલમ ૧૩(૩) અન્વયે જન્મની નોંધ કરાવવા માટેનો હુકમ મેળવવા માટેની અરજી અન્વયે નોટીસ**

આથી જાહેર જનતાને જાહેર નોટીસ આપી જણાવવામાં આવે છે કે, ઉપરોક્ત નંબરના કેસમાં અરજદારશ્રી **વિઠ્ઠલભાઈ શુક્કરભાઈ બોસારા**, રહે. ઢોંગીઆંબા, તા.સુબીર, જી. ડાંગનાઓએ તેમના પુત્ર **નામે રૂધેશભાઈ વિઠ્ઠલભાઈ બોસારાની** જન્મ તારીખ ૧૧/૦૩/૨૦૧૨ના રોજ રહે. ઢોંગીઆંબા, તા. સુબીર, જી. ડાંગ ખાતે થયેલ હોવાનો એકરાર કરેલ છે.

પરંતુ તેમના જન્મની નોંધ શરતચૂકથી તલાટી કમ મંત્રીશ્રી, ગ્રામ પંચાયત મહાલના રેકર્ડ દફતરે કરવાની રહી ગયેલ છે. તે અંગેની નોંધ કરાવવા માટે તલાટી કમ મંત્રીશ્રી, ગ્રામ પંચાયત મહાલને હુકમ કરવા ઉપરોક્ત કેસમાં અરજ ગુજારેલ છે. સદરહું અરજી સામે કોઈને વાંધો હોય તો આ નોટીસ પ્રસિધ્ધ થયેથી દિન-૩૦ (ત્રીસ)માં અત્રેની કોર્ટમાં અથવા ગ્રામ પંચાયત કચેરી મહાલ ખાતે લેખિતમાં વાંધાઓ રજુ કરવા. જો તેમ કરવામાં નહીં આવશે તો નામદાર કોર્ટ કાયદેસરનો યોગ્ય હુકમ કરશે.

આજ તા.૧૩/૦૫/૨૦૨૫ ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરીને આપ્યો.

કોર્ટનો સિક્કો

સહિ/-
(આઈ.એમ. સૈયદ)
એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ અને
મામલતદાર સુબીર જી.ડાંગ

---

### જાહેર નોટીસ / સમન્સ

**નાયબ કલેકટર અને સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટ, વાંસદાની કોર્ટમાં**

જન્મ-મરણ નોંધણી અરજી નં.૧૦૭/૨૦૨૫

**અરજદાર : રમેશભાઈ બાબુભાઈ રાઠોડ**
રહે. ખેરગામ, પટેલ ફળિયા
તા.ખેરગામ જી.નવસારી

વિરુધ્ધ

**સામાવાળા : તલાટી કમ મંત્રીશ્રી,
ગ્રામ પંચાયત કચેરી, ખેરગામ
તા.ખેરગામ જી.નવસારી**

આ કામના અરજદારશ્રી **રમેશભાઈ બાબુભાઈ રાઠોડ** રહે. ખેરગામ, પટેલ ફળિયા તા. ખેરગામ જી.નવસારીએ તેમના પિતા **બાબુભાઈ સોમાભાઈ રાઠોડનું** મરણ મોજે, ખેરગામ, તા.ખેરગામ જી.નવસારી મુકામે તા.૧૭/૧૦/૧૯૭૭ના રોજ થયેલ હોવાનું જણાવી તેમના મરણની નોંધણી સામાવાળા સમક્ષ થયેલ નહી હોવાથી સામાવાળાને નોંધણી કરવા હુકમ મેળવવા બાબતે આધાર પુરાવા સહિત અત્રે અરજ ગુજારેલી છે. સબબ આથી લાગતા વળગતા તમામને આ જાહેર નોટીસ / સમન્સથી જાણ કરવામાં આવે છે, કે સદર કામે અરજદારની અરજી સામે કોઈના કોઈ પણ જાતના વાંધા વિરોધ અગર તકરાર હોઈ તો તે રજુ કરવા આ નોટીસની પ્રસિધ્ધિ થયાના ૩૦ (ત્રીસ) દિવસમાં કચેરી સમય દરમ્યાન જાતે અથવા યોગ્ય રીતે માહિતગાર વકીલ મારફતે આધાર પુરાવા સાથે લેખિત રજુઆત સહિત હાજર થઈ રજુ કરવું. નિર્દિષ્ટ સમયમર્યાદામાં કોઈ વાંધા રજુ કરવામાં નહી આવશે તો અરજી સંદર્ભે આગળની કાયદેસરની કાર્યવાહી કરવામાં આવશે. જેની નોંધ લેવી.

તા.૦૧/૦૫/૨૦૨૫
સ્થળ : વાંસદા

કોર્ટનો સિક્કો

સહિ/-
(ડી.આઈ. પટેલ)
સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટ વાંસદા

---

### એક્ઝિક્યુટીવ મેજીસ્ટ્રેટ અને મામલતદાર વાપી (શહેર)ની કોર્ટમાં

જ.મ.પ.અ.નં.૨૫/૨૦૨૫

**અરજદાર : લવકુશ કાંતિભાઈ નોનિયાર**
રહે. ૨/૧ વૈભવ એસોસિએશન ગુંજન રોડ, ગુ.હા.બો.વાપી
તા.વાપી, જી.વલસાડ

વિરુધ્ધ

**સામાવાળા : ચીફ ઓફિસરશ્રી અને
જન્મ અને મરણ નોંધણી અધિકારીશ્રી
વાપી નોટીફાઈડ એરિયા જીઆઈડીસી, તા. વાપી, જી.વલસાડ**

**જન્મ-મરણ અધિનિયમ - ૧૯૬૯ની કલમ-૧૩ (૧૩) અન્વયે મરણની નોંધ કરાવવા માટેનો હુકમ મેળવવા માટેની અરજી અન્વયે નોટીસ**

આથી લાગતા વળગતા ઈસમોને જણાવવાનું કે, અરજદારે જન્મ-મરણ અધિનિયમ હેઠળ અરજી કરેલ છે કે, અરજદારશ્રી **લવકુશ કાંતિભાઈ નોનિયાર** રહે. ૨/૧ વૈભવ એસોસિએશન ગુંજન રોડ. ગુ.હા.બો.વાપી, તા.વાપી, જી.વલસાડનાઓએ તેમના ભાઈ **સ્વ. કરણ કાંતિભાઈ નોનિયારનું** મરણ તા.૧૯/૦૨/૨૦૨૨ના રોજ મોજે વાપી જીઆઈડીસી, તા.વાપી, જી.વલસાડ ખાતે થયેલ છે. તેમના મરણની નોંધણી જે તે સમયે કાયદાથી અજાણ હોય ભુલ અને શરતચુકથી કરવાની રહી ગયેલ છે. જેથી અત્રેની કોર્ટમાં અરજી દાખલ કરેલ છે. સદર મરણની નોંધણી બાબતે કોઈને વાંધો યા તકરાર હોય તો પોતે અથવા પોતાના વકીલ મારફત સદરહુ જાહેરાત પ્રસિધ્ધ થયાની તારીખથી ૩૦ દિવસની અંદર એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ અને મામલતદાર, વાપી (શહેર), તા. વાપીની કચેરીએ વાંધા રજુ કરવાના રહેશે. જેની તમામ લાગતા વળગતા ઈસમોએ નોંધ લેવી.

આજ રોજ તા.૧૪/૦૫/૨૦૨૫ ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરીને આપ્યો.

કોર્ટનો સિક્કો

સહિ/-
એક્ઝિક્યુટીવ મેજીસ્ટ્રેટ
વાપી (શહેર)

નં.એમએજી/જન્મ-મરણ/રજી૨૫/વશી૫૭૮/૨૦૨૫
એક્ઝીક્યુટિવ મેજીસ્ટ્રેટ અને મામલતદાર વાપી (શ)ની
કચેરી તાલુકા સેવા સદન, નેશનલ હાઈવે, બલિઠા,
તા.વાપી જી.વલસાડ






---

### જાહેર નોટીસ

**આઈ.એમ. સૈયદ એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ, સુબીર જી.ડાંગની કોર્ટમાં**

જન્મ-મરણ/કેસ રજી.નં.૧૭/૨૦૨૫
તા.૧૩/૦૫/૨૦૨૫

**અરજદાર :** મહેન્દ્રભાઈ માધુભાઈ દિવા, રહે. ઢોંગીઆંબા, તા.સુબીર, જી.ડાંગ

વિરુધ્ધ

**સામાવાળા : જન્મ-મરણ રજીસ્ટ્રાર અને તલાટી કમ મંત્રીશ્રી,
મહાલ ગૃપ ગ્રામ પંચાયત,
તા.સુબીર જી.ડાંગ**

**જન્મ-મરણ અધિનિયમ - ૧૯૬૯ની કલમ ૧૩(૩) અન્વયે જન્મની નોંધ કરાવવા માટેનો હુકમ મેળવવા માટેની અરજી અન્વયે નોટીસ**

આથી જાહેર જનતાને જાહેર નોટીસ આપી જણાવવામાં આવે છે કે, ઉપરોક્ત નંબરના કેસમાં અરજદારશ્રી **મહેન્દ્રભાઈ માધુભાઈ દિવા**, રહે. ઢોંગીઆંબા, તા.સુબીર, જી. ડાંગનાઓએ તેમના પુત્ર **નામે આર્યનભાઈ મહેન્દ્રભાઈ દિવાની** જન્મ તારીખ ૨૬/૦૧/૨૦૧૫ના રોજ રહે. ઢોંગીઆંબા, તા. સુબીર, જી. ડાંગ ખાતે થયેલ હોવાનો એકરાર કરેલ છે.

પરંતુ તેમના જન્મની નોંધ શરતચૂકથી તલાટી કમ મંત્રીશ્રી, ગ્રામ પંચાયત મહાલના રેકર્ડ દફતરે કરવાની રહી ગયેલ છે. તે અંગેની નોંધ કરાવવા માટે તલાટી કમ મંત્રીશ્રી, ગ્રામ પંચાયત મહાલને હુકમ કરવા ઉપરોક્ત કેસમાં અરજ ગુજારેલ છે. સદરહું અરજી સામે કોઈને વાંધો હોય તો આ નોટીસ પ્રસિધ્ધ થયેથી દિન-૩૦ (ત્રીસ)માં અત્રેની કોર્ટમાં અથવા ગ્રામ પંચાયત કચેરી મહાલ ખાતે લેખિતમાં વાંધાઓ રજુ કરવા. જો તેમ કરવામાં નહીં આવશે તો નામદાર કોર્ટ કાયદેસરનો યોગ્ય હુકમ કરશે.

આજ તા.૧૩/૦૫/૨૦૨૫ ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરીને આપ્યો.

કોર્ટનો સિક્કો

સહિ/-
(આઈ.એમ. સૈયદ)
એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ અને
મામલતદાર સુબીર જી.ડાંગ

---

### જાહેર નોટીસ / સમન્સ

**નાયબ કલેકટર અને સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટ, વાંસદાની કોર્ટમાં**

જન્મ-મરણ નોંધણી અરજી નં.૧૦૮/૨૦૨૫

**અરજદાર : મુકેશભાઈ છીબાભાઈ પટેલ**
રહે. વાવ, કંટોલ ફળિયા
તા.ખેરગામ જી.નવસારી

વિરુધ્ધ

**સામાવાળા : તલાટી કમ મંત્રીશ્રી,
ગ્રામ પંચાયત કચેરી, વાવ
તા.ખેરગામ જી.નવસારી**

આ કામના અરજદારશ્રી **મુકેશભાઈ છીબાભાઈ પટેલ** રહે. વાવ, કંટોલ ફળિયા તા. ખેરગામ જી.નવસારીએ તેમના ભાઈ **રવજીભાઈ છીબાભાઈ પટેલનું** મરણ મોજે, વાવ, તા.ખેરગામ જી.નવસારી મુકામે તા.૧૩/૦૮/૨૦૧૪ના રોજ થયેલ હોવાનું જણાવી તેમના મરણની નોંધણી સામાવાળા સમક્ષ થયેલ નહી હોવાથી સામાવાળાને નોંધણી કરવા હુકમ મેળવવા બાબતે આધાર પુરાવા સહિત અત્રે અરજ ગુજારેલી છે. સબબ આથી લાગતા વળગતા તમામને આ જાહેર નોટીસ / સમન્સથી જાણ કરવામાં આવે છે, કે સદર કામે અરજદારની અરજી સામે કોઈના કોઈ પણ જાતના વાંધા વિરોધ અગર તકરાર હોઈ તો તે રજુ કરવા આ નોટીસની પ્રસિધ્ધિ થયાના ૩૦ (ત્રીસ) દિવસમાં કચેરી સમય દરમ્યાન જાતે અથવા યોગ્ય રીતે માહિતગાર વકીલ મારફતે આધાર પુરાવા સાથે લેખિત રજુઆત સહિત હાજર થઈ રજુ કરવું. નિર્દિષ્ટ સમયમર્યાદામાં કોઈ વાંધા રજુ કરવામાં નહી આવશે તો અરજી સંદર્ભે આગળની કાયદેસરની કાર્યવાહી કરવામાં આવશે. જેની નોંધ લેવી.

તા.૦૧/૦૫/૨૦૨૫
સ્થળ : વાંસદા

કોર્ટનો સિક્કો

સહિ/-
(ડી.આઈ. પટેલ)
સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટ વાંસદા

---

### એક્ઝિક્યુટીવ મેજીસ્ટ્રેટ અને મામલતદાર વાપી (શહેર)ની કોર્ટમાં

જ.મ.પ.અ.નં.૩૪/૨૦૨૫

**અરજદાર : આહિર છીબુભાઈ ખાલપાભાઈ**
રહે. ૨૭૦૬, આહિરવાડ ફળિયા, વાપી
તા.વાપી, જી.વલસાડ

વિરુધ્ધ

**સામાવાળા : ચીફ ઓફિસરશ્રી અને
જન્મ અને મરણ નોંધણી અધિકારીશ્રી
વાપી મહાનગરપાલિકા, તા. વાપી, જી.વલસાડ**

**જન્મ-મરણ અધિનિયમ - ૧૯૬૯ની કલમ-૧૩ (૧૩) અન્વયે મરણની નોંધ કરાવવા માટેનો હુકમ મેળવવા માટેની અરજી અન્વયે નોટીસ**

આથી લાગતા વળગતા ઈસમોને જણાવવાનું કે, અરજદારે જન્મ-મરણ અધિનિયમ હેઠળ અરજી કરેલ છે કે, અરજદારશ્રી **આહિર છીબુભાઈ ખાલપાભાઈ** રહે. ૨૭૦૬, આહિરવાડ ફળિયા, વાપી તા.વાપી, જી.વલસાડનાઓએ તેમના પત્ની **સ્વ. લલિતાબેન છીબુભાઈ આહિરનું** મરણ તા.૩૦/૧૦/૧૯૯૭ના રોજ મોજે ડુંગરા, વાપી તા.વાપી ખાતે થયેલ છે. તેમના મરણની નોંધણી જે તે સમયે કાયદાથી અજાણ હોય ભુલ અને શરતચુકથી કરવાની રહી ગયેલ છે. જેથી અત્રેની કોર્ટમાં અરજી દાખલ કરેલ છે. સદર મરણની નોંધણી બાબતે કોઈને વાંધો યા તકરાર હોય તો પોતે અથવા પોતાના વકીલ મારફત સદરહુ જાહેરાત પ્રસિધ્ધ થયાની તારીખથી ૩૦ દિવસની અંદર એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ અને મામલતદાર, વાપી (શહેર), તા. વાપીની કચેરીએ વાંધા રજુ કરવાના રહેશે. જેની તમામ લાગતા વળગતા ઈસમોએ નોંધ લેવી.

આજ રોજ તા.૧૪/૦૫/૨૦૨૫ ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરીને આપ્યો.

કોર્ટનો સિક્કો

સહિ/-
એક્ઝિક્યુટીવ મેજીસ્ટ્રેટ
વાપી (શહેર)

નં.એમએજી/જન્મ-મરણ/રજી૩૪/વશી૬૬૪/૨૦૨૫
એક્ઝીક્યુટિવ મેજીસ્ટ્રેટ અને મામલતદાર વાપી (શ)ની
કચેરી તાલુકા સેવા સદન, નેશનલ હાઈવે, બલિઠા,
તા.વાપી જી.વલસાડ


દમણગંગા ટાઇમ્સ

મુખ્ય કાર્યાલય

સામાજીક, શૈક્ષણિક, સાંસ્કૃતિક, સંસ્થાકિય, રાજકીય, વહીવટ વગેરેને લગતી પ્રેસનોટ અને તસ્વીરો નીચેના સરનામે મોકલાવો

દમણગંગા ટાઇમ્સ : ને.હા.નં.૮, આશાધામ સ્કૂલ પાછળ, વાપી.
ફોનઃ ૦૨૬૦- ૨૪૦૧૨૩૫, વોટસએપ નં. ૯૮૨૫૧ ૨૨૫૦૫
ઈમેલ- editor.dgt@gmail.com


---

### પ્રાંત અધિકારી અને સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટની કચેરી, ચીખલી

તાલુકા સેવા સદન, બીજો માળ, ચીખલી ફો.નં.૦૨૬૩૪-૨૩૩૫૪૪
ઈ-મેઈલ - pochikhli2011@gmail.com

નં.એમએજી/જ.મ.પ્ર./રજી.નં.૫૧૪/૨૦૨૪
સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટ ચીખલી કચેરી
તાલુકા સેવા સદન, બીજો માળ, ચીખલી
જી.નવસારી, તા.૧૯/૦૪/૨૦૨૫

**વાદી : શ્રી નટુભાઈ બાબરભાઈ પટેલ**
રહે. પાટી, નવીનગરી, ટેકરા ફળિયા, તા. ગણદેવી, જી.નવસારી

વિરુધ્ધ

**સામાવાળા : તલાટી કમ મંત્રીશ્રી, પાટી, તા.ગણદેવી જીલ્લો નવસારી**

**જન્મ-મરણ અધિનિયમ - ૧૯૬૯ની કલમ -૧૩ (૩) અન્વયે જન્મ/મરણની નોંધ કરાવવા માટેનો હુકમ મેળવવા માટેની અરજી અન્વયે નોટીસ**

આથી લાગતા વળગતા ઈસમોને જણાવવાનું કે, વાદીએ જન્મ-મરણ અધિનિયમ હેઠળ અરજી કરેલ છે કે, અરજદારશ્રી **નટુભાઈ બાબરભાઈ પટેલ**, રહે. પાટી, નવીનગરી, ટેકરા ફળિયા તા.ગણદેવી જી.નવસારીનાઓએ તેઓનો માતાશ્રી સ્વ. લલીબેન બાબરભાઈ પટેલનું મરણ તા.૨૪/૦૪/૧૯૯૩ના રોજ મોજે. પાટી, તા. ગણદેવી જી.નવસારી ખાતે થયેલ અને તેમના મરણની નોંધણી જે તે વખતે કાયદાથી અજાણ હોઈ ભૂલ અને શરતચુકથી કરાવવાની રહી ગયેલી છે. જેથી અત્રેની કોર્ટમાં અરજ દાખલ કરેલ છે. સદર મરણની નોંધણી બાબતે કોઈને વાંધો યા તકરાર હોય તો પોતે અથવા વકીલ મારફત સદરહુ જાહેરાત પ્રસિધ્ધિની તારીખથી ૩૦ દિવસની અંદર સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટ અને પ્રાંત અધિકારી ચીખલી, પ્રાંત કચેરી ચીખલી, જી.નવસારીની કચેરીએ વાંધા રજુ કરવાના રહેશે. જેની લાગતા વળગતા ઈસમોએ નોંધ લેવી.

કોર્ટનો સિક્કો

સહિ/-
(મિતેશ પટેલ)
સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટ
ચીખલી

---

### જાહેર નોટીસ

**આઈ.એમ. સૈયદ એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ, સુબીર જી.ડાંગની કોર્ટમાં**

જન્મ-મરણ/કેસ રજી.નં.૧૪/૨૦૨૫
તા.૧૩/૦૫/૨૦૨૫

**અરજદાર :** પ્રભુભાઈ મગનભાઈ રાઠોડ, રહે. ઢોંગીઆંબા, તા.સુબીર, જી.ડાંગ

વિરુધ્ધ

**સામાવાળા : જન્મ-મરણ રજીસ્ટ્રાર અને તલાટી કમ મંત્રીશ્રી,
મહાલ ગૃપ ગ્રામ પંચાયત,
તા.સુબીર જી.ડાંગ**

**જન્મ-મરણ અધિનિયમ - ૧૯૬૯ની કલમ ૧૩(૩) અન્વયે જન્મની નોંધ કરાવવા માટેનો હુકમ મેળવવા માટેની અરજી અન્વયે નોટીસ**

આથી જાહેર જનતાને જાહેર નોટીસ આપી જણાવવામાં આવે છે કે, ઉપરોક્ત નંબરના કેસમાં અરજદારશ્રી **પ્રભુભાઈ મગનભાઈ રાઠોડ**, રહે. ઢોંગીઆંબા, તા.સુબીર, જી. ડાંગનાઓએ તેમની પુત્રી **નામે સેજલબેન પ્રભુભાઈ રાઠોડની** જન્મ તારીખ ૦૪/૧૧/૨૦૧૭ના રોજ રહે. ઢોંગીઆંબા, તા. સુબીર, જી. ડાંગ ખાતે થયેલ હોવાનો એકરાર કરેલ છે.

પરંતુ તેમના જન્મની નોંધ શરતચૂકથી તલાટી કમ મંત્રીશ્રી, ગ્રામ પંચાયત મહાલના રેકર્ડ દફતરે કરવાની રહી ગયેલ છે. તે અંગેની નોંધ કરાવવા માટે તલાટી કમ મંત્રીશ્રી, ગ્રામ પંચાયત મહાલને હુકમ કરવા ઉપરોક્ત કેસમાં અરજ ગુજારેલ છે. સદરહું અરજી સામે કોઈને વાંધો હોય તો આ નોટીસ પ્રસિધ્ધ થયેથી દિન-૩૦ (ત્રીસ)માં અત્રેની કોર્ટમાં અથવા ગ્રામ પંચાયત કચેરી મહાલ ખાતે લેખિતમાં વાંધાઓ રજુ કરવા. જો તેમ કરવામાં નહીં આવશે તો નામદાર કોર્ટ કાયદેસરનો યોગ્ય હુકમ કરશે.

આજ તા.૧૩/૦૫/૨૦૨૫ ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરીને આપ્યો.

કોર્ટનો સિક્કો

સહિ/-
(આઈ.એમ. સૈયદ)
એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ અને
મામલતદાર સુબીર જી.ડાંગ

---

torrent POWER DNHDD

### વીજ પૂરવઠો બંધ રહેવા અંગેની નોટીસ

ગ્રાહકોને ગુણવત્તાસભર વીજપૂરવઠો સતત મળતો રહે તે માટે દાદરા નગર હવેલી અને દમન દીવ પાવર કોર્પોરેશન લિમિટેડ (ટ્રાન્સમિશન) નેટવર્ક મેન્ટેનન્સનું આયોજન કરેલ છે, એવું અમને જણાવવામાં આવેલ છે. નીચે દર્શાવેલ, સબસ્ટેશન સામે દર્શાવેલ, વિસ્તારોમાંથી વીજપૂરવઠો મેળવતા ગ્રાહકોનો સવારના ૯:૦૦ થી સાંજના ૬:૦૦ કલાક દરમ્યાન વીજપૂરવઠો બંધ રહેશે. અનુસુચિત સમય પહેલા વીજપૂરવઠો કાર્યરત્ત કરવા માટે શ્રેષ્ઠ પ્રયાસ કરવામાં આવશે.

| તારીખ અને વાર | સબસ્ટેશન | વિસ્તાર |
|---|---|---|
| ૧૯/૦૫/૨૦૨૫ સોમવાર | ખાનવેલ | બિન્દ્રાબીન, ખાનવેલ ડુંગરીપાડા, ખાનવેલ ખોરીપાડા, ખાનવેલ મણિપાડા, ચૌડા, ખુટલી કાઠીયાપાડા, ખુટલી સ્કૂલપાડા, તલાવલી, ઉમરવર્ણી, ખુટલી વાગનપાડા, રૂડાના, શેલ્ટી, મંડોની ખેડપા, મંડોની બેડાપા, સિડોની, બેસડા, ચીસડા, ખેરારબારી, ઉપલામેધા, વાઘચૌડા, આંબાબારી, કરચૌડ, વાસદા, ધુધણી, ઘોડબારી, ગુંસા, બિલધારી, કૌંચા. **ખાનવેલ સબસ્ટેશનના બધા એક્સપ્રેસ ફીડર અને ૬૬ કેવી ગ્રાહકો.** |
| ૨૩/૦૫/૨૦૨૫ શુક્રવાર | દાદરા ૬૬ કેવી દાદરા એસએસ ૨૦ એમવીએ ટીઆર- ૨ ૬૬ કેવી ફિલેટેક્સ ઈન્ડસ્ટ્રીઝ | સુરત ગલી, હની ઈન્ડિયા વિસ્તાર, ભૂમિ યાર્ન વિસ્તાર, લતા ઈન્ડસ્ટ્રીઝ વિસ્તાર, દોશી આઈ.ઈ., અંકુર આઈ.ઈ., ગોલ્ડ જ્યોતિ, સંદીપ એક્સપ્રેસ ફીડર, રેપિયર, ઈગલ, ૬૬ કેવી ફિલેટેક્સ ઈન્ડસ્ટ્રીઝ |
| | વાઘધરા | વાઘધરા ગામ, તિઘરા ગામ, બાવીસા ફળિયા, દાદરા રિસોર્ટ વિસ્તાર, લેક વ્યૂ હોટેલ વિસ્તાર, ચેક પોસ્ટ વિસ્તાર, એસએચ લગેજ, ડુગ્ગર ઈન્ડ, શ્રીનાથ ઈન્ડ, સ્પાન આઈ.ઈ., ઝીરો ટેક્સ, કોંગી ફળિયા, એસ એન્ડ એસ પેકેજિંગ, સુમિલોન ઈન્ડ, નાગરિકા ગલી, દાદરા ગાર્ડન, સર્વોત્તમ ઈન્ડ. **વાઘધરા સબસ્ટેશનના બધા એક્સપ્રેસ ફીડર** |

**અસુવિધા બદલ દિલગીર છીએ.**

દાદરા અને નગર હવેલી અને દમણ અને દીવ પાવર ડિસ્ટ્રીબ્યુશન કોર્પોરેશન લિમિટેડ દ્વારા વરિષ્ઠ તથા દિવ્યાંગ નાગરિકો માટે નીચે મુજબની વિવિધ વીજ સેવાઓ ઘર આંગણે કોલ કરીને મેળવી શકાશે.

● વીજબીલમાં નામબદલી ● વીજજોડાણનાં સ્થળમાં ફેરફાર
● વીજભારમાં સુધારો ● નવા વીજજોડાણની અરજી ● વીજબીલની ચુકવણી

આપની સેવા માં હરહંમેશ હાજર
24/7 Helpline 9099991912, 18002339500, 19126, 18002705551
connect.torrentpower.com
connect.dnhdd@torrentpower.com




દમણગંગા ટાઈમ્સ

સામાજીક, શૈક્ષણિક, સાંસ્કૃતિક, સંસ્થાકિય, રાજકીય, વહીવટ વગેરેને લગતી પ્રેસનોટ અને તસ્વીરો નીચેના સરનામે મોકલાવો

મુખ્ય કાર્યાલય

દમણગંગા ટાઈમ્સ : ને.હા.નં.૮, આશાધામ સ્કૂલ પાછળ, વાપી.
ફોનઃ ૦૨૬૦- ૨૪૦૧૨૩૫, વોટસએપ નં. ૯૮૨૫૧ ૨૨૫૦૫
ઈમેલ- editor.dgt@gmail.com

Saturday 17, May 2025

# દમણગંગા ટાઈમ્સ





## મોગરાવાડીમાં પરવાનગી વગર મોબાઈલ ટાવરની કામગીરી પાલિકાએ અટકાવી





**(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)**

**વલસાડ તા ૧૬ :** વલસાડના મોગરાવાડી પોલીસ હેડ ક્વાટર રોડ પર દર્પણ સોસાયટી પાસે ખુલ્લા પ્લોટમાં મોબાઈલ ટાવર પાલિકા પાસે મંજૂરી નહીં લેતા સભ્યો અને સ્થાનિક લોકોએ કામગીરી અટકાવી દીધી હતી જોકે મોબાઈલ ટાવર નું બાંધકામ કરનારે ઓનલાઈન અરજી કરી હતી જોકે પાલિકાએ તેને પરવાનગી આપી ન હોવા હું જાણવા મળ્યું છે.

વલસાડ શહેરના મુગરાવાડી વિસ્તાર ના પોલીસ હેડ ક્વાર્ટર રોડ પર દર્પણ સોસાયટી સામે ખુલ્લી જગ્યામાં એક મોબાઈલ ટાવર બાંધકામનું કામ પુર જોશમાં ચાલી રહ્યું હતું જે અંગે વિસ્તારના સભ્યોએ તળપદે તપાસ કરતાં જાણવા મળ્યું કે મોબાઈલ ટાવરની કામગીરી અંગે ઓનલાઈન અરજી કરવામાં આવી હતી પરંતુ નગરપાલિકા માં આ મોબાઈલ ટાવર ના બાંધકામ અંગે કોઈપણ જાતની પરવાનગી લેવામાં નહીં આવતા પાલિકાના સભ્યો અને સ્થાનિક લોકોએ મોબાઈલ ટાવર નાખવાની કામગીરી બંધ કરવામાં આવી હતી.

## વાપી નામધાના મુખ્ય માર્ગ પર પાઈપ તુટતા લોકોને હાલાકી

**(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)**

**વાપી, તા. ૧૬ :** વાપી નામધા મુખ્ય માર્ગ પર તત્કાલીન ગામ પંચાયત દ્વારા વરસાદી પાણી ના નિકાલ માટે નાખવામાં આવેલ સિમેન્ટ કોંક્રેટ નો પાઈપ તૂટી જતા રાહદારીઓ તેમજ વાહન ચાલકો માટે જોખમી બન્યો અને આ પાઈપ માંથી વહેતું પાણી બંધ કરવામાં આવતા અહીં ગંદુ પાણી નો સંગ્રહ થવાને કારણે રોગચાળો ફાટી નીકળવાની સંભાવના દેખાઈ રહી છે જે અંગે તાત્કાલિક વાપી મહાનગરપાલિકાના આરોગ્ય વિભાગ અને બાંધકામ વિભાગની ટીમ દ્વારા કાર્યવાહી કરવાની જરૂર છે.



આધારભૂત સૂત્રો દ્વારા મળતી માહિતી મુજબ વાપી અને નામધા મુખ્ય માર્ગ એટલે હાલમાં રેલવે ઓવરબ્રિજ બનાવવાની કામગીરીને લઈ લગભગ ૯૦ ટકાથી વધુ વહાનો વાપી નેશનલ હાઈવે નંબર ૪૮ ઉપર આવેલ યુપીએલ બ્રિજ થી રેલવે બ્રિજ નીચેથી નામધા ચંડોર થઈ વાપી અને સંઘપ્રદેશ દમણ તથા કચીગામ ડાભેલ અને ભીમપોર થી કોસ્ટલ હાઈવે થઈ વહાનો જતા હોય છે ત્યારે હાલમાં ગ્રામ પંચાયત દ્વારા વર્ષો પહેલા વરસાદી પાણીના નિકાલ માટે સિમેન્ટ કોંક્રિતના નાડા નાખી નિકાલ કરવામાં આવી રહ્યો હતો પરંતુ હાલમાં જ આ રસ્તાની બાજુમાં આવેલી જમીન કોઈક બિલ્ડરે વેચાણ લઈ તેમાં મોટો પ્રોજેક્ટ કરવાનો હોય તેમણે સૌથી પહેલા તો વાપી જે ટાઈપથી નીકળતી ખનકી ને તેના મૂળ સ્વરૂપ માંથી માત્ર ત્રણથી ચાર ફૂટની કરી દઈ દબાણ કરી લેવાયું અને ત્યારબાદ આ જમીનની બાજુ માંથી પસાર થતાં મુખ્ય માર્ગ ની બાજુમાં પણ મોહરમ તથા માટી નાખી પુરાણ કરી દીધું છે તો હાલમાં આ મુખ્ય માર્ગ ઉપર રસ્તાનું નવીનીકરણની કામગીરી ચાલી રહી છે ત્યારે આ માર્ગ ઉપર થી રોડનું લેવલ હટાવી દેવામાં આવતા પાઈપલાઈન તૂટેલી હાલતમાં જોવા મળી રહી છે અને ગંદુ પાણી રસ્તા ઉપર આવી જવા પામ્યું છે સાથે રાત્રિ દરમિયાન કે દિવસ દરમિયાન અહીંથી પસાર થતાં રાહદારીઓ અને બાઈક મોપેડ તથા વાહન ચાલકો માટે પણ જોખમી બન્યું છે જે અંગે તાત્કાલિક વાપી મહાનગરપાલિકાના કમિશનર યોગેશ ચૌધરી તેમજ ડેપ્યુટી કમિશનર અને આ વિસ્તારનો હવાલો ધરાવતા આસ્થા સોલંકી દ્વારા તાત્કાલિક કાર્યવાહી કરી રસ્તાની બાજુમાં કરાયેલ દબાણ દૂર કરવામાં આવે તેવી માંગ સ્થાનિક લોકો પણ કરી રહ્યા છે.

## ખડકીમાં બોગસ પરવાનાથી ગેરકાયદે ઘેટા-બકરા લઈ જવાના કેસમાં ત્રણ વર્ષે ગુનો નોંધાયો

**(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)**

**વાપી, તા. ૧૬ :** પારડી ના ખડકી ગામેથી પસાર હતા હાઈવે ઉપરથી ગેરકાયદે ઘેટાં બકરા ભરીને જતી ટ્રકને ઝડપી પાડી પોલીસમાં સોંપાઈ હતી તે સમયે ટ્રક ના ચાલાકે પાટણ સિધ્ધપુર આરટીઓ વિભાગનું સટી રજૂ કરી ટ્રક તથા ઘેટા બકરા લઈ ગયો હતો જે અંગે હિંસા નિવારણ સંઘને શંકા જતા તે અંગે કોર્ટમાં ફરિયાદ કરતા તપાસ ક્રાઈમ બ્રાન્ચને ચોપાઈ હતી જે પાટણ આરટીઓ વિભાગનો કરવાનો બોગસ નીકળતા ત્રણ વર્ષ બાદ પારડી પોલીસમાં ટ્રક ચાલક વિરુદ્ધ અને ઘેટા બકરા ભરાવનાર તથા લેનાર સામે ગુનો દાખલ થયો છે.

આધારભૂત સૂત્રો દ્વારા મળતી માહિતી મુજબ વર્ષ ૨૦૨૨ના જુલાઈ મહિનામાં વલસાડથી વાપી તરફ આવી રહેલા વાપી હિંસા નિવારણ સંઘના રાજેશભાઈ હસ્તિમલભાઈ શાહ દ્વારા એક ટ્રક નંબર જીજે ૨૪ વી ૪૧૭૮ને રોકી તેમાં તપાસ કરતા ૧૨૪ જેટલા ઘેટા બકરા ભરેલા હતા જે અંગે પારડી પોલીસમાં ફરિયાદ કરતા પોલીસે તાત્કાલિક ટ્રક ચાલક રણજીત શિવાજીભાઈ ઠાકોરની અટકાયત કરી પૂછપરછ કરતા તેઓએ ટ્રક અને તેમાં ભરેલા ઘેટા બકરા અંગે પાટણ આરટીઓ વિભાગનું સટી રજૂ કરવામાં આવ્યું હતું જેને લઈ તત્કાલીન પોલીસ અધિકારી દ્વારા તેને જવા દેવામાં આવ્યો હતો જે અંગે વાપી હિંસા નિવારણ સંઘના પ્રમુખને શંકા જતા તેઓએ આ પાટણ આરટીઓ વિભાગની સટી અંગે પોલીસમાં તેમજ કોર્ટમાં રજૂ કરતા તે અંગેની તપાસ સીઆઈડી ક્રાઈમ બ્રાન્ચને સોંપવામાં આવી હતી જેમાં આ સટી બોગસ હોવાનું બહાર આવતા તારીખ ૧૪ ૫ ૨૦૨૫ ના રોજ પારડી પોલીસે જીજે ૨૪ વી ૪૧ ૭૮ ના ચાલક રણજીત શિવાજીભાઈ ઠાકોર રહે રસલપુર સિદ્ધપુર પાટણની વિરુદ્ધ ખોટો પડવાનો રજૂ કરવા અંગેનો ગુનો દાખલ કરી તપાસ હાથ ધરી છે.

## બીલીમોરામાં ટ્રેન અડફટે ડાંગના બે યુવાનોના મોત

**(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)**

**બીલીમોરા, તા. ૧૬ :** બીલીમોરા રેલવે સ્ટેશન ની દક્ષિણે દેસરા એલસી ફાટક નં.૧૦૭ નજીક ગુરુવાર રાત્રે ડાઉન લાઈન પરથી પસાર થતી બ્રાન્દ્રા ભુજ એક્સપ્રેસ ટ્રેનની અડફતે ડાંગ જિલ્લા ના બે યુવાનના અરેરાટીભર્યા મોત નિપજ્યા હતા.

બીલીમોરા રેલવે સ્ટેશન ની દક્ષિણે દેસરા રેલવે ફાટક નં. ૧૦૭ પાસેની ડાઉન લાઈન ઉપરથી ગુરુવાર રાત્રે ૯ કલાકે બાંદ્રા ભુજ એક્સપ્રેસ ટ્રેન ધસમસતી ગતિ એ પસાર થઈ રહી હતી. તે વેળા શ્રમજીવી ધર્મેશ સુકીરાવભાઈ પવાર (૧૬) રહે. ડોકપાતાળ વઘઈ, ડાંગ અને કમલેશ નાનુભાઈ વાઘમારે (૨૦) રહે. સાદડમાળ, વઘઈ, ડાંગ અડફેટે ચઢયા હતા. અને ઘટનાસ્થળે કમકમાટીભર્યા મોત નિપજ્યા હતા. બંને ના ચહેરા અને શરીર ઉપર થી ટ્રેન ના તોતિંગ પૈડાં ફરી જતા માસ ના લોચા વળી ગયા હતા. ઘટના વેળા તેમની સાથે પસાર થતા ત્રીજા સગીર મિત્ર નો ચમત્કારીક બચાવ થયો હતો. જેને પગલે મૃતકો ની ઓળખ સંભવ બની હતી. અત્રે ઉલ્લેખનીય છેકે તેઓ એક સપ્તાહ અગાઉ બીલીમોરા રોજીરોટી ના કામ અર્થે આવ્યા હતા. બીલીમોરા રેલવે આઉટ પોસ્ટ એ અકસ્માત મોત નોંધી વધુ તપાસ હાથ ધરી હતી.

## બીલીમોરાના ડમ્પિંગ સાઈટ પર અવારનવાર આગના બનાવ



**(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)**

**બીલીમોરા,તા.૧૬** બીલીમોરા ડમ્પિગ સાઈટ પર બીલીમોરા શહેર નો તમામ કચરો ઠાલવવામાં આવે છે.પરંતુ આ સાઈટ પર અનેકવાર રહસ્મય આગ લાગવાની ઘટનાઓ સામે આવી છે.કોઈ કારણસર ગુરુવારે વહેલી સવારે આગ ભભૂકી ઉઠતા આસપાસના વિસ્તારોમાં ધુમાડા અને પ્રદુષણ છવાયું હતું.આ ડમ્પિગ સાઈટમાં અવારનવાર લાગતી કે લગાવવામાં આવતી રહસ્મય આગના કારણે અંબિકા નદી ના પુલ પરથી અવરજવર કરતા વાહનચાલકો સહિત આસપાસ વિસ્તારના ના રહીશોને ભારે હાલાકી નો સામનો કરવો પડે છે.જેની સીધી અસર લોકોના સ્વાસ્થ્ય પર થઈ શકે છે.બીલીમોરા ફાયર બ્રિગેડની ટીમે ભારે જહેમત બાદ ૮-૯ કલાકે આગ ને કાબુમાં લીધી હતી.

## દમણમાં ડ્રાફ્ટ ટાઉન પ્લાનિંગ સ્કીમનો વિરોધ

## દમણમાં ફરી ડિમોલીશનના દોરની શક્યતા દર્શાવતા સાંસદ ઉમેશ પટેલ



**(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)**

**દમણ, તા.૧૬ :** દમણ-દીવના સાંસદ ઉમેશ પટેલે પ્રસ્તાવિત ટાઉન પ્લાનિંગ યોજનાનો સખત વિરોધ કર્યો છે. તેમણે કહ્યું કે આ યોજનાના અમલીકરણથી દમણના ઘણા સ્થાનિક નાગરિકો પ્રભાવિત થશે અને ઘણા ઘરોને ફરીથી તોડી પાડવા પડી શકે છે.

સાંસદ ઉમેશ પટેલે વહીવટીતંત્ર સમક્ષ આ યોજના સંબંધિત ઘણી ગંભીર માહિતી શેર કરી અને કહ્યું કે યોજનામાં પારદર્શિતાનો અભાવ છે. તેમના મતે, આ યોજનાને જન-તિનિધિઓની સંમતિ વિના અને સ્થાનિક નાગરિકોના વાંધાઓ નોંધ્યા વિના આગળ ધપાવવામાં આવી રહી છે, જે ૨૦૧૮ ની કેન્દ્ર સરકારની માર્ગદર્શિકાની વિરુદ્ધ છે.

તેમણે સ્પષ્ટતા કરી કે વિકાસના નામે ઘણા લોકોએ પોતાની જમીન અને મકાનો ગુમાવી દીધા છે, અને હવે ફરી એકવાર આવી જ પરિસ્થિતિ વિકસી રહી છે. આ સંદર્ભમાં, તેમણે દમણના અન્ય ચૂંટાયેલા પ્રતિનિધિઓને પણ આ યોજનાનો વિરોધ કરવા અને જનતાના હિતોનું રક્ષણ કરવા અપીલ કરી છે.

ઉમેશ પટેલે કહ્યું, જો વહીવટ આ રીતે આગળ વધતો રહેશે, તો આ યોજના લોકોના જીવન પર સીધી અસર કરશે. આ ફક્ત વિકાસનો માર્ગ નથી, પરંતુ વિસ્થાપન અને અન્યાયનો માર્ગ છે.

હાલમાં, જોવાનું એ રહે છે કે આ વિરોધ પછી વહીવટીતંત્ર શું વલણ અપનાવે છે અને જનતાનો અવાજ સાંભળીને યોજનામાં કોઈ ફેરફાર કરવામાં આવે છે કે કેમ ?

## કાકડમતીની પાર નદીમાં આધેડનું ડૂબી જતા મોત

**(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)**

**વાપી, તા. ૧૬ :** વલસાડ તાલુકાના કાકડમતી થી પસાર થતી પાર નદીમાં નહવા પડેલા ૪૫ વર્ષના દીપકભાઈ આહીર ડૂબી જતા મોત વલસાડ તાલુકાના કાકડ મટી ગામના દીપકભાઈ કીકાભાઈ આહીર ઉંમર વર્ષ ૪૫ આજે પાર નદીમાં નહવા જતા ડૂબી જવાની ઘટના બની છે.

આ અંગેની જાણ વલસાડ રૂરલ પોલીસ અને પારડી તાલુકાના ચંદ્રપુરના તરવૈયાઓને કરવામાં આવતા તેઓ તાત્કાલિક ઘટના સ્થળે બચાવ સામગ્રી સાથે પહોંચ્યા હતા. ચંદ્રપુરના તરવૈયા રાજુભાઈ માંગેલા અને જીગ્નેશ માંગેલા તેમની તરવૈયાઓની ટીમ સાથે પહોંચી પાર નદીમાં ડૂબી ગયેલા દિપક ભાઈ કીકાભાઈ આહીરની બચાવ કામગીરી હાથ ધરી હતી. તેમણે ભારે જહેમત બાદ દીપકભાઈની લાશ ને પાણીમાંથી શોધી કાઢી હતી અને પોલીસે તેનો કબજો લઈ અકસ્માત ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

## સેલવાસમાં આરોગ્ય વિભાગ દ્વારા ડેન્ગ્યુ ડે ઉજવણી કરાઈ



**(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)**

**સેલવાસ, તા.૧૬ :** ડેન્ગ્યુ જેવી મચ્છરજન્ય બીમારી અંગે લોકોમાં જાગૃતિ ફેલાવવા માટે સોમવારે આરોગ્ય વિભાગ દ્વારા ડેન્ગ્યુ ડેની ઉજવણી કરાઈ હતી. કાર્યક્રમ દરમિયાન વિવિધ સ્થળોએ અવેરનેસ રેલી, પેમ્પલેટ વિતરણ તથા જનજાગૃતિ પ્રવૃત્તિઓ યોજાઈ હતી.

આ સમયે આરોગ્ય વિભાગના અધિકારીઓએ જણાવ્યું હતું કે ડેન્ગ્યુ એક ગંભીર રોગ છે જે એડિસ મચ્છર દ્વારા ફેલાય છે. આ મચ્છર મુખ્યત્વે દિવસના સમયે અને ખાસ કરીને સવારે અને સાંજના સમયે લોકોને કાટે છે. તે ઓછી ઊંડાઈ ધરાવતા પાણીના સ્થિર સ્રોતોમાં ઉંચેરો થાય છે જેમ કે કૂલર, પાણીના ડ્રમ, ફૂલોના કૂંડા વગેરે.


લોકોને સંદેશ આપવામાં આવ્યો હતો કે તેઓ ઘરના આસપાસ પાણી ભેગું થવામાં અવરોધ કરે, દર શુક્રવારે ડ્રાય ડે તરીકે મનાવે અને મચ્છરો ન ફેલાય એ માટે જરૂરી પગલાં ભરે. સ્વાસ્થ્ય વિભાગે ખાસ કરીને બાળક, વૃદ્ધ અને ગર્ભવતી સ્ત્રીઓ માટે વધુ કાળજી રાખવાની સલાહ આપી છે.

ડેગ્યુના લક્ષણોમાં તાવ, માથાનો દુ:ખાવો, આંખોની પાછળ દુ:ખાવો, સાંધા તથા શરીરમાં દુ:ખાવો જેવી બાબતો હોય છે. આવા લક્ષણો જણાય તો તરત નજીકના આરોગ્ય કેન્દ્ર પર તપાસ કરાવવી જરૂરી હોવાનું વિભાગે જણાવ્યું હતું.

આ અવસરે આરોગ્ય અધિકારીઓ ઉપરાંત સ્થાનિક નાગરિકો, શાળાના વિદ્યાર્થીઓ અને સમાજસેવી સંગઠનોનો પણ ઉમદા સહકાર મળ્યો હતો. આરોગ્ય વિભાગ દ્વારા સતત ફોગિંગ, સર્ફેસ વિઝિટ અને રોગચાળો અટકાવવાના પ્રયાસો કરવામાં આવી રહ્યા છે.

## આમધા ગામની પ્રસૂતાને ૧૦૮ની ટીમે સફળ ડિલેવરી કરાવી

**વલસાડ, તા. ૧૬ :** નાનાપોઢા નજીક ના અમધા ગામની પ્રસૂતા બેન ઊર્મિલા સૂક્કર વળવી ને બીજી વખત ની પ્રસૂતિની પીડા ઉપડી હતી ૧૦૮ કપરાડા નો કેસ ની જાણ થતા તેઓ ટીમ સાથે ઘટના સ્થળે પોહચી દર્દી ને એમ્બ્યુલન્સ માં લઈ તપાસ કરતા એમ ની આગળ ની પ્રસૂતા માં સિઝર કરેલું જણાવ્યું બેન ને અસહ્ય દુ:ખાવો ઉપાડતા પ્રસુતિ થવાની હોય અને બાળકમાં પગો બહાર દેખાતા નાનાપોંઢા સીએચસીમાં લઈ જઈ ત્યાં ના ડૉ. ત્રાજાની અને ડૉ. વિરલ એ તપાસ ચાલુ કરી ૧૦૮ એમ્બ્યુલન્સ ને અટકાવી હતી બાળક નો બીજો પગ ગર્ભ ની બહાર દેખાયો હવે ત્યાંના ડૉ. સ્ટાફ પૂર્વ ત્યારી સાથે કંડીશન ક્રિટીકલ હોય અને ગમે જે સંજોગ માં ડિલિવરી કરાવી પડશે. ૪૦ મિનિટ ના મહા મહેનતે બાળક નો જન્મ થયો પરંતુ બાળક ની હાલત ગંભીર હોવાથી ઓક્સિજન ચાલુ કર્યું પરંતુ બાળક રડ્યું નહીં અને બાળક ન ધબકારા પણ બંધ જણાતા તાત્કાલિક એમ.ટી.. છોટુ ચૌધરી હેલ્પ કરવા લાગ્યો અને દ ભ ૨ આપવા નું ચાલુ કર્યું ત્યાંના ઓન ડ્યુટી ડૉ વિરલ અને સિનિયર સિસ્ટર નીલિમા અને બાળક ને ઈન્ટુ betion કરવા સ્પેશિયલ હેલ્પ કરનાર pediatrician dr Twinkle એ પણ મહેનત કરી હતી અને જરૂરી ઈન્જેક્શન બાળક ને બચાવવા માટે આપ્યા હતા. બાળક ને ૧૦૮ ની અંદર ખસેડી બાળક ને છતાં છાતી ના દબાણ અને Ambu બેગ દ્વારા શ્વાસ આપતા આપતા હોસ્પિટલ સુધી બાળક ને પહોંચાડ્યા હતા ૧૦૮ ના પાયલોટ રાહુલ પટેલ દ્વારા સમય સૂચકતા વાપરી કાળજી પૂર્વક એમ્બ્યુલન્સ ને હંકારી બાળક નો જીવ બચાવ્યો હતો.





દમણગંગા ટાઈમ્સ ઈ-પેપર ડાઉનલોન કરવા માટે
વેબસાઈટની મુલાકાત લો
www.damangangatimes.com



**OWNER :** Sheetal Publication, **PRINTER AND PUBLISHER : Mrs. Manjulaben N. Ukani**, **Printed at** Sheetal Publication, Plot No. 2505, 3rd Phase, GIDC, VAPI. - 396195 & **Published at** Sheetal Publication, 1st Floor, Shiv Krupa, B/h. Ashadham High School, N.H.8, Vapi, Dist.: Valsad, Pin - 396 191, **Editor : Mrs. Manjulaben N. Ukani**